# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ (કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ મો.નુરભાઈ દાઉદભાઈ વેપારી (ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- મો.હલીમબેન નુરભાઈ વેપારી
રૂા.૧૦૦/- મો.ગુલામમોહંમદ જમાલભાઈ મસી
રૂા.૧૦૦/- મો.અલીરઝા નુરભાઈ વેપારી
રૂા.૫૦/- મો.ઝોહરાબાનુ અલીરઝા વેપારી
રૂા.૫૦/- મો.હસનઅબ્બાસ અલીરઝા વેપારી
રૂા.૨૫/- મો.શાકેરાબાનુ અલીરઝા વેપારી
રૂા.૧૦૦/- મો.ગુલામઅબ્બાસ નુરભાઈ વેપારી
રૂા.૫૦/- મો.સુગરાબેન ગુલામઅબ્બાસ વેપારી
રૂા.૫૦/- મો.સલમાબેન ગુલામઅબ્બાસ વેપારી
રૂા.૧૦૦/- મો.મહેંદીઅલી નુરભાઈ વેપારી
રૂા.૫૦/- મો.મહેમૂદાબેન મહેંદીઅલી વેપારી
રૂા.૫૦/- મો.અલુબેન કાસમભાઈ ગોદડ
રૂા.૨૫/- મો.અમીનાબેન દાઉદભાઈ વેપારી
રૂા.૧૦૦/- મો.ઈસ્માઈલભાઈ દાઉદભાઈ વેપારી
રૂા.૧૦૦/- મો.મહેંદીહુસૈન દાઉદભાઈ વેપારી
રૂા.૫૦/- મો.ઝાહિદઅબ્બાસ ગુલામહુસૈન વેપારી
રૂા.૫૦/- મો.આબિદહુસૈન ગુલામહુસૈન વેપારી
રૂા.૫૦/- મો.નજરમોહંમદ ગુલામહુસૈન વેપારી
રૂા.૫૦/- મો.નુરમોહંમદ નશીરભાઈ દાંત્રેલિયા
રૂા.૫૦/- મો.અહેસાનઅલી ઈસ્માઈલભાઈ દાંત્રેલિયા
રૂા.૫૦/- મો.નજરમોહંમદ ગુલામહુસૈન દાંત્રેલિયા
રૂા.૫૦/- મો.હાસમભાઈ ગુલામભાઈ મોટલા

**રૂા.૧૭૮૬/- મો.મર્હૂમા ઝહેરાબેન ઈમદાદઅલી બટ્ટી(બાદરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

**મર્હૂમા મો.અમીનાબેન હબીબભાઈ દાસદીયા (ગની) (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૨૫૧/- મો.અકબરઅલી હબીબભાઈ દાસદીયા(ગની)
રૂા.૨૫૧/- મો.ઝહેરાબેન અકબરઅલી દાસદીયા(ગની)
રૂા.૧૦૧/- મો.ફિજ્યાબેન અકબરઅલી દાસદીયા(ગની)
રૂા.૧૦૧/- મો.મેઅરાજફાતેમા અકબરઅલી દાસદીયા(ગની)
રૂા.૧૦૧/- મો.મહંમદઅલી અકબરઅલી દાસદીયા(ગની)
રૂા.૧૦૧/- મો.નુરીબેન વલીભાઈ દાસદીયા
રૂા.૫૧/- મો.હસનઅલી વલીભાઈ દાસદીયા
રૂા.૫૧/- મો.હુસૈનાબેન હસનઅલી દાસદીયા
રૂા.૨૧/- મો.સકીનાફાતમા હસનઅલી દાસદીયા
રૂા.૨૧/- મો.અકબરહુસૈન હસનઅલી દાસદીયા
રૂા.૫૧/- મો.જાફરઅલી વલીભાઈ દાસદીયા
રૂા.૫૧/- મો.આબેદાબેન જાફરઅલી દાસદીયા
રૂા.૨૧/- મો.નુસરતફાતમા જાફરઅલી દાસદીયા
રૂા.૨૧/- મો.સલમાનઅલી જાફરઅલી દાસદીયા
રૂા.૫૧/- મો.મુસ્તાકઅલી વલીભાઈ દાસદીયા
રૂા.૫૧/- મો.આબેદાબેન મુસ્તાકઅલી દાસદીયા
રૂા.૨૧/- મો.ઉઝમાફાતમા મુસ્તાકઅલી દાસદીયા
રૂા.૨૧/- મો.હલીમાફાતમા મુસ્તાકઅલી દાસદીયા
રૂા.૫૧/- મો.ઝયનબબેન કમાલભાઈ દાસદીયા
રૂા.૨૧/- મો.મહેંદીઅલી કમાલભાઈ દાસદીયા
રૂા.૨૧/- મો.સાજેદાબેન મહેંદીઅલી દાસદીયા
રૂા.૧૦૧/- મો.ઈસ્માઈલભાઈ રસુલભાઈ દાસદીયા
રૂા.૧૦૧/- મો.હલીબેન ઈસ્માઈલભાઈ દાસદીયા
રૂા.૫૧/- મો.શબ્બીરઅલી ઈસ્માઈલભાઈ દાસદીયા
રૂા.૫૧/- મો.ઝહેરાબેન શબ્બીરઅલી દાસદીયા
રૂા.૨૧/- મો.મહેંદીહસન શબ્બીરઅલી દાસદીયા
રૂા.૨૧/- મો.સાજેદાબેન શબ્બીરઅલી દાસદીયા
રૂા.૫૧/- મો.આબિદઅલી ઈસ્માઈલભાઈ દાસદીયા
રૂા.૫૧/- મો.આબેદાબેન આબિદઅલી દાસદીયા
રૂા.૫૧/- મો.યુસુફભાઈ રસુલભાઈ દાસદીયા(ગની)
રૂા.૫૧/- મો.ઝયનબબેન યુસુફભાઈ દાસદીયા(ગની)
રૂા.૧૦૧/- મો.ગુલામહુસૈન રસુલભાઈ દાસદીયા(ગની)
રૂા.૧૦૧/- મો.ફાતેમાબેન ગુલામહુસૈન દાસદીયા(ગની)

રૂા.૫૧/- મો.એહમદઅબ્બાસ ગુલામહુસૈન દાસદીયા
રૂા.૫૧/- મો.હૈદરઅલી ગુલામહુસૈન દાસદીયા
રૂા.૨૧/- મો.ઈબ્રાહીમભાઈ અલાદભાઈ દાસદીયા
રૂા.૫૧/- મો.મહંમદઅલી અલાદભાઈ દાસદીયા
રૂા.૫૧/- મો.સુગરાબેન મહંમદઅલી દાસદીયા
રૂા.૧૦૧/- મો.વારિસઅલી મહંમદઅલી દાસદીયા
રૂા.૧૦૧/- મો.સાકેરાબેન વારિસઅલી દાસદીયા
રૂા.૨૧/- મો.અખ્લાકએહમદ મહંમદઅલી દાસદીયા
રૂા.૫૧/- મો.હલીબેન જમાલભાઈ દાસદીયા
રૂા.૨૫/- મો.મહંમદઅલી જમાલભાઈ દાસદીયા
રૂા.૨૫/- મો.આબેદાબેન મહંમદઅલી દાસદીયા
રૂા.૧૦૧/- મો.અવલીબેન રહીમભાઈ તાજા
રૂા.૧૦૧/- મો.અકબરઅલી હબીબભાઈ ઉમતીયા
રૂા.૧૦૧/- મો.સકીનાબેન અકબરઅલી ઉમતીયા
રૂા.૫૧/- મો.અહેસાનઅલી અકબરઅલી ઉમતીયા
રૂા.૫૧/- મો.આબિદઅલી અકબરઅલી ઉમતીયા
રૂા.૫૧/- મો.અસ્મતફાતેમા અહેસાનઅલી ઉમતીયા
રૂા.૧૦૧/- મો.મહંમદઅલી સાવદીભાઈ ગધેડીયા
રૂા.૧૦૧/- મો.ફાતમાબેન મહંદઅલી ગધેડીયા
રૂા.૫૧/- મો.શબ્બીરઅલી મહંમદઅલી ગધેડીયા
રૂા.૫૧/- મો.આબિદઅલી મહંમદઅલી ગધેડીયા
રૂા.૫૧/- મો.સાજેદાબેન શબ્બીરઅલી ગધેડીયા
રૂા.૧૦૧/- મો.શબ્બીરઅલી ગુલામહુસૈન ભગત
રૂા.૧૦૧/- મો.આબેદાબેન શબ્બીરઅલી ભગત
રૂા.૨૧/- મો.સકીનાફાતમા શબ્બીરઅલી ભગત
રૂા.૨૧/- મો.સુગરાફાતમા શબ્બીરઅલી ભગત
રૂા.૨૧/- મો.ઝીનતફાતેમા શબ્બીરઅલી ભગત
રૂા.૨૧/- મો.મુસ્તાકઅલી શબ્બીરઅલી ભગત
રૂા.૧૦૧/- મો.અફઝલઅલી વલીભાઈ ભગત
રૂા.૧૦૧/- મો.તાહેરાબેન અફઝલઅલી ભગત
રૂા.૨૧/- મો.સાજેદાફાતમા અફઝલઅલી ભગત
રૂા.૨૧/- મો.મહેંદીહસન અફઝલઅલી ભગત
રૂા.૧૦૧/- મો.મરીયમબેન ગુલામહુસૈન શેરસીયા
રૂા.૧૦૧/- મો.અવલીબેન હબીબભાઈ વ્હોરા
રૂા.૫૧/- મો.હાજરાબેન મહંમદઅલી વ્હોરા

**મો.મર્હૂમ સુલેમાનભાઈ શરીફભાઈ સુણસરા(મેતા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- મો.ફાતેમાબેન સુલેમાનભાઈ સુણસરા
રૂા.૧૦૦/- મો.શીરીનબેન શબ્બીરઅલી સુણસરા
રૂા.૫૦/- મો.આબિદહુસૈન શબ્બીરઅલી સુણસરા
રૂા.૫૦/- મો.સાકેરાબેન શબ્બીરઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો.ઝાકિરઅલી સુલેમાનભાઈ સુણસરા
રૂા.૫૦/- મો.ઝોહરાબેન ઝાકિરઅલી સુણસરા
રૂા.૨૫/- મો.સાજીદઅલી ઝાકિરઅલી સુણસરા
રૂા.૨૫/- મો.કનીઝફાતમા ઝાકિરઅલી સુણસરા
રૂા.૨૫/- મો.મકબુલફાતમા ઝાકિરઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો.હસનઅલી સુલેમાનભાઈ સુણસરા
રૂા.૫૦/- મો.ઝયનબબેન હસનઅલી સુણસરા
રૂા.૨૫/- મો.શબ્બીરઅલી હસનઅલી સુણસરા
રૂા.૨૫/- મો.શુજાઅતઅલી હસનઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો.સુગરાબેન હૈદરઅલી શેલીયા
રૂા.૧૦૦/- મો.તાહેરાબેન મોહંમદઅલી આંબલીયાસણા
રૂા.૧૦૦/- મો.રહીમભાઈ શરીફભાઈ સુણસરા
રૂા.૧૦૦/- મો.ઝોહરાબેન અલીજી સુણસરા
રૂા.૫૦/- મો.સાજેદાબેન હૈદરઅલી સુણસરા
રૂા.૫૦/- મો.મરૂબેન અલીજી માંકણોજીયા
રૂા.૫૦/- મો.જનુબેન શરીફભાઈ આંબલીયાસણા
રૂા.૧૦૦/- મો.ગુલામઅબ્બાસ અલીમદ સુણસરા

**મર્હૂમ મો.રસુલભાઈ હબીબભાઈ પટાવટ (હૈદરપુરા)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૦૧/- મો.રેમજીબેન રસુલભાઈ પટાવટ
રૂા.૧૦૧/- મો.અલ્તાફભાઈ રસુલભાઈ પટાવટ
રૂા.૧૦૧/- મો.ફાતમાબેન અલ્તાફભાઈ પટાવટ
રૂા.૫૧/- મો.આબેદાબેન અલ્તાફભાઈ પટાવટ
રૂા.૧૦૧/- મો.મહંમદસાદિક અલ્તાફભાઈ પટાવટ
રૂા.૫૧/- મો.સાજેદાબેન અલ્તાફભાઈ પટાવટ
રૂા.૧૦૧/- મો.નજમાબેન મંજુરહુસૈન સુણસરા
રૂા.૫૧/- મો.ફિજ્જાબેન ગુલામહુસૈન સુણસરા
રૂા.૨૫/- મો.અબ્બાસઅલી ગુલામહૈદર સુણસરા
રૂા.૨૫/- મો.અકબરઅલી ગુલામહૈદર સુણસરા
રૂા.૨૫/- મો.અઝમતફાતેમા નજરઅલી સુણસરા
રૂા.૨૫/- મો.મહેમૂદહુસૈન ગુલામહૈદર સુણસરા

રૂા.૫૧/- મો.ઝોહરાબેન અકબરભાઈ મજાદરીયા
રૂા.૨૫/- મો.તાહેરાબેન અકબરભાઈ મજાદરીયા
રૂા.૨૫/- મો.રહેમતફાતમા અકબરભાઈ મજાદરીયા
રૂા.૨૫/- મો.અઝમતફાતમા અકબરભાઈ મજાદરીયા
રૂા.૨૫/- મો.મહેરબાનઅલી અકબરભાઈ મજાદરીયા
રૂા.૫૧/- મો.સકીનાબેન ગુલામહૈદર સુણસરા
રૂા.૨૫/- મો.કનીઝફાતમા ગુલામહૈદર સુણસરા
રૂા.૨૫/- મો.કુરબાનહુસૈન ગુલામહૈદર સુણસરા
રૂા.૨૫/- મો.ફિજ્જાફાતેમા ગુલામહૈદર સુણસરા
રૂા.૫૧/- મો.તાહેરાબેન હાસમભાઈ સિધ્ધપુરા
રૂા.૨૫/- મો.હસનઅલી હાસમભાઈ સિધ્ધપુરા
રૂા.૨૫/- મો.મોહસિનઅલી હાસમભાઈ સિધ્ધપુરા
રૂા.૨૫/- મો.મકબુલફાતેમા હાસમભાઈ સિધ્ધપુરા

**રૂા.૫૦૦/- મો.ઈમરાનહૈદર ગુલામહૈદર બાલસાણીયા (જાફરીપુરા-મુંબઈ)તરફથી તેઓએ અમેરીકાની સાન ડીએગો સ્ટેટ યુનિવર્સિટી દ્વારા ઈલે.એન્જિ.ની પદવી મેળવી તેની ખુશાલી પ્રસંગે.**

રૂા.૧૦૦/- મો.ખાંનજીભાઈ મીરાંજીભાઈ દાવડા(કાટવાડ)ના મા-બાપની અરવાહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.માસૂમઅલી શરીફભાઈ સુણસરા(રસુલપુર-મે.)તરફથી તેમની દીકરી સાજેદાબાનુ એસ.એસ.સી.માં ૬૩.૭૯% ગુણ મેળવી ઉત્તીર્ણ થઈ તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.મહંમદભાઈ ઈસ્માઈલભાઈ શેરસીયા(ખૈરપુરા કંપા-દેશોત્તર)તરફથી તેમની પુત્રી કુલસુમબેન એચ.એસ.સી.માં ૮૨.૮૫% ગુણ મેળવી ઉત્તીર્ણ થઈ તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.રોશનઅલી ઈસ્માઈલભાઈ શેરસીયા(ખૈરપુરા કંપા-દેશોત્તર)તરફથી તેમના પુત્ર અનવરઅલી એસ.એસ.સી.માં ૮૧.૮૦% ગુણ મેળવી ઉત્તીર્ણ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.હસનભાઈ ઈસ્માઈલભાઈ શેરસીયા(ખૈરપુરા કંપા-દેશોત્તર)તરફથી તેમની પુત્રી મેઅરાજફાતેમા એસ.એસ.સી.માં ૭૦.૨૦% ગુણ મેળવી ઉત્તીર્ણ થઈ તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૫૦/- મો.ખાતુનબેન ગુલામહુસૈન વલુડા (મજાદર-મહેરપુરા)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા જનાબા સૈયદા ઈતરત ફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૨૧/- મો.ખાતુનબેન ગુલામહુસૈન વલુડા તથા તેમના પરિવારજનો(મજાદર-મહેરપુરા)તરફથી મુબીનઅલી અને રાહતફાતેમા ના જન્મની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૧/- મો.મર્હૂમ ગુલામહુસૈન નુરમોહંમદ વલુડા(મજાદર-મહેરપુરા)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી.

**<u>એસ.એસ.સી./એચ.એસ.સી.માં તેમજ અન્ય કક્ષામાં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે મળેલ ડોનેશન.</u>**

રૂા.૫૦/- મો.રહેમાનઅલી ખાદિમ ગુલામહુસૈન મોમિન(કઠોર) પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.
રૂા.૧૦૦/- પટેલ મેડીકલ સ્ટોર્સ(ખેડબ્રહ્મા)તરફથી તેમની દીકરી રૂકસાનાબાનુ પાસ થઈ તેની ખુશાલી પ્રસંગે.
રૂા.૫૦/- મો.સાજેદાબેન અફઝલઅલી ભગત (બાદરપુર) પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.
રૂા.૫૦/- મો.સુગરાઝેહરા ગુલામહુસૈન ઢેખાલીયા (બાદરપુર-સુરત) પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.
રૂા.૫૦/- મો.આબિદહુસૈન ગુલામહુસૈન ઢેખાલીયા (બાદરપુર-સુરત) પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.
રૂા.૫૦/- મો.સાકેરાબેન અકબરઅલી બટ્ટી (બાદરપુર) પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.
રૂા.૫૦/- મો.મહેરબાનહુસૈન ઝાકિરહુસૈન સેલીયા (મેતા-અમદાવાદ) પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.
રૂા.૧૦૦/- મો.જાફરઅલી ઈમદાદઅલી નાગલપુરા (બારોડીયા કંપા) પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.
રૂા.૫૦/- મો.મખદુમઅલી મતલુબઅલી સુરપુરા (સુરપુર) પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.
રૂા.૫૦/- મો.આબિદઅલી અકબરઅલી ભોવણીયા (ઈલોલ પહાડીયા) પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.
રૂા.૫૦/- મો.એહસાનઅલી તાલિબઅલી વિજાપુરા (કાટવાડ) પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.
રૂા.૧૦૦/- મો.એહમદઅબ્બાસ યુસુફઅલી કરડીયા પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.ઈરફાનહૈદર અકબરઅલી ખણુસીયા પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.કનીઝફાતેમા ઈમ્તિયાઝઅલી લોઢા (હરિપુરા-ગાંધીનગર) પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.મકબુલઅલી મતલુબઅલી સુરપુરા (સુરપુર) પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/-મો.મોસ્મીનબેન મોહંમદભાઈ મોરીયા (ચડોતર) પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.સુગરાબેન શબ્બીરહસન ખણુસીયા (સુરપુર) પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.વારિસઅલી ઐયુબભાઈ મરેડીયા (ઈસ્લામપુરા) પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.શબાના હનીફભાઈ ઢુકા(અમદાવાદ) પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.રહમતફાતમા હનીફભાઈ ઢુકા (અમદાવાદ) પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.મહેંદીહસન મહંમદહુસૈન સાવદી (ઈલોલ) પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૫૦/- મો.અમીનાબેન કમરઅલી મોલપીયા (દસાવાડા-પાલનપુર) પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૧/- મો.આબિદહુસૈન ઈસ્માઈલભાઈ બટ્ટી (બાદરપુર) પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૧/- મો.અબ્બાસઅલી કમરઅલી નાથામેઠા (બાદરપુર) પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.શબ્બીરઅલી ગુલામઅલી મલેકપુરા (બાદરપુર)પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.ગુલામઅબ્બાસ રાજેભાઈ સુથાર તરફથી 'જાફરી આવાઝ'(માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૧૦૦/- મો.અકબરહુસૈન મીકદાદહૈદર મોમિન(કઠોર)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ મીકદાદહૈદર અલીમોહંમદની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- મો.અકબરઅલી ગુલામ શેરસીયા (કાકોશી)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.


બાવા સાહેબની ભલી દુઆઓથી

**મહેર કોટન ઈન્ડસ્ટ્રીઝ**

**મહેર બ્રાન્ડ કપાસ ખોળ**

**હસનઅલી લકી (ધોળકાવાળા)**

**::::: ખોળ માટે :::::**

*અબ્બાસઅલી આબિદહુસૈન*

*અસગરભાઈ રસુલભાઈ*

**::::: કપાસ માટે :::::**

*ઝહીરઅબ્બાસ*

*::: સંપર્ક :::*


*૦૨૭૭૨-૨૯૦૪૨૯, ૨૮૭૩૩૦*

કપાસ વેચવા માટે તથા કપાસ ખોળ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ એટલે

**મહેર કોટન ઈન્ડસ્ટ્રીઝ**

લાલપુર ગામની સામે, હિંમતનગર-વિજાપુર હાઈવે, હિંમતનગર-૩૮૩૦૦૧.

*ફોન : ૦૨૭૭૨-૨૯૦૪૨૯, ૨૮૭૩૩૦*



**સરપરસ્ત**

પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)




**અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૦ ❖ અંક : ૧૨ ❖ ૧૦, ઓગસ્ટ-૨૦૧૧

૯, રમઝાન, હિ.સન-૧૪૩૨ ❖ સળંગ અંક : ૩૬૦

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી
મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨
હનીફભાઈ વી. મતિયા

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com
Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-
પંચવર્ષિય લવાજમ રૂા.૨૮૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)

SUBJECT TO HIMATNAGAR JURISDICTION


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❋ ઊઘડતે પાને | ૦૧ |
| ❋ કુરઆન શિક્ષણ | ૦૫ |
| ❋ અહાદીસ | ૦૭ |
| ❋ ઈમામુલ મુત્તકીન | ૦૯ |
| ❋ કુરઆને નાતિક | ૧૩ |
| ❋ આરોગ્યની સાચવણી | ૨૨ |
| ❋ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૨૩ |
| ❋ ગડમથલ | ૨૬ |
| ❋ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૨૭ |
| ❋ નહજુલ બલાગહ | ૨૯ |
| ❋ ઈલ્મોત્સવ-૨૦૧૧ | ૩૨ |
| ❋ પારિતોષિક વિજેતા ચમકતા સિતારા | ૩૩ |
| ❋ હાજરજવાબી | ૪૧ |
| ❋ અક્લ વ દિલ | ૪૩ |
| ❋ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૪૫ |
| ❋ તૌહીદ | ૪૭ |
| ❋ મેઅરાજ : સ્વર્ગ આરોહણની રાત | ૪૯ |
| ❋ મશાયખવાણી | ૫૧ |
| ❋ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૫૪ |
| ❋ જ્ઞાનગોષ્ઠિ | ૫૬ |
| ❋ આપણા ઘરની વાતો | ૫૯ |
| ❋ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૬૧ |


## ઊઘડતે પાને...

ઈસ્લામી નવમો મહિનો.
માહે રમઝાનુલ મુબારક.
મુબારક મહિનો.
કલ્યાણકારી મહિનો.
બરકતવાળો મહિનો.
અલ્લાહનો મહિનો.
રોઝા રાખવાનો મહિનો.

આ મહિનો અગિયાર મહિનાઓનો સરદાર ગણાય છે, કેમકે તે અલ્લાહનો મહિનો છે. અલ્લાહ તઆલાનું એક નામ **રમઝાન** પણ છે અને તે નામ ઉપરથી આ મહિનાનું નામ પાડવામાં આવ્યું

છે માટે આ મહિનાનું નામ તોછડા શબ્દોમાં લેવું ઉચિત નથી.

આ મહિનામાં અલ્લાહ તઆલાએ તમામ મુસલમાન પુરૂષો અને મુસલમાન સ્ત્રીઓ ઉપર રોઝા રાખવાનું વાજિબ ઠેરવ્યું છે. તેથી જ તો આ મહિનાને **માહે સિયામ** પણ કહેવાય છે. આ સંદર્ભમાં કુરઆને મજીદ, સૂરએ બકરહ, આયત-૧૮૩માં આ મુજબ ફરમાવવામાં આવ્યું છે :

**'યા અય્યોહલ્લઝીના આમનૂ કોતેબા અલયકોમુસ્સિયામો કમા કોતેબા અલલ્લઝીના મિન કબ્લેકુમ અલ્લકુમ તત્તકૂન.'**

(અર્થાત : અય ઈમાનવાળાઓ ! રોઝો રાખવો જેમ તમારા કરતાં પહેલાંના લોકો ઉપર ફરજ હતો, એવી જ રીતે તે તમારા ઉપર પણ ફરજ છે જેથી તમે ઘણા ગુન્હાઓથી મુક્ત રહી શકો.)

ઈમાનદારોને સંબોધીને કહેવામાં આવેલ આ આયત સ્પષ્ટપણે જણાવે છે કે જેવી રીતે નબીએ કરીમ(સ.)ના પહેલાંની ઉમ્મતો માટે રોઝો રાખવો ફરજ હતો એવી જ રીતે આ ઉમ્મત માટે પણ રોઝો રાખવો ફરજ છે. વળી અલ્લાહે અહીં રોઝા દ્વારા ગુનાઓથી બચવાની વાતનો પણ ઉલ્લેખ કરેલો છે.

અલ્લાહ તઆલાએ રોઝા રાખવાની ફરજ પાડી, પરંતુ તેણે આ ફરજ અમસ્થી પાડી નથી. રોઝા રાખવાથી માણસ માટે ફાયદા જ ફાયદા છે. રોઝા રાખવાથી પરહેઝગાર બનવાની રીત પણ અલ્લાહ તઆલાએ બતાવી દીધી. રોઝા રાખવામાં માણસની ભલાઈ સમાયેલી છે, તેમાં ફાયદા રહેલા છે.

એક વાર હઝરત ઈમામ હુસૈન(અ.)ને સવાલ પૂછવામાં આવ્યો,

'ખુદાએ પોતાના બંદાઓ ઉપર રોઝા શા માટે ફરજ કર્યા છે ?'

તો ઈમામ હુસૈન(અ.)એ ઈરશાદ ફરમાવ્યો,

**'એટલા માટે કે માલદાર લોકો ભૂખની લિજ્જતથી પરિચિત થઈ શકે અને તેના પરિણામ સ્વરૂપે ગરીબોની અને મિસ્કીનોની હાજતોને પૂરી કરે.'** (સંદર્ભ : બલાગતુલ હુસૈન)

ઈમામ હુસૈન(અ.)ના આ કથન અનુસાર લિજ્જત ફક્ત ખોરાક ખાવામાં જ નથી પરંતુ ભૂખ્યા રહેવામાં પણ એક જાતની લિજ્જત છે. ભૂખની મજા ચાખીએ ત્યારે જ ભૂખ્યાઓને ગરીબ-મિસ્કીનોને કંઈક આપવાનું મન થાય.

અલ્લાહ તઆલાના દરેક હુકમમાં બંદાની ભલાઈ સમાયેલી હોય છે. રોઝા રાખવામાં ઘણા બધા ફાયદા - શારીરિક તેમજ રૂહાની ફાયદા સમાયેલા છે.

- રોઝાના કારણે દિલમાં સદવર્તન, ત્યાગ અને ઉદારતાની ભાવના જાગે છે.
- રોઝાના કારણે સદકો અને ખેરાત આપવાની ભાવના જાગે છે જેનાથી ગરીબો લાભ ઉઠાવી શકે છે. એમની જરૂરિયાતો પૂરી થાય છે.
- ફિસબીલિલ્લાહ - અલ્લાહના નામ ઉપર આપવાથી તેનો બદલો-સવાબ મળે છે.
- રોઝેદારના દિલમાં અલ્લાહ તઆલાની ઈબાદત કરવાની ઉત્કંઠા જાગે છે, ઈબાદતનો શોખ પેદા થાય છે.
- આખા વર્ષ સુધી અલ્લાહે આપેલી નેઅમતોની કદર બંદાને આ મહિનામાં થાય છે અને તેથી જ તેનું દિલ અલ્લાહનો આભાર માનવા પ્રેરાય છે.
- રોઝેદારનું વિનમ્ર કપાળ અલ્લાહની જનાબમાં સિજદો કરવા માટે હંમેશાં ઝુકતું રહે છે.

આવા તો કેટલાય ફાયદા છે. બધા ફાયદા ગણાવવાનો અહીં અવકાશ નથી. પરંતુ એક બાબત ખાસ યાદ રાખવા જેવી છે કે અલ્લાહ તઆલાએ આ ઈબાદતને ખાસ પોતાની સાથે સંબંધિત કરી દીધી છે, જેમકે -

હદીસે કુદસીમાં અલ્લાહ તઆલા ફરમાવે છે:

**'અસ્સૌમો વ અના અજઝી બેહી.'**

અર્થાત : ‘રોઝો ખાસ મારા માટે છે, હું પોતે તેનો બદલો આપીશ.’

જુઓ તો ખરા, રોઝાનો મહિમા ! આ એવી ઈબાદત છે કે જેનો બદલો ખુદ સૃષ્ટિનો સર્જનહાર પોતે જ આપણને આપનારો છે. અલ્લાહ તો રહીમો કરીમ છે, કાદિરે મુત્લક છે. એ તો જેટલું આપે એટલું ઓછું છે, જ્યારે તેના એક ખાસ બંદાએ રોટલીની માગણી કરનાર સાઈલને ઊંટોની આખીને આખી કતાર આપી દીધી તો ખુદ અલ્લાહની પોતાની તો વાત જ શી કરવી ?

એટલા જ માટે તો હઝરત રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું છે :

**‘જો તમને માહે રમઝાનમાં તમારા માટે જે કંઈ છે તેની જાણ હોત તો તમે ખરેખર તે મહાન**

## *ચોથા ઈમામ ઝયનુલ આબેદીન(અ.)ની*

# *માહે રમઝાનુલ મુબારકના સ્વાગત માટેની દુઆના અંશો*

<u>બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ</u>

સઘળી પ્રશંસા તે અલ્લાહ માટે છે કે જેણે પોતાની કૃપા અને ઉપકારના રસ્તાઓમાંથી એક રસ્તો, પોતાના મહિનાને બનાવ્યો એટલે રમઝાનનો મહિનો, રોઝાઓનો મહિનો, ઈસ્લામનો મહિનો, પાકીઝગીનો મહિનો, દિલની સફાઈનો અને પવિત્રતાનો મહિનો, ઈબાદત અને કિયામનો મહિનો, એ મહિનો કે જેમાં કુરઆન નાઝિલ થયું કે જે લોકો માટે સન્માર્ગદર્શક છે.

તે (મહિનો) હિદાયત તેમજ હક અને બાતિલને અલગ કરવાની રોશનીની સચ્ચાઈઓ ધરાવે છે. આથી તો સઘળા મહિનાઓ ઉપર તેની ફઝીલતને અને શ્રેષ્ઠતાને પ્રગટ કરી. આવી વિપુલ ઈજ્જતો અને સ્પષ્ટ ફઝીલતોના કારણે કે જે તેને અર્પી અને તેની મહાનતાના સ્વીકાર માટે જે બાબતો બીજા સહીફાઓમાં જાઈઝ કરી હતી તેમને આમાં હરામ કરી દીધી અને તેના સન્માનની દૃષ્ટિએ ખાવા-પીવાની વસ્તુઓની મનાઈ કરી દીધી અને એક સ્પષ્ટ સમયગાળો તેના માટે નક્કી કરી દીધો. ...તેની રાતોમાંથી એક રાતને હજાર મહિનાઓની રાતો ઉપર ફઝીલત આપી અને તેનું નામ શબે કદર રાખ્યું. ...તે સરાસર સલામતીની રાત છે કે જેની બરકત પ્રભાત થવા સુધી કાયમ અને યથાવત છે.

અય અલ્લાહ ! મોહંમદ(સ.) અને તેમના વંશજો પર રહેમત વરસાવજે અને અમને એવી હિદાયત ફરમાવજે કે અમે આ મહિનાના ફઝલને અને શરફને ઓળખીએ, તેની ઈજ્જત અને હુરમતને બુલંદ જાણીએ અને તેમાં એવી બાબતોથી નફરત કરીએ કે જેની તેં મનાઈ કરી છે અને તેના રોઝા રાખવામાં અમારા હાથ-પગને નાફરમાનીઓથી રોકવાથી અને એવાં કાર્યોમાં મશગુલ રાખવાથી કે જે તારી પ્રસન્નતાનું કારણ હોય, તું અમારી મદદ કર જેથી ન તો અમે બેહૂદી બાબતો તરફ કાન લગાવીએ કે ન તો નકામી બાબતો તરફ બેધડક નજરોને ઉઠાવીએ કે ન તો હરામ બાબતો તરફ હાથ લંબાવીએ કે ન તો મનાઈ કરેલાં કાર્યો તરફ પગ ઉપાડીએ કે ન તો તારી હલાલ કરેલી વસ્તુઓ સિવાયની કોઈ વસ્તુને અમારા પેટમાં પધરાવીએ કે ન તો તેં વર્ણવેલી બાબતો સિવાય અમારી જીભોને બોલતી રાખીએ. માત્ર એ બાબતોને જ બજાવી લાવવાનો ભાર ઉઠાવીએ કે જે તારા સવાબની નજીક લઈ જાય અને માત્ર એ કાર્યોને જ પરિપૂર્ણ કરીએ કે જે તારા અઝાબથી બચાવી લે...’

(‘સહીફએ કામેલા’માંથી)

**અલ્લાહની ખૂબ જ ઈબાદત કરત અને આભાર બજાવી લાવત અલ્લાહનો.'**

માહે રમઝાનુલ મુબારક સબર કરવાનો પણ મહિનો છે. અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં પોતાના બંદાઓને સબર કરવાનો આ મુજબ હુકમ આપે છે :

**'વસ્તઈનૂ બિસ્સબ્રે વસ્સલાત.'**

(સૂરએ બકરહ, આયત-૪૫)

(અર્થાત : અને મુસીબતના સમયે સબર અને નમાઝનો સહારો શોધો.)

અલ્લાહ તઆલાના આ કલામ વિષે કોઈએ હઝરત ઈમામ જાફર સાદિક(અ.)ને પૂછ્યું,

'યા ઈમામ ! આ આયતમાં જે **'સબર'** શબ્દનો નમાઝની સાથે ઉપયોગ થયો છે તેનો કઈ તરફ ઈશારો છે ?'

તો હઝરત ઈમામ સાદિક(અ.)એ ફરમાવ્યું, 'રોઝા તરફ ઈશારો છે.'

એ બાબત તો સ્પષ્ટ છે કે રોઝા રાખવાથી માણસમાં સબર અને સહિષ્ણુતાની ભાવના સતેજ થાય છે. ચારિત્ર્યના સઘળા સદ્ગુણોમાં સબર પ્રાણ સમાન છે. જીવનમાં સબરનું ઘણું મહત્વ છે તેથી જ તો અલ્લાહના હબીબ(સ.)એ ફરમાવ્યું છે :

**'અસ્સબ્રો નિસ્ફુલ ઈમાન.'**

સબર ઈમાનનો અડધો ભાગ છે.

સબર કરવી એ કંઈ નાની સુની વાત નથી. તેની મંઝિલ ભારે કઠણ છે અને તે ઈમાનનો અડધો ભાગ હોવાથી સ્વાભાવિક પણ છે. કુરાનમાં સત્તર જગ્યાએ સબર અને સાબિર માણસનું વર્ણન કરવામાં આવ્યું છે. આના ઉપરથી જ સ્પષ્ટ થાય છે કે સબર કરનારાઓનું સ્થાન અલ્લાહની નજરમાં કેટલું બધું ઊંચું છે અને સબર કરનારાઓનો બદલો પણ કેટલો બધો ભવ્ય છે. તેથી જ તો માહે રમઝાનુલ મુબારકને સબર કરવાનો મહિનો કહીએ તો પણ કંઈ ખોટું નથી.

અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓને માત્ર રોઝા રાખવાની ફરજ વિષે જ વાત કરી નથી પરંતુ રોઝા ક્યારે રાખવા તેનો પણ સ્પષ્ટ ઉલ્લેખ કુરાને મજીદમાં કર્યો છે :

**'શેહ્રો રમઝાનલ્લઝી ઉન્ઝેલ ફીહિલ કુર્આનો હુદલ લિન્નાસે વ બૈયેનાતિમ મિનલ હુદા વલ ફુર્કાન ફમન શહીદા મિન્કુમુશ્શહર ફલ યસુમ્હ...'**

(બકરહ, આયત-૧૮૫)

અર્થાત : રમઝાનનો મહિનો તે મહિનો છે કે જેમાં કુર્આન નાઝિલ કરવામાં આવ્યું, જે લોકોનું માર્ગદર્શક છે અને એમાં માર્ગદર્શકનાં સ્પષ્ટ ચિહ્નો છે, તમારામાંથી જે એ મહિનાને પામે તે રોઝા રાખે.

ઉપરોક્ત આયતમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે રમઝાનનો મહિનો રોઝા રાખવાનો મહિનો છે. એટલે કે માહે રમઝાનનો ચાંદ જોઈને રોઝા રાખવાની શરૂઆત કરવી અને બીજા મહિનાનો ચાંદ ન દેખાય ત્યાં સુધી રોઝા રાખવા.

ઉપરની આયતમાં એક બીજી બાબતનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને તે એ છે કે આ માહે રમઝાનુલ મુબારકમાં કુરઆન શરીફને નાઝિલ કરવામાં આવ્યું છે.

માહે રમઝાનુલ મુબારકમાં અલ્લાહ તઆલાએ કુરઆન શરીફને ક્યારે નાઝિલ કર્યું ?

આ સવાલનો જવાબ પણ કુરઆને મજીદ આ મુજબ આપે છે :

**'ઈન્ના અન્ઝલ્નાહોફી લૈલતુલ કદ્ર. વમા અદ્રાક મા લૈલતુલ કદ્ર. લૈલતુલ કદ્રે ખૈરૂમ્મિન અલ્ફે શેહર.'** (સૂરતુલ કદ્ર, આયત-૧ થી ૩)

અર્થાત : અમે કુરઆનને શબે કદરમાં નાઝિલ (કરવાનું શરૂ) કર્યું અને તમને શું ખબર કે કદરની રાત શું છે ! શબે કદર (મરતબામાં અને અમલમાં) હજાર મહિનાઓ કરતાં પણ બેહતર છે.

આ બધી આયતો, હદીસો અને ચર્ચા ઉપરથી તો એવું લાગે છે કે માહે રમઝાનુલ મુબારક -

- અલ્લાહનો પોતાનો મહિનો છે.
- રોઝા રાખવાનો મહિનો છે.
- સબર કરવાનો મહિનો છે.
- દાન-ખેરાત કરવાનો મહિનો છે.
- ઈબાદત કરવાનો મહિનો છે.
- કુરઆનની તિલાવત કરવાનો મહિનો છે.
- અલ્લાહનો આભાર માનવાનો મહિનો છે.
- અલ્લાહની નેઅમતો નાઝિલ થવાનો મહિનો છે.

.....અને આ મહિનો વર્ષમાં ફક્ત એક જ વાર આવે છે. તો ચાલો, આપણે બધા આ મહિનાને આવકારીએ. અલ્લાહ તઆલાએ આ મહિનામાં જે કાર્યો કરવાનો હુકમ આપ્યો છે તેના ઉપર અમલ કરીએ, અલ્લાહે નાઝિલ કરેલી રહેમતો, નેઅમતો અને બરકતોના માલિક બનીએ. અલ્લાહ આપણને તેના હુકમો મુજબ ચાલવાની નેક તૌફીક અતા ફરમાવે, આમીન. *(આધાર : તોહફતુલ મોમિનીન)


*__ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ__*

*આયુર્વેદિક દવા શરીરમાં આડઅસર કર્યા વિના રોગને જડમૂળથી મટાડે છે.*

## શિફા આયુકેર કલીનીક

### ડો. આબિદઅલી ટી. ઘરખડ

(જન.ફીઝીશીયન એન્ડ આયુ.કન્સલ્ટન્ટ)

દરેક જાતના સ્ત્રી રોગો, ચામડીના રોગો, પાચનતંત્રના રોગો, મસા, હરસ, વજન વધારવા-ઘટાડવા, હાડકાના રોગો, શ્વસનતંત્રના રોગોની આયુર્વેદિક સારવાર માટે ખાસ મળો.

**નોંધ : બહારના દર્દીઓએ ફોન કરીને જ આવવું.**

**સરનામુ**

*મસ્જિદની સામે, બાદરપુર, તા. વડનગર, જિ. મહેસાણા. મો. ૯૮૨૪૧ ૧૪૮૨૭*


## કસીદા

**દર શાને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી(મદ્દે.)**

મદ્ફનમેં હમારા તો જબ જબ ભી ગુઝર હોગા,
યાદોંમેં તુમ આઓગે, રબકા જો શુકર હોગા.

બિછડોંકો મિલાયા હૈ ક્યા ખૂબ કિયા તુમને,
ફિત્નોંકો દબાયા હૈ નસલોં પે અસર હોગા.

ઈન્સાફ હી માંગા થા, એહસાન હી કર ડાલા,
દિલ સોચ નહીં સકતા, ઐસા ભી જિગર હોગા.

તારીખકે વર્કોમેં સખીઓંકે પઢે કિસ્સેં,
કિસ્સોંમેં યે કિસ્સા ભી કાબિલે અસર હોગા.

કિસ્સેં જો સુનાએંગે ઔલાદકો જબ અપની,
સદીઓંકે ગુઝરને પર તેરા ભી ઝિકર હોગા.

નાનાકે તુમ્હારે તો એહસાન સબોં પર હૈ,
નાનાકે નવાસે હો, નાનાકા અસર હોગા.

એહસાન ફરામોશી તો રબકો ભી નહીં ભાતી,
એહસાન જો ભૂલા હો, શાકિર હી કિધર હોગા.

રબ તુમકો જઝા દેગા, હમ દે ભી તો નહીં સકતે,
તુમને જો કઝા દી હૈ, અચ્છા હી અસર હોગા.

**-જનાબ મોલ્વી બકરભાઈ ચારોલીયા(સેદ્રાણા)**

**શબ્દાર્થ** **મદ્ફન** : દફનની જગ્યા, કબ્રસ્તાન **તારીખકે વર્કોમેં** : ઈતિહાસનાં પાનાંઓમાં **સખીઓંકે** : સખી/દાનવીર લોકોના **નાનાકે** : હઝરત રસૂલે ખુદા(સ.)ના **એહસાન ફરામોશી** : ઉપકારને ભૂલી જવાની ક્રિયા **નહીં ભાતી** : પસંદ પડતી નથી **શાકિર** : શુકર કરનાર **જઝા** : બદલો **કઝા** : ઈન્સાફ, ચુકાદો

(સેદ્રાણા ગામમાં શીઆહ-સુન્ની ભાઈઓના સહિયારા કબ્રસ્તાનના વિવાદનો સુખદ ઉકેલ નામદાર બાવા સાહેબની મધ્યસ્થીથી આવ્યો ત્યારે **તા.૪-૭-૨૦૧૧, સોમવાર, ૧-શાબાન, ૧૪૩૨**ના રોજ મકતબા જાફરીયા ખાતે શીઆહ-સુન્ની આગેવાનો આપનો આભાર વ્યક્ત કરવા આવ્યા ત્યારે આપની રજા લઈને સુન્નત જમાઅતના મોલ્વી સાહેબે પોતે રચેલ આ કસીદો પઢી સંભળાવ્યો હતો. -તંત્રી)

# કુરઆન શિક્ષણ

**અઝ**
**આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી(મદ્દે.)**

بسم الله الرحمن الرحيم

**મનુષ્ય જીવન સંબંધી હુકમો વિષયક આયતો**

✻ જે લોકો દીનના સંબંધમાં તમારી સાથે લડ્યા નથી અને તમને તમારા ઘરોમાંથી કાઢ્યા પણ નથી તેમની સાથે નેકી કરવા અને ન્યાયથી વર્તવાની અલ્લાહ તમને મનાઈ કરતો નથી; બેશક અલ્લાહ ન્યાય કરનારાઓને મિત્ર રાખે છે.

**(પારો-૨૮, સૂરએ મુમતહેના, આયત-૮)**

✻ માટે તમારાથી જ્યાં સુધી બની શકે, અલ્લાહથી ડરો, અને (તેની નસીહત) સાંભળો, અને (તેની) આજ્ઞા માનો, અને (તેના માર્ગમાં) ખરચ કરો એ તમારી બેહતરી માટે છે; અને જે શખસ પોતાના નફ્સના કંજૂસપણાથી બચાવી લેવામાં આવશે તો એ જ (સંપૂર્ણ) ભલાઈ પ્રાપ્ત કરનારો થશે.

**(પારો-૨૮, સૂરએ તગાબુન, આયત-૧૬)**

✻ હે ઈમાન લાવનારાઓ ! અલ્લાહની હુઝૂરમાં નિર્મળ મનથી પશ્ચાતાપ કરો; અજબ નથી કે તમારો પરવરદિગાર તમારાથી તમારી બૂરાઈઓ ટાળી દે અને તમને જન્નતોમાં દાખલ કરે કે જેની હેઠળ નદીઓ વહે છે; તે દિવસે અલ્લાહ નબીને તથા તે લોકોને કે જેઓ તેની સાથે ઈમાન લાવ્યા છે, ફજેત નહીં કરે; તેમનું નૂર તેમની આગળ તથા જમણી બાજુએ ચાલતું હશે અને તેઓ કહેતા હશે કે હે અમારા પરવરદિગાર ! તું અમારા નૂરને અમારા માટે સંપૂર્ણ કરી દે, અને અમારા ગુન્હા માફ કરી દે; બેશક તું દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનારો છે.

**(પારો-૨૮, સૂરએ તહરીમ, આયત-૮)**

✻ નિઃસંશય રાતનું ઉઠવું (મનોવિકારને) ઘણી સખત (રીતે) છુંદી નાખનાર છે અને શુધ્ધ, સ્પષ્ટ ઉચ્ચાર કરવામાં વધારે સહાય કરે છે.

**(પારો-૨૯, સૂરએ મુઝઝમ્મીલ, આયત-૬)**

✻ અને તે લોકો જે કાંઈ કહે છે તેના પર સબર કર, અને યોગ્ય રીતે તેમનો સહવાસ છોડી દે. **(પારો-૨૯, સૂરએ મુઝઝમ્મીલ, આયત-૧૦)**

✻ માટે મનુષ્યે વિચારવું જોઈએ કે તેને કઈ વસ્તુમાંથી પેદા કરવામાં આવ્યો છે ✻ તે ઉછળતા પાણીમાંથી પેદા કરવામાં આવ્યો છે : ✻ જે (પુરૂષની) પીઠ અને (સ્ત્રીની) છાતીનાં હાડકાંઓ વચ્ચેથી નીકળીને આવે છે.

**(પારો-૩૦, સૂરએ તારીક, આયત-૫ થી ૭)**

✻ માટે અફસોસ છે તે નમાઝ પઢનારાઓ માટે : ✻ કે જેઓ પોતાની નમાઝથી બેદરકાર રહે છે : ✻ (અને) જેઓ (લોકોને) દેખાડવા માટે (નમાઝ) પઢે છે : ✻ અને જીવનની જરૂરી વસ્તુઓ(આપવા)ની ના પાડે છે.


**(પારો-૩૦, સૂરએ માઉન, આયત-૪ થી ૭)**

✻ (હે રસૂલ !) કહે કે હું માણસોના પરવરદિગારની પનાહ માગું છું : ✻ માણસના બાદશાહની : ✻ માણસોના માઅબૂદની : ✻ તે શયતાનના વસવસાની બદીથી (બચવા માટે) : ✻ કે જે લોકોના મનમાં વસવસા નાખ્યા કરે છે : ✻ (પછી તે) જિન્નાતો માંહેનો હોય અથવા ઈન્સાનો માંહેનો.


**(પારો-૩૦, સૂરએ નાસ,આયત-૧ થી ૬)**


**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ**

મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક)
આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી.
ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર.
મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ



### વીંટી પહેરવા વિષે

હઝરત અમીરુલ મોમિનીન અલી(અ.)એ ફરમાવ્યું છે કે જનાબે રસૂલે ખુદા(સ.) જમણા હાથમાં વીંટી પહેરતા હતા. આ રિવાયત હઝરત ઈમામ બાકિર(અ.)થી પણ મનકુલ છે.

હઝરત રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું છે કે રાતા(રંગના) અકીકની વીંટી પહેરો એટલા માટે કે (પથ્થરોએ) ખુદાની વહેદાનિયત અને મારી નબુવ્વત તેમજ અલી(અ.)ની અને અલી(અ.)ની ઓલાદની વસાયત અને (સૌથી પહેલાં) ઈમામતનું અને અલી(અ.)ના સાચા દોસ્તોનું જન્નતી હોવાનો ઈકરાર કર્યો છે.

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું છે કે હઝરત રસૂલે ખુદા(સ.)એ કલમાની આંગળી અને નીચેની આંગળીમાં વીંટી પહેરવાની મનાઈ ફરમાવી છે, અને એવું પણ ફરમાવ્યું છે કે વીંટીને આંગળીના મૂળ સુધી પહોંચાડવી જોઈએ અને પગોમાં વીંટી કે છીલ્લો પહેરવાની પણ મનાઈ ફરમાવી છે અને ફરમાવ્યું છે કે લૂત(અ.)ની કોમ આ રીતે વીંટી પહેરતી હતી.

***વીંટી શાની બનેલી હોવી જોઈએ ?***

સુન્નત છે કે વીંટી ચાંદીની હોય. પુરૂષ માટે સોનાની વીંટી પહેરવી હરામ છે. લોખંડ-સ્ટીલની અને પિત્તળની વીંટી પહેરવી પુરૂષ માટે અને સ્ત્રી માટે મકરૂહ છે. પ્રમાણભૂત હદીસથી સાબિત થાય છે કે હઝરત રસૂલે ખુદા(સ.)ની વીંટી ચાંદીની હતી.

***અકીકની ફઝીલતનું વર્ણન :***

હઝરત અલી ઈબ્ને મૂસે રઝા(અ.)એ ફરમાવ્યું છે કે અકીક ચિંતા અને નિર્ધનતાને દૂર કરે છે અને નિફાક(શત્રુતા)ને નષ્ટ કરી નાખે છે. એવું પણ હદીસમાં છે કે અકીક દુશ્મનોથી અને બલાઓથી બચાવે છે.

હઝરત રસૂલે ખુદા(સ.)એ એવું ફરમાવ્યું છે કે જે માણસ અકીકની વીંટી પહેરશે તેની મનોકામનાઓ પૂર્ણ થશે.

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું છે કે મુસાફરીમાં અકીકની વીંટી અમન(શાંતિ)નું કારણ છે અને એ પણ હઝરતે ફરમાવ્યું છે કે અકીકની વીંટી પહેરનાર પરેશાન થશે નહીં અને તેનું પરિણામ સારું આવશે.

કોઈએ જનાબે રસૂલે ખુદા(સ.)ને ફરિયાદ કરી કે મારો માલ રસ્તામાં લૂંટાઈ ગયો. આપે ફરમાવ્યું કે તું અકીકની વીંટી કેમ નથી પહેરતો ? કેમકે તે દરેક બલાથી માણસને બચાવે છે.

બીજી હદીસમાં આ જ હઝરતે ફરમાવ્યું છે, જે માણસ અકીકની વીંટી પહેરશે તો જ્યાં સુધી તે(વીંટી તેના) હાથમાં રહેશે ત્યાં સુધી તેને કોઈ પણ (પ્રકારનો) ગમ રહેશે નહીં.

એક હદીસમાં હઝરત(સ.)એ ફરમાવ્યું છે કે અકીકની વીંટી પહેરો કેમકે પથ્થરોમાં આ એવો પહેલો પથ્થર છે કે જેણે ખુદાની વહેદાનિયત અને મારી નબુવ્વત અને અલી(અ.)ની ઈમામતનો ઈકરાર કર્યો છે.

હદીસમાં છે કે પીળા, રાતા અને સફેદ રંગના અકીકના પહાડ જન્નતમાં છે અને આ ત્રણે ય પહાડ

ખુદા તઆલાની તસ્બીહ, તક્દીસ(પવિત્રતાનું વર્ણન) અને તમ્જીદ (સ્તુતિ) કરે છે અને આલે મોહંમદના ચાહકોમાંથી કોઈ માણસ જો ત્રણે ય (પ્રકારના) અકીકમાંથી કોઈ એક પણ અકીક હાથમાં પહેરશે તો તેના માટે શ્રેષ્ઠ સાબિત થશે, તેની રોઝીમાં વિપુલતા થશે, તે બલાઓથી બચી જશે અને જે જે બાબતોથી માણસને ભય અને ખતરો પેદા થતો હોય તે બધાથી તે સુરક્ષિત રહેશે પછી ભલેને કોઈ જાલિમ બાદશાહનો ઉપદ્રવ હોય કે બીજો કોઈ ઉપદ્રવ હોય તો પણ.

હઝરત ઈમામ હુસૈન(અ.)એ ફરમાવ્યું છે કે જ્યારે હઝરત મૂસા(અ.)એ ખુદા તઆલાની કોહે તૂર પર મુનાજાત(નિવેદન) કરી તો જમીનની તરફ જોયું. હક તઆલાએ તેમના ચહેરા મુબારકના નૂરમાંથી અકીક પેદા કર્યું. પછી અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે મને મારી પવિત્ર ઝાતની કસમ છે કે હું જહન્નમની આગમાં એ હાથને અઝાબ નહીં કરું જેમાં અકીકની વીંટી (પહેરેલી) હોય શરત માત્ર એટલી જ કે તે અલી ઈબ્ને અબીતાલિબને દોસ્ત પણ રાખતો હોય.

હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું છે કે જેના હાથમાં અકીકની વીંટી હોય તે હાથને કપાઈ જતો બચાવે છે, ચિંતા અને નિર્ધનતાથી બચાવે છે અને વીંટી પહેરનારનો હાથ સોના-ચાંદી તેમજ દોલતથી ખાલી રહેતો નથી.

હદીસમાં એવું પણ છે કે અકીકની વીંટી સાથે બે રકાઅત નમાઝ પઢવી હજાર રકાઅતો કરતાં પણ વધારે અફઝલ છે (એવી નમાઝો કરતાં કે) જે અકીક વગર પઢવામાં આવી હોય. *

**ઈસ્લામી કવીઝ નં. ૨૦૯ના જવાબો**

(૧) સૂરએ હમ્દને (૨) હઝરત અલી મુર્તઝા(અ.)એ (૩) સવા ચાર મહિના સુધી (૪) સૂરએ ફીલ (૫) ચમકતો હાથ (૬) છ (૭) ઈમરાન


*બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ*





# અલ - ઈમાન ટૂર

# AL- EMAN TOUR

**(હજ, ઉમ્રહ, ઝિયારત)** **Haj-Umrah-Ziyarat Organiser**

***અસ્સલામુન અલયકુમ !***

***અલ્લાહના ફઝલો કરમથી, મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશિદની ભલી દુઆઓથી છેલ્લા દસ વર્ષથી હજ, ઉમ્રહ અને ઝિયારતના અનુભવ સાથે અલ-ઈમાન ટૂરનું આયોજન કરેલ છે. આ વર્ષે અલ-ઈમાન તરફથી ઝિયારતની ટૂરનું આયોજન ઈન્શાઅલ્લાહ મોહર્રમ માસમાં કરેલ છે. રસ ધરાવનાર મોમિન ભાઈ-બહેનોએ નીચેના નંબર્સ પર સંપર્ક કરવા વિનંતી.***

**મો.મોહંમદહુસૈન વલીભાઈ ભુરા (ઉસ્તાદ - ઈલોલ તલાવ)**

મો.૯૮૭૯૫૫૮૬૭૦, ૯૪૨૯૭૫૬૧૪૩, (રહેઠાણ) ૦૨૭૭૨ ૨૨૭૫૫૩

# ઈમામુલ મુત્તકીન

: લેખન :
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન
જાફરી બાવા સાહેબ(મદ્દે.)

<u>બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ</u>

પારો-૧, સૂરા-૨, આયત-૨

**'આ કિતાબ એવી છે કે જેમાં કોઈ પણ પ્રકારની શંકા નથી તે ગુનાહોથી બચનારાઓને હિદાયત કરે છે કે જેઓ ગયબ(બાબતો)માં માને છે તથા નમાઝ કાયમ કરે છે અને અમોએ તેમને જે કાંઈ આપ્યું છે તેમાંથી (અમારા માટે) ખર્ચ કરે છે અને હે રસૂલ ! જે (કુરઆન) તારા પર ઉતારવામાં આવ્યું છે તથા જે (ઈલાહી કિતાબો) તારા પહેલાં ઉતારવામાં આવી છે તેના પર તેઓ ઈમાન લાવે છે અને કયામતના દિવસમાં (પણ) તેઓ સંપૂર્ણ વિશ્વાસ રાખે છે.'**

આ આયતથી જાણવા મળ્યું કે કુરઆન બધા જ મુસલમાનો કે જેઓ પોતાની પાસે કુરઆન રાખે છે તેમને હિદાયત કરતું નથી પરંતુ મુત્તકી, પરહેઝગાર, ગુનાહથી બચનાર લોકોને જ હિદાયત કરે છે. અલ્લાહ ગુનાહથી બચનારાઓને જ મહત્વ આપે છે, બધા મુસલમાનોને મહત્વ આપતો નથી. ઈસ્લામ અલ્લાહનો દીન છે માટે તેમાં જે જે અહેકામો હશે તે ગુનાહથી બચવા માટે મદદ કરતા હશે. જે ગુનાહથી બચવામાં મદદગાર હશે તેને હલાલ કહ્યું અને જે ગુનાહો કરવામાં મદદગાર સાબિત થતા હશે તેને હરામ કહ્યું.

પારા-૧, સૂરા-૨, આયત-૨૧

**'હે લોકો ! તમે તમારા પરવરદિગારની બંદગી કરો કે જેણે તમને તથા જેઓ તમારી અગાઉ હતા, (તેમને) પેદા કર્યા છે કે કદાચ ને તમે પહરેઝગાર (ગુનાહથી બચનારા) બની જાઓ.'**

પારા-૨, સૂરા-૨, આયત-૧૮૩

**'હે ઈમાન લાવનારાઓ ! તમારા ઉપર રોઝા રાખવાનું એવી રીતે વાજિબ કરવામાં આવ્યું છે કે જેવી રીતે તમારા પૂર્વજો ઉપર વાજિબ કરવામાં આવ્યું હતું આ એ માટે જ કે તમે પરહેઝગાર બનો.'**

પારા-૨, સૂરા-૨, આયત-૧૭૭

**'તમે તમારાં મુખ પૂર્વ તથા પશ્ચિમ તરફ કરો તેમાં સદગુણ નથી બલ્કે સદગુણ તો એ જ છે કે અલ્લાહ પર તથા કયામતના દિવસ પર તથા ફરિશ્તાઓ પર તથા (આકાશી) કિતાબો પર અને નબીઓ પર ઈમાન લાવવું અને અલ્લાહની મહોબ્બતમાં પોતાના સગા વહાલાંને તથા અનાથોને તથા મોહતાજોને તથા મુસાફરોને તથા સવાલ કરનારાઓને અને ગરદનો છોડાવવામાં માલની સહાય આપવી તથા નમાઝ કાયમ કરવી તથા ઝકાત આપવી અને જ્યારે તેઓ (કોઈ વાતનો) વાયદો કરે છે ત્યારે પોતાના વાયદાને પાળનાર હોય અને તંગીમાં તથા મુસીબતમાં અને લડાઈની સખ્તાઈ વખતે ધીરજ ધરનારા હોય છે આ એ જ લોકો છે કે જેઓ ઈમાનમાં સાચા નીકળ્યા અને તેઓ જ પરહેઝગાર છે.'**

પારા-૨૬, સૂરા-૪૯, આયત-૧૧

**'હે તે લોકો કે જેઓ ઈમાન લાવ્યા છો, કોઈ પુરૂષ બીજા પુરૂષની હાંસી ઉડાડે નહીં કે કદાચ ને તેઓ તેમના કરતાં બહેતર હોય, તેમ જ સ્ત્રીઓ પણ બીજી સ્ત્રીઓની હાંસી ઉડાડે નહીં કે કદાચ ને તે તેમનાથી બેહતર હોય અને તમે ન આપસમાં ટોણા મારો અને ન એક બીજાને બૂરા નામે બોલાવો. ઈમાન લાવ્યા પછી બૂરાં નામ રાખવાં ઘણી જ**

બૂરી વસ્તુ છે. અને જે તેનાથી તૌબા નહીં કરે તો એ જ લોકો જુલમગાર છે.'

પારા-૭, સૂરા-૫, આયત-૯૧

**'એ સિવાય બીજું કાંઈ જ નથી કે શયતાન તમારી વચ્ચે શરાબ તથા જુગાર વડે શત્રુતા અને દ્વેષ નાખવા ઈચ્છે છે અને તમને અલ્લાહની યાદ તથા નમાઝ અદા કરતાં અટકાવે છે, તો પણ શું તમે તેને અનુસરતા અટકશો નહીં ?'**

પારા-૨૨, સૂરા-૩૩, આયત-૫૯

**'હે નબી ! તું તારી પત્નીઓ તથા પુત્રીઓ અને ઈમાનદાર સ્ત્રીઓને કહી દે કે તેઓ પોતાની ચાદરોનો થોડો ભાગ બહાર નીકળતી વખતે પોતાના ચહેરા પર નાખી રાખે, આ તેમની શરાફતની ઓળખ માટે ઘણું યોગ્ય છે તો તેઓ સતામણીથી બચી જાય અને અલ્લાહ મોટો માફ કરનાર અને રહેમ કરનાર છે.'**

પારા-૧૫, સૂરા-૧૭, આયત-૫૩

**'અને હે રસૂલ ! મારા સાચા બંદાઓને કહી દે કે તેઓ વાત કરે તો સારી રીતથી કેમકે શયતાન તો વાત વાતમાં કુસંપ નાખે છે, બેશક શયતાન મનુષ્યનો ખુલ્લો દુશ્મન છે.'**

ઉપરની આયતો જોતાં આપણે જાણી શકીએ છીએ કે અલ્લાહે ઈબાદતો-નમાઝ રોઝા એટલા માટે ફર્ઝ કર્યા કે પરહેઝગાર (ગુનાહથી દૂર રહેનાર) બની જઈએ.

મુત્તકી લોકોના ગુણો પણ દર્શાવ્યા છે કે જેઓ કયામતના દિવસ પર, ફરિશ્તાઓ પર, આકાશી કિતાબો પર, અલ્લાહના નબીઓ પર ઈમાન ધરાવે છે. વળી તેની મહોબ્બતમાં પોતાના સગાઓ પર તથા મોહતાજો પર ખર્ચ કરે છે તેમજ જે વાયદાને પાળવાવાળા તેમજ મુસીબતોમાં ધીરજ ધરનાર હોય છે.

અલ્લાહે એકબીજાની ખોટી મશ્કરી અથવા

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

## કુરઆની દુઆઓ

**૧૮**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَاكْتُبْ لَنَا فِىْ هٰذِهِ الدُّنْيَا حَسَنَةً وَّفِى الْاٰخِرَةِ اِنَّا هُدْنَآ اِلَيْكَ

**વકતુબ્લના ફી હાઝેહિદ દુન્યા હસનતંવ વ ફિલ આખેરતે ઈન્ના હુદ્દ્ના અલૈક.**

(પારો-૯, સૂરએ અઅરાફ, આયત-૧૫૬)

અર્થ : અને તું જ આ જગતમાં અમારા માટે નેકી નિર્માણ કર અને આખેરતમાં પણ; ખરે જ અમે તારી તરફ રજૂ થઈએ છીએ. *

ખોટાં નામો ધરવાની મનાઈ કરી છે અને જે ન માને તો તે જુલમગાર તરીકે ગણાય છે. શરાબ અને જુગારને હરામ એટલા માટે કરવામાં આવ્યાં કે તેમાંથી કુસંપ પેદા થાય છે તેમજ આપસમાં વાત કરવામાં એટલો ખ્યાલ રાખવો જોઈએ કે જેથી આપણી વાત આપસમાં કુસંપનું કારણ ન બને એટલે જે વસ્તુ ઝઘડાનું કારણ બને છે તેને ઈસ્લામમાં હરામ કરવામાં આવી છે.

સ્ત્રીઓને બહાર નીકળતી વખતે ચહેરા અને છાતીને ઢાંકીને ચાદર નાખીને જવાનું કહ્યું છે જેથી તેમની ખાનદાની જાહેર થાય અને કોઈ તેમની સાથે મશ્કરી ન કરે. આ બધી વાતો પર ધ્યાન આપે તો માણસ પોતાની જાતને ગુનાહથી દૂર રાખી શકે.

આ બધી બૂરાઈઓ વિષે આપણે જાણ્યું. હવે આપણે **'આસારે હૈદરી'**માંથી (પાના નં. ૩૮) મોટા ગુનાહો વિષે જાણીએ કે જેની રિવાયત હઝરત અલી(અ.)એ કરી છે. અલ્લાહ ફરમાવે છે કે હે મારા બંદાઓ ! સૌથી શ્રેષ્ઠ અને મહાન ઈબાદત બજાવી લાવો કે જેથી હું તમારી સાથે નમ્રતાથી વર્તું, જોકે તેના સિવાયની બીજી ઈબાદતોમાં કસર કરે.

ગુનાહે કબીરા અને ખરાબ ગુનાહો છોડી દો જેથી કરીને તેના સિવાય બીજા ગુનાહો વિશે પૂછીશ નહીં અને સૌથી મોટી ઈબાદત એ છે કે મને એક જાણો મારા નબીને સાચા માનો અને જેને નબી(સ.)એ પોતાના વારસદાર અને ખલીફા નક્કી કર્યા છે તેમને માનો અને અલી ઈબ્ને અબીતાલિબ(અ.) અને બીજા પાક ઈમામોને કે જે એમના વંશથી હશે.

મારી નજીક સૌથી મોટામાં મોટો ગુનો એ છે કે મારી અને મારા નબીની અવગણના કરવામાં આવે અને અલી ઈબ્ને અબીતાલિબ(અ.)થી જે હઝરત મોહંમદ(સ.) પછી તેમના વસી અને વારસદાર છે, તેમનાથી દુશ્મની રાખે અને જો તમે મારી પાસેથી ઊંચા દરજ્જાને પ્રાપ્ત કરવાનો વિચાર રાખતા હો તો તમારા માટે યોગ્ય એ છે કે કોઈ માણસ હઝરત મોહંમદ મુસ્તફા(સ.) પર, એમના પછી એમના ભાઈ અલી(અ.) પર અને એમની બન્ને પાક ઓલાદ પર કે જેઓ એમના પછી મારા હુકમોને પહોંચાડવાવાળા છે, તેમનાથી બીજાના મરતબાને ન વધારો. જે માણસનો આવો અકીદો હશે તો હું તેને પોતાની જન્નતના ઈજ્જતવાળા બાદશાહોમાં ગણીશ.

હઝરત અલી(અ.) વિષે કહેવામાં આવ્યું છે કે **'હઝરત અલી નેકુકારોંકા ઈમામ ઔર ફાજિરોંકા કાતિલ હૈ.'**

(સવાએકે મોહર્રકા, પાના નં.૧૨૫, યનાબિઉલ મોવદ્દત, પાના નં. ૯૬, કન્ઝુલ અમ્માલ, પાના નં.૨૦૩, મનાકિબ અલ ખ્વારઝમી, પાના નં.૧૨૭)

આ હદીસથી જાણવા મળ્યું કે હઝરત અલી નેકુકારો એટલે કે ગુનાહોથી બચનારાઓના ઈમામ છે, ઈમામુલ મુત્તકીન છે. આપણે પારા-૧, સૂરા-૨, આયત-૨માં જોઈ ગયા કે કુરઆન **હુદલ્લીલ મુત્તકીન** એટલે કે ગુનાહથી બચનારાને હિદાયત કરે છે. હઝરત અલી(અ.) પણ દરેક મુસલમાનના ઈમામ નથી, મુત્તકીઓના ઈમામ છે. કુરઆન પણ દરેક મુસલમાનોને હિદાયત કરતું નથી, મુત્તકીઓને હિદાયત કરે છે. આથી જે વ્યક્તિ કુરઆન પઢીને હિદાયત મેળવે છે તે મુત્તકી છે અને હઝરત અલી(અ.) જેના ઈમામ છે તે મુત્તકી છે. એનો અર્થ એ કે જે હઝરત અલી(અ.)ને પોતાના ઈમામ માને તેને જ કુરઆન હિદાયત કરશે અને જે હઝરત અલી(અ.)ને ઈમામ ન માને, તેને કુરઆન પણ હિદાયત કરશે નહીં.

પારા-૨૨, સૂરા-૩૩, આયત-૩૩

**'હે પયગમ્બરની એહલેબયત ! ખુદા તો બસ એ જ ઈચ્છે છે કે તમને દરેક પ્રકારની બૂરાઈઓથી દૂર રાખે અને જે પવિત્ર રાખવાનો હક છે તેવા પવિત્ર રાખે.'**

આ આયત પંજેતન પાકની શાનમાં છે. જુઓ તફસીરે દુર્રે મન્સૂર મુલ્લા જલાલુદ્દીન સિયુતી, જિલ્દ-૫, સફા-૧૯૮-૧૯૯

આ આયતથી જાણવા મળ્યું કે એહલેબયતને દરેક બૂરાઈથી અલ્લાહે દૂર રાખ્યાં છે. હઝરત અલી(અ.) એહલેબયતમાં છે માટે હઝરત અલી(અ.)ને પણ અલ્લાહે દરેક બૂરાઈઓથી દૂર રાખ્યા છે. માટે જ તેઓ ઈમામુલ મુત્તકીન છે. જે દરેક પ્રકારની બૂરાઈથી દૂર હોય તે જ મુત્તકીઓનો, ગુનાહોથી દૂર રહેવાવાળાઓનો ઈમામ બની શકે. જે પોતે બૂરાઈવાળો હોય તે કેવી રીતે મુત્તકીઓનો ઈમામ બની શકે ?

આથી સાબિત થયું કે જ્યાં અલી(અ.) છે ત્યાં બૂરાઈ નથી અને જ્યાં બૂરાઈ છે ત્યાં અલી(અ.) નથી. માટે જ જે પક્ષમાં અલી(અ.) હશે ત્યાં બૂરાઈ નહીં હોય અને જે પક્ષમાં અલી(અ.) નથી ત્યાં બૂરાઈ હશે. જે જંગમાં અલી હશે ત્યાં બૂરાઈ નહીં હોય અને જે જંગમાં અલી નહીં હોય ત્યાં

બૂરાઈ હશે.

જો આપણે બૂરાઈથી દૂર રહેવા ઈચ્છતા હોઈએ તો આપણે અલી(અ.)ને ઈમામ માનવા પડશે. જો આપણે એમને આપણા ઈમામ માન્યા તો આપણા માટે બૂરાઈથી દૂર રહેવું સરળ થઈ જશે.

તમારી મોમિન કોમ શિર્કની બૂરાઈમાં ઘેરાયેલી હતી પરંતુ જ્યારે તમને પીર કબીરૂદ્દીન બાવા(રહે.અ.) મળ્યા તો તમે કલમો પઢ્યો અને તમારામાંથી શિર્કની બૂરાઈ છૂટી ગઈ. સાબિત થયું કે તમારા પીર, હઝરત અલી(અ.)ની સાથે કે જેઓ ઈમામુલ મુત્તકીન છે, તેમનાથી રૂહાની સંબંધ ધરાવતા હતા માટે જ તેમને શિર્કની બૂરાઈથી દૂર કરી દીધા અને ઈમાનમાં લઈ આવ્યા એટલે સુધી કે તમારી કોમ મોમિન કોમના નામથી મશહૂર થઈ અને દરેક કોમમાં તમારું માન વધી ગયું. ✻


**અમીરઅબ્બાસ જાફરી**
૯૮૨૫૫૮૫૮૪૩

**હસનઅબ્બાસ મોમિન**
૯૯૯૮૪૫૭૧૨૯

A STEP AHEAD
**Inspire Software Co.**

**ઈન્સ્પાયર સોફ્ટવેર કંપની**

આપના રેસ્ટોરન્ટ, ગેસ્ટ હાઉસ, રીટેલ સ્ટોર્સ, કલર લેબ, પેટ્રોલ પંપ, બેકરીના સ્ટોક તેમજ અન્ય કોઈ પણ ધંધાના સોફ્ટવેરના કામકાજ અથવા વેબ સાઈટના કામ કાજ અંગે આજે જ સંપર્ક કરો.

**Inspire Software Co.**
**2, Samarthya Complex,**
**Tavadiya Cross Road, SIDDHPUR,**
**Ph. : 02767 - 226440**
**website : www.inspiresoftware.co.in**
**mail : info@inspiresoftware.co.in**


*તમારું દીની જ્ઞાન ચકાસો.*

# ઈસ્લામી કવીઝ નં. ૨૦૯

**(૧) કુરઆન શરીફના કયા સૂરાને 'ઉમ્મુલ કિતાબ' કહેવામાં આવે છે ?**
(A) સૂરએ હમ્દને (B) સૂરએ ઈખ્લાસને
(C) સૂરએ યાસીનને

**(૨) 'બાએ બિસ્મિલ્લાહ' (બિસ્મિલ્લાહના 'બે'ની નીચેનો નુક્તો) હોવાનો દાવો કોણે કર્યો છે ?**
(A) હઝરત રસૂલે ખુદા(સ.)એ
(B) હઝરત અલી મુર્તઝા(અ.)એ
(C) હઝરત ઈમામ હુસૈન(અ.)એ

**(૩) કોઈ મોમિનના ગુઝરી ગયા પછી તેની વિધવાએ કેટલા સમય સુધી વફાતનો દ્દો પાળવાનો હોય છે ?**
(A) સવા ચાર મહિના સુધી
(B) સવા મહિના સુધી
(C) એક મહિના સુધી

**(૪) અબ્રહા બાદશાહે કા'બા બયતુલ્લાહને બરબાદ કરવા ચઢાઈ કરી તેનું વર્ણન કુરઆન શરીફના કયા સૂરામાં આવ્યું છે?**
(A) સૂરએ ફીલ (B) સૂરએ નજમ
(C) સૂરએ તૌહીદ

**(૫) અલ્લાહ તઆલાએ મૂસા પયગમ્બર(સ.)ને બે મોઅજિઝા અર્પણ કર્યા હતા. અસા અને યદે બયઝાં. યદે બયઝાં એટલે શું ?**
(A) શુકનવંતો હાથ (B) ચમકતો હાથ
(C) બરકતવાળો હાથ

**(૬) જંગે બદરમાં હઝરત રસૂલે ખુદા(સ.)ના લશ્કરમાં બખ્તરબંધ સૈનિકો કેટલા હતા?**
(A) આઠ (B) સાત (C) છ

**(૭) હઝરત ઈસા પયગમ્બર(અ.)ની માતા જનાબે મરીયમના પિતાનું નામ શું હતું ?**
(A) ઈમરાન (B) ઈરફાન (C) ઈબ્રાહીમ

# Quran-e-Naatiq

----------------------------------------------------------------------------------------------------------------------------------------

**Written by : Janab Nadeemahmad D. Jafri (Ahmedabad)**

----------------------------------------------------------------------------------------------------------------------------------------

*After enjoying my favourite songs and music for more than 2 years, recently I gifted the iPod to my children. Initially I was skeptical about my decision, as I felt that this **technology based device may be difficult for them to handle** and not easy to understand, but my doubts and skepticism proved wrong as within no time of having access to it, **they uncovered many things in the iPod,** which I could not do for 2 years when it was under my ownership.*

*While it was with me I **perceived it as only a music player**. When **it moved in their hands it was now more than just a music player** with Wi-Fi, games, social networking and chats.*

*Though less than half of my age and little education compared to mine; they could handle the iPod better than me as they have born in an era which is quite ahead in technology. And in that sense **they have inherited the technology**.*

➔ *The holy **Quran is guidance**, it is **a cure** and it is thus a complete **book of knowledge.** But when we recite it **we fail to understand it thoroughly. Our worldly knowledge is not enough** to **understand the hidden meaning of the book** as **we are mere followers** of the book and <u>**not the inheritors.**</u>*

With this article let us then try to find out the **true inheritors of Quran who have been bestowed upon with its complete knowledge.**

Let me start with the following ayah from the holy Quran which shows us the way to be guided. It says:

- *"Aur jo log uusule **din main aqal se kaam nahin lete** un hi logon per Khuda **kufr ki gundgi** daal deta hai." – (Surah-e-Younus, ayah 100)*

  *"(And **He puts doubt in (the minds of)** those **who do not think**.)"*

The right approach is to **think and contemplate on various religious issues** to avoid being misguided. That is what Allah wishes and that is how Quran has informed us. And that is what we intend to do here.

If we ponder upon various ayahs, can we claim that we would always be guided? Let us again refer to the following ayah to understand this:

- *"Ae Rasool (SAW) wohi wo Khuda hai jis ne* ***tum per kitab naazil ki uss main ki ba'az aayatein to mohkam hain wahi amal karne ke liye asal buniyaad kitab hai*** *aur* ***kuch aayatein mutshaabe (gol gol jis ke ma'ani main se pehloo nikal sakte hai)*** *pas* ***jin logon ke dil main kaji hai wo unheen aayaton ke peeche pade rahte hai jo mutshaabe*** *hai taake* ***<u>fasaad barpaa karein</u>*** *aur* ***<u>uss khayal se ke unhain apne matlab per dhal lein</u>*** *halaanke* ***<u>Khuda aur un logon ke siwa jo ilm main bade paye per faaiz hai un ka asli matlab koi nahin jaanta</u>*** *wo log yeh bhi kahte hain ke hum uss per imaan laye ye sab mohkam ho ya mutshaabe hamare Parvardigar ki taraf se hai aur aqal wale wahi samajhte hai." – (Surah-e-Ale Imran, ayah 7)*

  *"(*He it is Who has revealed the Book to you**; some of its verses are decisive, they are the basis of the Book,** and **others are allegorical**; then as **for those in <u>whose hearts there is perversity they follow the part of it which is allegorical, seeking to mislead and seeking to give it (their own) interpretation</u>.** but **<u>none knows its interpretation except Allah, and those who are firmly rooted in knowledge</u>** say: We believe in it, it is all from our Lord; and none do mind except those having understanding.)"

The above ayah says that Quran has a mix of decisive and allegorical ayahs. The decisive ayahs are easy to understand and **if we ponder upon and contemplate we may be able to reach the true meaning**; while the allegorical ayahs are difficult to comprehend.

Quran further says in the above ayah that **these allegorical ayahs are misused by miscreants to create unrest and propagate violence** and thus **mislead the Ummah**.

Lastly the ayah says that the true meaning of these ayahs is only known by Allah (SWT) and His chosen one who are the true custodians of Allah's wisdom.

Thus in order to have the better understanding of Quran then, I think we need to do the following things:

- **Firstly, we need to contemplate and ponder** upon the **decisive ayahs** and try to reach the true meaning.
- Secondly, since Allah (SWT) is the Most Merciful and Forgiving, His words thus propagate mercy and humanity and hence the interpretations of all allegorical ayahs, if presented to us in a manner that **they are against the tenets of mercy and humanity; should be avoided and rejected out rightly**. If we do this it would help the cause of Islam and humanity.
- Thirdly, we should strive to identify **these custodians of Allah's wisdom** which are being referred in the above ayah.

So who are these custodians of wisdom? Has **Quran hinted** upon their presence? In this connection, we would see the following ayah:

- *"Khuda ne jo apne fazal se tum logon ko Quran ataa farmaya hai uske rashk per jale jaate hai to uska kya ilaaj hai,* ***Hum ne to Ibrahim (A. S) ki aulad ko kitab aur aqal ki baatein ataa farmayee*** *hai aur* ***un ko bahot badi sultanate bhi di****." – (Surah-e-Nisa, ayah 54)*

  *"(*Or **do they envy the people for what Allah has given them of His grace**? But indeed We have given **to Ibrahim's children the Book and the wisdom**, and **We have given them a grand kingdom)"**

As per the above ayah, these custodians of the holy Quran and Allah's wisdom are from the **descendants of Ibrahim (A.S)** and they have been given a **grand kingdom by the Almighty Allah**. They are **the inheritors of Quran** while **rest of the Ummah** is the **follower of the book**.

Let us see one more ayah before we reach any conclusion:

- *"**Balke wo khuli aayatein un logon ke sinon main maujood hain** jin ko ilm diya gaya hai aur siwaye zaalim logon ke Hamari aayaton ka inkaar koi bhi nahin karta." – (Surah-e-Anqaboot, ayah 49)*

  *"(***In fact they are clear verses in the hearts of those who have been given knowledge**; and none deny Our verses except the unjust.)"

When we relate the above two ayahs, we can understand that these custodians of knowledge are from the **lineage of Ibrahim (A.S) having the verses of Quran in their hearts.** It is their bosoms which are Allah's safe to protect and secure the verses of Quran. Thus they are **<u>the protectors Quran and provide safety to Allah's wisdom</u>**.

In this connection let us see few more ayahs:

- *"Ae Rasool (SAW)) kya Hum ne* ***tumhara sina (ilm se) kushada nahin kardiya?*** *Zaroor kiya – Aur Hum ne tum per se wo bojh utaar diya jis ne tumhari kamar tod rakkhi thi –* ***Aur tumhara zikr bhi buland kar diya"*** *– (Surah-e-Ash-Sharh, ayah 1-2-3-4)*

  *"(**Did We not widen your bosom?** And relieve you of the burden – Which had broken your back? **And We have exalted your remembrance for you.)"***

The holy Quran was revealed in the form of ***'wahi'*** to the holy prophet (SAW). And as per the ayah it first found the **bosom of our beloved prophet (SAW) to get itself stored**. Again as per

our above discussed inference the verses of Quran then moved to other custodians of knowledge from the lineage of Ibrahim (A.S).

The Quran which is owned by the Ummah is the copy of original Quran which was revealed to our holy prophet (pbuh). Everyone one of us gives utmost respect to this copy, **we kiss it and keep it at the place which is duly purified so that Quran can be kept there. The cloth which is used to wrap the copy of Quran is also purified. The copy of the Quran which we own is printed in some ordinary press on papers made by people like us.** Still because of the **ayahs the papers become sacred** and **we don't dare to show any kind of disrespect to these papers.**

Two things need to be understood here from. First of all if **we take so much care to purify the place where the copy of Quran needs to be kep**t; Allah (SWT) must have ensured that **the original Quran must be revealed on the purest of bosoms,** which is devoid of any kind of sin and filth. And when did Allah (SWT) purify it? When we look back at the **birth of Adam (A.S) we find that he was created as a Khalifa of Allah (SWT),** he did not require any prayers to reach to that position and **years of prayers of angels were no match for him** and they were asked to bow down to him and accept his supremacy.

Thus it means that all **the prophets and the people who are chosen by Allah (SWT)** are created at a **different level from normal human beings**. They are purified from their birth and they don't require worldly matters to attain supremacy. This applies to our prophet (pbuh) as well since he was the leader of all prophets.

The second point is, when the man-made paper on which the ayahs are printed becomes so pious and pure, what happens to belongings of those who had the Quran in their bosoms? **Would not the association of these things to their owners make them pure and worthy of respect as the paper on which ayahs are printed?**

And Quran does support our claim in the following ayah from Surah-e-Yusuf:

- *"Yeh mera **kurta le jaao** aur usko **abbajaan ke chehre per daal dena ke woh phir beena ho jaaenge (dekhne lagenge)** aur tum apne sab ladke baalon ko lekar mere paas chale aao." – (Surah-e-Yusuf, ayah 93)*

  *"(**Take this my shirt** and **cast it on my father's face, he will (again) be able to see**, and come to me with all your families.)"*

**It is because of the association of the shirt with Yusuf (A.S) that it gained the power of healing**. When it was casted on the face of Yaqub (A.S) he regained his lost eye-sight.

During Meraj when the Prophet (pbuh) reached **Sidrat-ul-Muntaha,** Jibraeel (A.S) who was accompanying him till this point showed his inability to go ahead any further. He told the Prophet (pbuh) that if he took even a step forward he would burn. An angel of the stature of Jibraeel (A.S) could not go beyond a certain point, while Rasool (SAW) then went ahead on his own. It is also a well-known fact that he was **wearing his sandals during Meraj. It is because of the association of the sandals with the feet of Rasool (SAW), they went ahead in Meraj to the point where even Jibraeel could not go without getting burnt.**

During Jihad-e-Karbala, after the martyrdom of Imam Hussain (A.S) while his beheaded body lay on the battlefield; **the head chanted verses of the Holy Quran** even as **it was raised over arrows and marched across Damascus.** It proves that **he was amongst the chosen inheritors of the Quran with clear ayahs in his bosom and death could not separate the Quran from the Imam.**

It was on **the sands of Karbala** that the **blood of Imam Hussain (A.S) was shed**; it is **because of this association** that the status of this sand got raised from **Khak to Khak-e-Shifa**.

For these reasons and many more Rasool (SAW) has said:

- **"I am from Hussain and Hussain is from me"** (Ref: Sahih Tirmizi, vol 6, P 307, Kanzul Ammal, vol 4, P 221, Masnad Ahmed, vol 4 P 972)

With the above mentioned inferences, It is proved that **Mohammed wa Aale Mohammed are the chosen slaves of Allah (SWT) upon whom He bestowed His Knowledge and Grace**. Let us now try to find out **what are His instructions in understanding "Allegorical" ayahs which are difficult to understand by a common Muslim**?

Thus Allah (SWT) instructs us in the following manner:

- *"To agar tum log khud nahin jaante ho* ***to ahl-e-zikr se pooch kar dekho****." – (Surah-e-Anbiya, ayah 7)*

  *"(**Ask the rememberancers (ahl-e-zikr),** if you do not know)"*

The above ayah says that if we don't understand certain matters we need to ask *Ahl-e-Zikr.*

And Imam Sa'labi reports from the authority of Jabir Ibn-e-Abdullah Ansari in his Tafseer that when this ayah was revealed, **Mawla Ali (A.S) said, "We are the rememberancers (ahl-e-zikr)".**

Further Mawla Ali (A.S) in one of his sermons in Nahj-ul-balagha says:

- “They (the opposers) have entered the oceans of disturbance and **have taken to innovations instead of the Sunnah (the Prophet's holy deeds, utterances and his unspoken approvals),** while the believers have sunk down, and the misguided and the liars are speaking. **<u>We are the near ones, companions, treasure holders and doors (to the Sunnah).</u>** Houses are not entered save through their doors. Whoever enters them from other than the door is called a thief.

  **The delicacies of the Qur'an are about them (Ahlu'l-bayt, the descendants of the Prophet)** and **<u>they are the treasurers of Allah</u>**. When **they speak they speak the truth**, but **when they keep quiet no one can speak unless they speak**” (Ref: Sermon 153, Nah-jul-balagha)

➔Our inferences till now stand vindicated by the above ayah and Mawla Ali (A.S)’sermon that Mohammed wa Aale Mohammed (SAW) (Ahl-ul-bait) are the true treasurers of Allah (SWT) and Ahl-e-Zikr upon whom Allah has bestowed His knowledge and grace. **<u>They are the doors to the Sunnah.</u>** Hence the prophet (pbuh) emphasized on following them to follow his Sunnah with perfection.

Uptill now we have applied our understanding and in the light of various ayahs we have reached the conclusion that the Ahl-ul-bait are the chosen guardian of Allah’s treasures and wisdom and they are purified ones. Let us now see the specific ayah which further confirms our conclusion.

- *“Ae **Paighambar ki Ahl-ul-bait** Khuda to buss yeh chahta hai ke tum ko har tarah ki **burai se door rakkhe** aur itna **paak rakkhe jitna paak rakhne ka haq hai**” - (Surah-e-Ahzab, Ayah 33)*

  *(“Verily, Verily Allah intendeth but **to keep off from you (every kind of) uncleanliness, O ye people of the House, and purify you with a thorough purification.”)***

Most of the commentators have unanimously agreed that this ayah is revealed to showcase the **‘piety’** and **purity** of Ahl-ul-bait (Ref: Tafseer Dhur Mansoor, Mulla Jalaluddin Suyuti, Vol 5, P 198-199).

We may often feel that why so much to them? Why nobody else and only they who are purified? In order to understand this let us take an example. A physician advices people in matters of health and lawyers would give advice regarding legal matters. Now imagine if a physician is corrupt and his reputation is really bad, people may not like to visit him for health tips and may not consult him. They may fear that his advice may harm them. Similarly in case of a lawyer too.

When we appoint somebody for the accomplishment of an important task **we appoint the most trusted of our people to execute**. **Ahl-ul-bait of Rasool (SAW) were custodians of Allah (SWT)'s knowledge and treasures.** It is **through them that Allah (SWT) has spread His knowledge**. **<u>Thus it was mandatory on Allah (SWT) to make them pure and keep away from them any kind of uncleanliness.</u>**

Now let us take a slightly different approach in understanding the above-mentioned inference. For this we would see the following ayahs from Surah-e-Kahf. It is a conversation between Musa (A.S) and Khizr (A.S):

- *"To jahan machhli chhodi thi dono ne Humare bandon main se ek khaas bande (Khizr) ko* ***paya jisko Humne apni bargaah se Rehmat (Wilayat) ka hissa ataa kiya tha aur Hum ne use Ilm-e-Ladunni apne khaas ilm main se kuch sikhaya tha –*** *Musa (A.S) ne un se (Khizr se) kaha kya aapki ijaazat hai ke main iss gharz se aap ke saath saath rahoon ke jo rahnumai ka ilm aapko Khuda ki taraf se sikhaya gaya hai uss mein se kuch mujhe bhi sikha deejye****. Khizr ne kaha main sikha to doon magar aap se mere saath sabr na hoga" –*** *(Surah-e-Kahf, ayah 65-66-67)*

  *"(So they found one of Our servants, on whom* ***We had bestowed Mercy from Ourselves and whom We had taught knowledge (ilm-e-Ladunni) from Our own Presence****. Moses said to him: "May I follow thee, on the footing that thou teach me something of the (Higher) Truth which thou hast been taught?" (The other) said:* ***"Verily thou wilt not be able to have patience with me!")"***

The above ayah talks about the incident of Musa (A.S)'s meeting with Khizr (A.S). We know that after the meeting he started following Khizr (A.S) and on 3 different occasions he could not hold himself and thus could not keep the promise made to Khizr (A.S) and had to depart ways there from.

When we reflect on the above ayah, we find that Khizr (A. S) was bestowed upon with **a little part of ilm-e-Ladunni** and **some part of Allah's Mercy.** **<u>This guided him and gave him the vision to see what was going to happen. He could envisage the future.</u>** Musa (A.S) was not part of this knowledge and hence could not foresee what was going to happen and became impatient.

Let us now take one more ayah and reflect on it in the light of above ayahs:

- *"Aur ae Rasool (SAW) kafir log kehte hai ke tum paighambar nahin ho to tum un se kehdo ke mere aur tumhare darmiyan* ***meri risalat ki gawahi ke waaste Khuda aur <u>wo shakhs jis ke paas aasmani kitab ka ilm hai kaafi hai."</u>*** *– (Surah-e-Ra'ad, ayah 43)*

*("Yet those who are disbelievers say: "You are not the apostle sent (by God)." Tell them:* ***"God is sufficient as witness between me and you****, and* ***<u>he who has knowledge of the Book."")</u>***

Two important results can be derived from the above ayah. **<u>There is a witness for Rasool (SAW)'s apostleship who is the most trusted by the Almighty Allah</u>** as Allah (SWT) has appointed him as a witness and the other result is that **<u>this witness has been bestowed upon with the entire knowledge of the holy book.</u>**

The person who has been given **"Knowledge" of holy book is definitely Mawla Ali** (Ref: Tafseer-e-Suyuti, Vol 4, P 69, Ahteyaj-e-Tabresi, Tafseer-e-Ayashi). Thus Mawla Ali (A.S) is the trusted witness to Rasool (SAW)'s apostleship who is bestowed upon the entire knowledge of the holy book.

From the ayahs of Surah-e-Kahf we found out that Khizr (A.S) was bestowed upon **a part of Allah's mercy and part of ilm-e-Ladunni** and this guided him to right decisions. And this knowledge gave him vision to foresee the future.

Our holy prophet (pbuh) is **<u>mercy to the worlds</u>** and **<u>Mawla Ali (A.S) has been given the entire</u>** <u>**knowledge**</u> then imagine what would have been their conduct? **What would be the level of their vision?** Can't we say that they could foresee what was going to happen then and act accordingly? **Would not each step they took be well guided and on the right path?**

Getting back to the example of the physician and the lawyer, let us again try to understand the above mentioned point. A good physician has the knowledge related to **health;** hence **he would not take a step which is unhealthy**. His every move would be for the betterment of his health. A lawyer has knowledge related to legal aspects and **<u>hence he would not take a step which is illegal.</u>**

Mawla Ali (A.S) had the knowledge of Allah's book. **<u>Hence his every step would be as per the book and Allah's wish. This knowledge gave him the vision and guidance to follow Allah's Will. This also explains why Allah talks about the piety of Ahl-ul-bait in Surah-e-Ahzab, ayah 33.</u>**

So if we **wish to know Allah's Will,** we need to **<u>look at the lives of Ahl-ul-bait</u>**. We by ourselves may fail to understand Quran completely but **<u>we can always refer to their lives and teachings to understand it.</u>**

Quran further confirms in the below-mentioned ayah:

- *"Phir Hum ne apne bandon main se khaas* ***un ko Quran ka waris banaya jinhain (ahl samjhkar) muntakhab kiya*** *kyonke bandon main se kuch to nafarmaani karke apni jaan par sitam dhaate hai aur kuch unmain se neki badi ke darmiyan hai aur* ***un main se kuch log Khuda ke ikhtiyar se nekiyon main auron se goya sabqat legaye hai, yehi intikhaab-o-sabqat to Khuda ka bada fazal hai."*** *– (Surah-e-Fatir, ayah 32)*

  *"(Then We have given* ***the Book for inheritance to such of Our Servants as We have chosen:*** *but there are among them some who wrong their own souls; some who follow a middle course; and some* ***who are by Allah's leave, foremost in good deeds; that is the highest Grace)"***

The prophet (pbuh) has said this for Mawla Ali:

- "The Holy Quran has **outward and inward** meanings and **Ali Ibne Abi Talib has the knowledge of both.** (Ref: Hilyatul Awaliya, Abu Nu'aym, vol 1 P 65)

And Mawla Ali (A.S) says in his sermon in Nah-jul-balagha that:

- By Allah, **I have knowledge of the conveyance of messages, fulfillment of promises and of entire expressions**. **<u>We the people of the house (of the Prophet - Ahlu'l-bayt) possess the doors of wisdom and light of governance</u>**. Beware that the paths of religion are one and its highways are straight. **He who follows them achieves (the aim) and secures (the objective).** And he who stood away from it went astray and incurred repentance. (Ref: Sermon 119, Nah jul Balagha)

➔**<u>Mawla Ali (A.S) and rest of the 11 Imams are the inheritors of Allah's book</u>**. We are the followers of the book and hence when we read the book we fail to understand certain ayahs which are allegorical, while **<u>Quran in their hands is entire knowledge</u>**. **<u>It reveals itself to them.</u>**

Whenever we see the land around us we find that it is being owned by one person or the other. And if it is unclaimed it is eventually owned by the government. It means that there is always somebody to take care of the land. Allah (SWT) created this earth and it has also appointed inheritors of this earth to take care of it. So let us try to find them.

In the following ayah Allah (SWT) says:

- *"Aur be-shak Zaboor main Hum ne ba'd nasihat ke yeh likh diya tha ke* ***(aakhir main) Mere naik bande zameen ke waaris ho jaaenge"*** *– (Surah-e-Anbiya, ayah 105)*

  "(Before this We wrote in the Psalms, after the Message (given to Moses): **My servants the righteous, shall inherit the earth.")**

In the Holy Scriptures prior to Quran, Allah did inform the world that at the end **<u>His righteous servants shall inherit the earth</u>**. It means that the earth would be **ruled by those obedient and chosen servants of Allah.**

There is similar reference even in Bible. As the Bible says:

- “**And as for Ishmael**, I have heard you: I will surely bless him; I will make him fruitful and will greatly increase his numbers. He will be **<u>the father of twelve rulers</u>**, **and I will make him into a great nation.”** (Ref: Genesis 17:20, The Bible, New International Version, NIV)

As per the above mentioned Genesis of Bible, Allah (SWT) promises Ibrahim (A.S) that there would be **<u>12 rulers from the lineage of Ismail (A.S)</u>** and He would make them into a great nation.

Thus even in today’s edition of **Bible there is a mention of 12 Imams from the lineage of Ismail (A.S) who would be rulers. They are the inheritors of this earth**. And that must be the reason that Rasool (SAW) often referred Mawla Ali (A.S) as **<u>‘Abu Turab’.</u>**

Again Mawla Ali (A.S) says in Nahjulbalagha that:

- “Where are those who falsely and unjustly claimed that they are deeply versed in knowledge, as against us, although **Allah raised us in position** and kept them down, bestowed upon us **knowledge** but deprived them, **and entered us (in the fortress of knowledge)** but kept them out**. With us guidance is to be sought** and blindness (of misguidance) is to be changed into brightness. **<u>Surely Imams (divine leaders) will be from the Quraysh. They have been planted in this line through Hashim.</u>** It would not suit others nor would others be suitable as heads of affairs.” – (Ref: Sermon 143, Nahjul balagha)

The 12 Imams from Bani Hashim are the light of guidance and also the inheritor of this earth. The way Quran would reveal itself**, even this earth would reveal its best form during the reign of 12th Imam when he comes out of occultation.**

That is why during his lifetime the prophet (pbuh) on various occasions emphasized on the importance of **understanding Quran through the guidance of Ahl-ul-bait**. He had said in Hadith-e-Saqlain that:

- ““I will soon be called away and will have to depart from you, but **I leave amongst you two weighty things; the book of the High and Mighty Allah and my progeny**. The Book of Allah is like **a rope which extends from the heavens to the earth**, and **my progeny**

**are the people of my house (Ahl-ul-bait).** The Subtle and Aware (**<u>Allah) tells me that the two shall never part from each other until they come to me at the Pool</u>.** So, take care **<u>how you treat them after me</u>**." (Ref: Musnad, Ahmed Ibn-e-Hambal, Part 3, P 26, Kanz-ul-Ummal, Part 1, P 47, Tirmizi, 5:328, Nisai 96:79, Ibn Atiyyah 1:34, Ibn-e-Hajar P 89)

The holy prophet (pbuh) has said that Quran and Ahl-ul-bait would never be separated and hence **<u>if we wish to be guided by Quran we need to follow Ahl-ul-bait</u>**.

So let me conclude with this couplet of Urdu shayri from Bedum Warsi:

*" 'Bedum' yahi to Paanch hai Maqsood-e-Kaenat,*

*Kherunnisa (A.S), Hussain o Hasan (A.S), Mustufa (SAW), Ali (A.S)"*

➔And pray to Allah that "O our Lord! This is our humble effort in Your path to reach You. Accept it and guide us through Quran and Your chosen inheritors of the book and make us steadfast on the right path. Keep us away from things which You dislike the most and give us strength to follow whatever You wish so that we can make this world a better place. Bless us with success in this world and hereafter." Aamin

# કુરઆને નાતિક

લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)

<u>બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ</u>

*બે વર્ષ કરતાં ય વધારે સમય સુધી મારાં મનપસંદ ગીતો અને સંગીતનો આનંદ માણ્યા પછી તાજેતરમાં જ મેં મારા બાળકોને આઈપોડ ભેટ આપી દીધો. શરૂઆતમાં હું મારા નિર્ણય વિષે શંકાશીલ હતો કેમકે મને એવું લાગ્યું કે* ***ટેકનોલોજી પર આધારિત આ ડિવાઈસનું સંચાલન કરવું તેમના માટે કદાચ અઘરૂં બનશે*** *અને સમજવા માટે ય સહેલું નહીં બને પરંતુ મારી શંકાઓ અને કુશંકાઓ ખોટી સાબિત થઈ કેમકે તેને પ્રાપ્ત કર્યા પછી નહિવત્ સમયમાં જ તેમણે* ***આઈપોડમાંની ઘણી બધી બાબતો શોધી કાઢી*** *કે જે હું બે વર્ષ સુધીમાં જ્યારે તે મારી માલિકીમાં હતો ત્યારે કરી શક્યો નહોતો.*

*જ્યારે તે આઈપોડ મારી પાસે હતો ત્યારે તો હું* ***તેને માત્ર મ્યુઝીક પ્લેયર તરીકે જ જોતો હતો.*** *જ્યારે તે* ***તેમના હાથોમાં જતો રહ્યો તો હવે તે*** *Wi-Fi, ગેમ્સ, સોસ્યલ નેટવર્કીંગ અને ચેટ્સ સહિત, માત્ર* ***મ્યુઝીક પ્લેયર કરતાંય વિશેષ બની ગયો.***

*જો કે મારી સરખામણીમાં તેઓ મારી ઉંમરથી અડધી કરતાં ય ઓછી ઉંમરના અને આછી કેળવણી ધરાવતા હોવા છતાં તેઓ મારા કરતાં વધારે સારી રીતે આઈપોડનું સંચાલન કરી શકતા હતા કેમકે તેઓ એક એવા યુગમાં જન્મ્યા છે કે જે ટેકનોલોજીની બાબતમાં ખૂબ આગળ છે અને એ અર્થમાં* ***તેમણે ટેકનોલોજીને વારસામાં મેળવી છે.***

→ કુરઆને પાક માર્ગદર્શન છે, તે એક ઈલાજ છે અને તેથી જ તો તે **ઈલ્મની સંપૂર્ણ કિતાબ છે.** પરંતુ જ્યારે આપણે તેની તિલાવત કરીએ છીએ ત્યારે **આપણે તેને સંપૂર્ણપણે સમજવામાં નિષ્ફળ જઈએ છીએ. આપણું દુન્યવી જ્ઞાન કિતાબના ગુહ્યાર્થ સમજવા માટે પર્યાપ્ત નથી** કેમકે **આપણે તો માત્ર આ કિતાબને અનુસરનારા જ છીએ, <u>તેના વારસદાર નથી.</u>**

આ લેખ દ્વારા ચાલો આપણે **કુરઆનના સાચા વારસદારો કે જેમને કિતાબનું સંપૂર્ણ ઈલ્મ અર્પણ કરવામાં આવ્યું છે** તેમને શોધી કાઢવાનો પ્રયત્ન કરીએ.

કુરઆને પાકની નીચેની આયતથી મને પ્રારંભ કરવા દો કે જે આયત હિદાયત પ્રાપ્ત કરવાનો માર્ગ દર્શાવે છે. આયત કહે છે :

- **'અને તે (અલ્લાહ) <u>કુફ્રની નાપાકી</u> એ જ લોકો પર નાખી દે છે કે જેઓ (દીનની બાબતમાં) <u>અક્કલનો ઉપયોગ કરતા નથી.</u>'**

(સૂરએ યુનૂસ, આયત-૧૦૦)

ગુમરાહીથી બચવા માટેનો સાચો અભિગમ તો **જુદા જુદા ધાર્મિક પ્રશ્નો ઉપર વિચાર અને મનન કરવાનો છે.** અલ્લાહ જે કંઈ ઈચ્છે છે તે આ છે અને આ રીતે જ કુરઆને આપણને માહિતી પૂરી પાડી છે અને એ જ તો બાબત છે કે જે બાબત કરવાનો અહીં આપણે ઈરાદો રાખીએ છીએ.

જો આપણે જુદી જુદી આયતો ઉપર ચિંતન કરીએ તો શું આપણે હંમેશાં હિદાયત પ્રાપ્ત હોવાનો દાવો કરી શકીએ ખરા ? આ બાબતને સમજવા માટે ચાલો આપણે ફરીથી નીચેની આયતનો સંદર્ભ જોઈએ :

- **'(હે રસૂલ !) એ જ તે (અલ્લાહ) છે કે જેણે તારા ઉપર આ કિતાબ ઉતારી છે કે જેની કેટલીક આયતો તો મુહકમ (સ્પષ્ટ અને એકઅર્થી) છે**

**અને એ જ આયતો કિતાબનું મૂળ છે અને બીજી આયતો મોતશાબેહ (ગોળ ગોળ / બહુઅર્થી) છે; હવે જે લોકોના અંતઃકરણોમાં અવળાઈ છે તેઓ તે(કિતાબ)માંની બહુઅર્થી આયતોને અનુસરે છે (અને તે કેવળ) <u>ફિત્નો ફેલાવવાના હેતુથી,</u> અને <u>તેનો અર્થ (પોતાની) ઈચ્છા મુજબ કરવાના હેતુથી,</u> જો કે તેનો (ખરો) અર્થ <u>અલ્લાહ અને તેમના સિવાય કે જેઓ જ્ઞાનમાં પ્રવીણ છે, અન્ય કોઈ જાણતું નથી.</u> અને તે (પ્રવીણ લોકો) કહે છે કે અમે તેના પર ઈમાન લાવ્યા, દરેક (દાખલા તથા આજ્ઞાઓ) અમારા પરવરદિગાર તરફથી છે, અને બુધ્ધિશાળીઓ સિવાય અન્ય કોઈ બોધ ગ્રહણ કરતા નથી.'** (સૂરએ આલે ઈમરાન, આયત-૭)

ઉપરોક્ત આયત કહે છે કે કુરઆનમાં સ્પષ્ટ અને બહુઅર્થી આયતોનું મિશ્રણ છે. સ્પષ્ટ આયતો સમજવી સહેલી છે અને જો **આપણે ચિંતન અને મનન કરીએ તો આપણે સાચા અર્થ સુધી પહોંચવા શક્તિમાન બની શકીએ**, જ્યારે બહુઅર્થી આયતોને સમજવી અઘરી છે.

વધુમાં કુરઆન ઉપરોક્ત આયતમાં જણાવે છે કે **આ બહુઅર્થી આયતોનો દુર્જન લોકોએ ફસાદ ઉત્પન્ન કરવા માટે અને હિંસાનો પ્રચાર કરવા માટે** અને આ રીતે **ઉમ્મતને ગેરમાર્ગે દોરવા માટે ઉપયોગ કર્યો છે.**

છેલ્લે, આયત જણાવે છે કે આ આયતોનો સાચો અર્થ માત્ર અલ્લાહ(સુ.વ.ત.) અને તેના પસંદ કરેલા માણસો જ જાણે છે કે જેઓ અલ્લાહની હિકમતના સાચા રક્ષકો છે.

આમ કુરઆનની વધારે સારી સમજ મેળવવાના હેતુથી, મારી દૃષ્ટિએ, આપણે નીચેની બાબતો કરવી જોઈએ :

- **સૌ પ્રથમ** તો **આપણે નિર્ણાયક(મુહકમ) આયતો ઉપર ચિંતન અને મનન** કરવાની અને સાચા અર્થ સુધી પહોંચવાની જરૂર છે.
- બીજું, અલ્લાહ(સુ.વ.ત.) સૌથી વધારે દયાળુ અને માફ કરનાર છે તે કારણે તેના શબ્દો આ રીતે દયા અને માનવતાનો પ્રચાર કરે છે અને તેથી જ બધી બહુઅર્થી આયતોનું ભાષાંતર આપણી સમક્ષ એવી રીતે રજૂ થયેલું હોય કે તે **દયા અને માનવતાના સિધ્ધાંતોની વિરૂધ્ધ હોય તો તેવા ભાષાંતરને રદ કરવું જોઈએ અને તેનો નિર્વિવાદપણે અસ્વીકાર કરવો જોઈએ.** જો આપણે આવું કરીશું તો તે બાબત ઈસ્લામ અને માનવતાના ઉદ્દેશ્યમાં સહાય કરશે.
- ત્રીજું, આપણે **અલ્લાહની હિકમતના આ રક્ષકોને** ઓળખી લેવા માટે મથન કરવું જોઈએ કે જેમનો ઉલ્લેખ ઉપરોક્ત આયતમાં કરવામાં આવી રહ્યો છે.

તેથી કોણ છે આ હિકમતના રક્ષકો ? શું **કુરઆને તેમની હાજરીનો ઈશારો કર્યો છે** ખરો ? આ સંદભર્માં આપણે નીચેની આયતો જોઈશું :

- **'શું તેઓ તે લોકોની કે જેમને અલ્લાહે પોતાની કૃપાથી જે કાંઈ આપ્યું છે (તે માટે) અદેખાઈ કરે છે ? તો બેશક અમોએ ઈબ્રાહીમની ઓલાદને કિતાબ અને મહાન બુધ્ધિ અર્પણ કરી હતી તથા તેમને ઘણી મોટી સલ્તનત આપી હતી.'**

(સૂરએ નિસા, આયત-૫૪)

ઉપરોક્ત આયત મુજબ કુરઆને પાક અને અલ્લાહની હિકમતના આ રક્ષકો **ઈબ્રાહીમ (અ.)ના વંશજો** છે અને **સર્વશક્તિમાન અલ્લાહે** તેમને એક **મોટી સલ્તનત આપી છે.** તેઓ **કુરઆનના વારસદાર છે** જ્યારે **બાકીની ઉમ્મત** તો **કિતાબને અનુસરનારી** છે.

આપણે કોઈ નિષ્કર્ષ પર આવીએ તે પહેલાં ચાલો આપણે એક વધુ આયત જોઈએ :

- '<u>પરંતુ તે લોકોનાં અંતઃકરણોમાં કે જેમને</u>

**જ્ઞાન આપવામાં આવ્યું છે, આ આયતો સ્પષ્ટ છે અને જાલિમ લોકો સિવાય અમારી આયતોનો ઈન્કાર કોઈ કરતું નથી.'**

(સૂરએ અન્કબુત, આયત-૪૯)

જ્યારે આપણે ઉપરની આયતોને એક બીજા સાથે જોડીએ તો આપણે સમજી શકીએ તેમ છીએ કે જ્ઞાનના આ રક્ષકો **તેમના દિલોમાં કુરઆનની આયતો ધરાવનાર ઈબ્રાહીમ(અ.)ની નસલમાંથી છે.** કુરઆનની આયતોને સાચવવા અને રક્ષવા માટે તેમની છાતીઓ અલ્લાહની તિજોરીઓ છે. તેથી **તેઓ કુરઆનના રક્ષકો છે અને અલ્લાહની હિકમતને સુરક્ષા પૂરી પાડે છે.**

આ બાબતમાં ચાલો થોડીક વધુ આયતો જોઈએ :

- **'(અય રસૂલ(સ.) !) શું અમે તારી છાતીને (ઈલ્મથી) વિસ્તૃત નથી કરી દીધી ? ચોક્કસ કરી દીધી છે - અને અમે તારા ઉપરથી એ બોજો ઉતારી દીધો છે કે જેણે તારી કેડ તોડી નાખી હતી - અને તારૂં વર્ણન પણ બુલંદ કરી દીધું.'**

(સૂરએ અશ્શર્હ, આયત-૧ થી ૪)

કુરઆને પાક **'વહી'**ના સ્વરૂપમાં પવિત્ર પયગમ્બર(સ.) ઉપર નાઝિલ થયું હતું અને આયત મુજબ તેનો સંગ્રહ થવા માટે તેણે આપણા **વહાલા પયગમ્બર(સ.)ની છાતીમાં સ્થાન મેળવ્યું.** ફરીથી આપણા ઉપરોક્ત અનુમાનની ચર્ચા મુજબ કુરઆનની આયતોએ ત્યાર પછી ઈબ્રાહીમ (અ.)ના વંશજોમાંથી હિકમતના બીજા રક્ષકોની છાતીઓમાં પણ સ્થાન મેળવ્યું.

કુરઆન કે જે અત્યારે ઉમ્મતની પાસે છે તે અસલ કુરઆનની નકલ છે કે જે પવિત્ર પયગમ્બર(સ.) ઉપર નાઝિલ થયું હતું. આપણામાંનો દરેક જણ નકલનો ખૂબ જ આદર કરે છે, **આપણે તેને ચૂમીએ છીએ અને એ સ્થળને સંપૂર્ણ રીતે પાક કરીએ છીએ જેથી કુરઆનને ત્યાં રાખી શકાય. એ કાપડ કે જે કુરઆનની નકલને લપેટવા માટે વપરાય છે તે પણ પાક હોય છે. કુરઆનની નકલ કે જે આપણી પાસે છે તે આપણા જેવા લોકો દ્વારા બનાવેલ કાગળ ઉપર સામાન્ય પ્રેસમાં છાપવામાં આવેલ છે.** આમ છતાં ય **આયત ધરાવતા કાગળો આપણા માટે પવિત્ર બની જાય છે અને આ કાગળો તરફ આપણે કોઈ પણ પ્રકારનો અનાદર કરવાની હિંમત કરતા નથી.**

આમાંથી આપણે બે બાબતો સમજવાની જરૂર છે. સૌ પ્રથમ તો એ કે જો આપણે **કુરઆનની નકલને જ્યાં રાખવા માગતા હોઈએ તે સ્થળને પાક કરવાની ખૂબ જ કાળજી રાખીએ.** તો અલ્લાહ(સુ.વ.ત.)એ ખાત્રી રાખેલી જ હોવી જોઈએ કે **અસલ કુરઆન સૌથી પવિત્ર છાતીઓ ઉપર નાઝિલ કરેલું** જ હશે કે જે કોઈ પણ પ્રકારના ગુનાથી અને ગંદકીથી મુક્ત હોય. તો અલ્લાહ (સુ.વ.ત.)એ તેને ક્યારે પવિત્ર બનાવ્યું? જ્યારે આપણે **આદમ(અ.)ના જન્મ** તરફ પાછા નજર કરીએ તો **આપણને જાણવા મળે છે કે તેમને અલ્લાહ(સુ.વ.ત.)ના ખલીફા તરીકે પેદા કરવામાં આવ્યા હતા.** ત્યારે તેમને એ સ્થાને પહોંચવા માટે કોઈ ઈબાદત કરવાની જરૂર પડી ન હતી અને **ફરિશ્તાઓની બંદગીનાં વર્ષો તો તેમની વિસાતમાં કંઈ જ ન હતાં** અને તેમને આદમ(અ.) સમક્ષ સિજદો કરવાનું અને તેમની સર્વોપરિતાનો સ્વીકાર કરવાનું કહેવામાં આવ્યું હતું.

આમ એનો અર્થ એ થયો કે બધા જ **પયગમ્બરો અને લોકો કે જેમને અલ્લાહ(સુ.વ.ત.) દ્વારા પસંદ કરવામાં આવ્યા છે** તેમને **સામાન્ય માણસોમાંથી અલગ અલગ દરજ્જે** પેદા કરવામાં આવ્યા છે. તેમને જન્મથી જ પવિત્ર બનાવેલ છે અને સર્વોપરિતા પ્રાપ્ત કરવા માટે તેમને દુન્યવી

બાબતોની જરૂર હોતી નથી. આ બાબત આપણા પયગમ્બર(સ.)ને પણ સરખી જ રીતે લાગુ પડે છે કારણ કે આપ તો બધા જ પયગમ્બરોના સરદાર હતા.

બીજો મુદ્દો આ છે. જ્યારે માનવસર્જિત કાગળ કે જેના ઉપર આયતો છપાયેલી હોય છે તે અત્યંત પવિત્ર અને શુધ્ધ બની જાય છે ત્યારે એમની સાથે સંબંધ ધરાવતી વસ્તુઓનું તો શું કહેવું કે જેમની છાતીઓમાં જ કુરઆન હોય? **જેવી રીતે એ કાગળો કે જેમના ઉપર આયતો છપાયેલી હોય તેવી જ રીતે આ બધી વસ્તુઓનો તેમના માલિકો સાથેનો સંબંધ શું તેમને શુધ્ધ અને સન્માનપાત્ર નહીં બનાવે?**

અને કુરઆન પણ સૂરએ યૂસુફની નીચેની આયતોમાં આપણા દાવાને સમર્થન આપે જ છે :

- **'લ્યો, મારું પહેરણ <u>લઈ જાઓ</u> અને તે <u>મારા બાપના મોઢા પર નાખી દેજો જેથી તે દેખતો થઈ જશે.</u> અને (પછી) તમારા સઘળા કુટુંબને મારી પાસે લઈ આવજો.'** (સૂરએ યૂસુફ, આયત-૯૩)

**યૂસુફ(અ.) સાથેના પહેરણના સંબંધને કારણે જ તેણે રોગ નિવારણની શક્તિ પ્રાપ્ત કરી હતી.** જ્યારે તેને યાકૂબ(અ.)ના ચહેરા પર નાખવામાં આવ્યું તો તેમણે પોતે ગુમાવેલી દૃષ્ટિ પાછી મેળવી લીધી.

મેઅરાજ વખતે જ્યારે પયગમ્બર(સ.) **સિદ્રતુલ મુન્તહા** પહોંચ્યા ત્યારે જિબ્રઈલ કે જે આપની સાથે અહીં સુધી તો આવ્યા હતા, તેમણે ત્યાંથી આગળ વધવાની અશક્તિ દર્શાવી હતી. તેમણે પયગમ્બર(સ.)ને કહ્યું કે જો તે એક ડગલું પણ આગળ વધશે તો બળીને ખાખ થઈ જશે. જિબ્રઈલ જેવા મરતબાવાળો ફરિશ્તો પણ એક ચોક્કસ હદથી આગળ જઈ શક્યો નહીં જ્યારે રસૂલ(સ.) ત્યાર પછી આપમેળે જ આગળ વધી ગયા. આ તો ખૂબ પ્રખ્યાત હકીકત છે કે મેઅરાજ દમિયાન આપે **<u>મોજડી પહેરેલી હતી. મોજડીના રસૂલ(સ.)ના પગ મુબારક સાથેના સંબંધને કારણે જ તે મોજડીઓ મેઅરાજમાં એ હદથી આગળ વધી કે જ્યાંથી જિબ્રઈલ દાઝયા વગર આગળ જઈ શક્યા ન હતા.</u>**

કરબલાની જિહાદ વખતે ઈમામ હુસૈન(અ.)ની શહાદત પછી જ્યારે સરમુબારકથી કાપેલું આપનું ધડ રણ મેદાનમાં પડી રહ્યું હતું ત્યારે **તેમનું સર મુબારક દમિશ્ક તરફની કૂચ દરમિયાન નેઝા ઉપર બુલંદ કરવામાં આવ્યું હતું તેમ છતાં કુરઆને પાકની આયતોની તિલાવત કરતું હતું.** આ બાબત સાબિત કરે છે કે **તેઓ પસંદ થયેલા, તેમની છાતીઓમાં સ્પષ્ટ આયતોવાળા કુરઆનના વારસદારોમાંથી હતા** અને **મોત કુરઆનથી ઈમામને અલગ કરી શક્યું ન હતું.**

તે **કરબલાની રેતી** ઉપર જ **ઈમામ હુસૈન(અ.)નું ખૂન વહાવવામાં આવ્યું** હતું અને **આ સંબંધને કારણે** જ આ રેતીનો મરતબો બુલંદ થયો, **ખાકમાંથી ખાકે શિફા.**

આ તેમજ બીજાં ઘણાં કારણોને લીધે રસૂલ(સ.)એ ફરમાવ્યું છે :

- **હુસૈનુમ મિન્ની વ અના મેલન હુસૈન.**
  (હું હુસૈનથી છું અને હુસૈન મારાથી છે.)
  (સંદર્ભ : સહીહ તિરમિઝી, ભાગ-૬, પેજ-૩૦૭, કન્ઝુલ અમ્માલ, ભાગ-૪, પેજ-૨૨૧, મસ્નદ એહમદ, ભાગ-૪, પેજ-૯૭૨)

ઉપર દર્શાવેલાં અનુમાનોથી સાબિત થાય છે કે **મોહંમદ વ આલે મોહંમદ અલ્લાહ (સુ.વ.ત.)ના પસંદ થયેલા બંદાઓ છે કે જેમના ઉપર તેણે પોતાનું ઈલ્મ અને રહેમત અર્પણ કરેલી છે.** ચાલો હવે આપણે એ શોધવાનો પ્રયત્ન કરીએ કે **'બહુઅર્થી' આયતો કે જે સામાન્ય મુસલમાન**

**માટે સમજવી અઘરી છે, તેમને સમજવા માટે અલ્લાહના આદેશો શું છે ?**

અલ્લાહ(સુ.વ.ત.) આ રીતે આપણને નીચે મુજબ આદેશ આપે છે :

● **'તથાપિ જો તમે પોતે જાણતા ન હો તો એહલે ઝિક્રને પૂછો.'** (સૂરએ અંબિયા, આયત-૭)

ઉપરોક્ત આયત બતાવે છે કે જો આપણે અમુક બાબતોમાં સમજણ ન પડે તો આપણે એહલે ઝિક્રને પૂછવાની જરૂર છે.

અને ઈમામ સઅ'લબી જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારીના હવાલાથી તેમની તફસીરમાં જણાવે છે કે જયારે આ આયત નાઝિલ થઈ ત્યારે **મૌલા અલી(અ.)એ ફરમાવ્યું, અમે એહલે ઝિક્ર છીએ.**

વધુમાં, મૌલા અલી(અ.) નહજુલ બલાગહમાં પોતાના એક ખુત્બામાં ફરમાવે છે,

● 'તે(વિરોધી)ઓ જાહેર અશાંતિના મહાસાગરમાં પ્રવેશ્યા છે અને **સુન્નતો(નબી સાહેબનાં પવિત્ર કાર્યો, અવતરણો અને તેમની વણબોલેલી સહમતીઓ)ને બદલે બિદ્અતોને અપનાવી લીધી છે** જયારે ઈમાનદારો નીચે ડૂબી ગયા છે અને ગુમરાહ અને જૂઠ્ઠાઓ બોલી રહ્યા છે. **અમે કરાબતદારો (નિકટવર્તી લોકો), અસ્હાબો, ખજાનચીઓ અને (સુન્નતનાં) દ્વાર છીએ.** બારણામાંથી ગયા વગર ઘરમાં પ્રવેશાય નહીં. જે કોઈ બારણા સિવાય બીજી રીતે તેમાં પ્રવેશે છે તેને ચોર કહેવાય છે.

**કુરઆનની સૌમ્યતાઓ (નાજુકતાઓ) તેમના (એહલેબયત, પયગમ્બરના વંશજો) વિષે** છે અને **તેઓ અલ્લાહના ખજાનચીઓ છે.** જયારે તેઓ બોલતા હોય છે તો સત્ય જ બોલતા હોય છે, પરંતુ જયારે તેઓ ચૂપ હોય છે ત્યારે કોઈ પણ બોલી શકતું નથી સિવાય કે તેઓ બોલે.

(સંદર્ભ : ખુત્બા નં.૧૫૩, નહજુલ બલાગહ)

→ આપણાં અનુમાનો અત્યાર સુધી તો ઉપરોક્ત આયત દ્વારા અને મૌલા અલી(અ.)ના ખુત્બા દ્વારા ન્યાયયુકત પુરવાર થયેલાં છે કે મોહંમદ(સ.) વ આલે મોહંમદ(સ.) (અર્થાત એહલેબયત) અલ્લાહ (સુ.વ.ત.)ના સાચા ખજાનચીઓ છે અને અહેલે ઝિક્ર છે જેમના ઉપર અલ્લાહે પોતાનું જ્ઞાન (હિકમત) અને રહેમત વરસાવી છે. **તેઓ સુન્નતનાં દ્વાર છે.** તેથી જ તો તેમની સુન્નત ઉપર સંપૂર્ણપણે અનુસરવા માટે પયગમ્બર(સ.)એ તેમનું અનુસરણ કરવા ઉપર ભાર મૂક્યો છે.

અત્યાર સુધી તો આપણે આપણી સમજ શક્તિને કામે લગાડી અને જુદી જુદી આયતોના પ્રકાશમાં આપણે એવા નિચોડ પર પહોંચ્યા છીએ કે અહેલબેયત અલ્લાહના ખજાનાઓના અને હિકમતના પસંદગીપાત્ર રક્ષકો છે અને તેઓ બધા જ પવિત્ર થયેલા છે. હવે ચાલો આપણે એ ખાસ આયતને જોઈએ કે જે આપણા નિષ્કર્ષને વધારે સમર્થન આપે છે :

● **'હે <u>એહલેબયત (રસૂલના ઘરવાળાઓ)</u> ! સિવાય તેના કાંઈ જ નથી કે અલ્લાહ ચાહે છે કે તમારાથી દરેક પ્રકારની <u>અપવિત્રતા દૂર કરી દે</u> અને તમને <u>સંપૂર્ણ રીતે પાક પવિત્ર કરી દે.'</u>**

(સૂરએ અહઝાબ, આયત-૩૩)

મોટા ભાગના તફસીરકારો સર્વાનુમતે સહમત થયેલા છે કે આ આયત એહલેબયતની **ધર્મનિષ્ઠા** અને **પવિત્રતા** દર્શાવવા માટે નાઝિલ થયેલી છે. (સંદર્ભ : તફસીરે દુર્રે મન્સુર, મુલ્લા જલાલુદ્દીન સુયુતિ, ભાગ-૫, પેજ-૧૮૯-૧૯૯)

આપણને ઘણી વાર એવું લાગે છે કે એમના માટે આટલું બધું શા માટે ? બીજું કોઈ નહીં અને માત્ર તેઓ જ શા માટે એવા છે કે જે પવિત્ર થયેલા છે ? આને સમજવા માટે ચાલો એક ઉદાહરણ

લઈએ. કોઈ ડૉક્ટર હોય તો તે લોકોને સ્વાસ્થ્યની બાબતમાં સલાહ આપે છે અને વકીલો કાયદાકીય બાબતો સંબંધી સલાહ આપે છે. હવે કલ્પના કરો કે કોઈ ડૉક્ટર ભ્રષ્ટ હોય અને તેની પ્રતિષ્ઠા ખરેખર ખરાબ હોય તો લોકોને સ્વાસ્થ્ય અંગેની સલાહ માટે તેની મુલાકાત લેવાનું નહીં ગમે અને કદાચ તેનો સંપર્ક ન કરે. તેમને કદાચ એવો ભય લાગશે કે તેની સલાહ કદાચ તેમને નુકસાન કરશે. બસ આવું જ વકીલની બાબતમાં પણ છે.

જયારે આપણે કોઈ અગત્યના કાર્યની પરિપૂર્ણતા માટે કોઈકને નિયુક્ત કરીએ છીએ તો **તે કામને અમલમાં મૂકવા માટે** આપણા લોકોમાંથી **સૌથી વિશ્વાસપાત્રની નિમણૂંક કરીએ છીએ. રસૂલ(સ.)નાં એહલેબયતનાં અલ્લાહ (સુ.વ.ત.)ના ઈલ્મના અને ખજાનાઓના રક્ષકો હતા. એમના દ્વારા જ અલ્લાહ (સુ.વ.ત.)એ પોતાના ઈલ્મને પ્રસરાવ્યું છે. <u>તેથી તેમને પવિત્ર બનાવવાનું અને કોઈ પણ પ્રકારની અપવિત્રતાઓથી તેમને દૂર રાખવાનું અલ્લાહ માટે ફરજીયાત બની ગયું હતું.</u>**

હવે ઉપર જણાવેલ અનુમાનને સમજવા માટે જરાક જુદો જ અભિગમ અપનાવીએ. આના માટે આપણે સૂરએ કહ્ફમાંથી નીચેની આયતો જોઈશું. આ મૂસા(અ.) અને ખિઝર(અ.) વચ્ચેનો વાર્તાલાપ છે :

- **'અને (જયાં માછલી છોડી હતી) (ત્યાં) તે બન્નેએ અમારા બંદાઓ માંહેના એક બંદા ખિઝરને દીઠો કે <u>જેને અમોએ અમારી પાસેથી રહેમત (વિલાયત)નો હિસ્સો અર્પણ કર્યો હતો અને જેને અમોએ અમારા જ્ઞાનમાંથી થોડું જ્ઞાન શીખવ્યું હતું.</u> * મૂસાએ તેને વિનંતી કરી કે શું હું તારી સાથે રહું એવી શરતે કે જે સન્માર્ગનું જ્ઞાન તને શીખવવામાં આવ્યું છે તેમાંથી તું મને પણ થોડુંક શીખવે ? <u>(ખિઝરે) કહ્યું, (હું શીખવાડીશ તો ખરો પણ) તું મારી સાથે હરગીઝ ધીરજ ધરી શકશે નહીં.</u>**

(સૂરએ કહ્ફ, આયત-૬૫ થી ૬૭)

ઉપરોક્ત આયત મૂસા(અ.)ની ખિઝર(અ.) સાથેની મુલાકાતના પ્રસંગ વિષે વાત કરે છે. આપણે જાણીએ છીએ કે મુલાકાત પછી તેમણે ખિઝર (અ.)ની પાછળ પાછળ ચાલવાનું શરૂ કર્યું અને જુદા જુદા ત્રણ પ્રસંગોએ તેઓ ધીરજ ધરી શક્યા નહીં અને ખિઝર(અ.)ને આપેલ વચનને પાળી શક્યા નહીં અને ત્યાંથી તેમણે અલગ અલગ રસ્તે વિખુટા પડવું પડ્યું.

જયારે આપણે આ આયત ઉપર મનન કરીએ તો આપણે જાણવા પામીએ છીએ કે ખિઝર(અ.)ને અલ્લાહના ખાસ ઈલ્મ **(ઈલ્મે લદુન્ની)નો થોડોક ભાગ** અને **અલ્લાહની રહેમતનો થોડોક ભાગ** અર્પણ કરવામાં આવ્યો હતો. **<u>આ (ઈલ્મ) તેમને હિદાયત કરતું હતું અને ભવિષ્યમાં શું બનવાનું છે તે જોવાનું દૃશ્ય પૂરું પાડતું હતું. તેઓ ભવિષ્યનું માનસિક ચિત્ર જોઈ શકતા હતા.</u>** (મૂસા(અ.) પાસે આ જ્ઞાનનો ભાગ ન હતો અને તેથી જ શું બનવાનું છે તેનું ભવિષ્ય જોઈ શકતા ન હતા અને અધીરા બની ગયા.

ચાલો હવે એક વધારે આયત જોઈએ અને ઉપરોક્ત આયતના પ્રકાશમાં તેના ઉપર વિચાર કરીએ :

- **'અને જે લોકો ઈમાન નથી લાવ્યા તેઓ કહે છે કે તું કોઈના તરફથી મોકલવામાં આવેલો (પયગમ્બર) નથી (પણ) કહી દે કે મારી અને તમારી વચ્ચે રિસાલતની સાક્ષી આપનાર (એક તો) અલ્લાહ પુરતો છે <u>અને (બીજો) એ છે કે જેની પાસે આ કિતાબ(કુરઆન)નું સંપૂર્ણ જ્ઞાન છે.'</u>**

(સૂરએ રઅદ, આયત-૪૩)

ઉપરની આયત ઉપરથી બે અગત્યનાં પરિણામો તારવી શકાય. **રસૂલ(સ.)ની પયગમ્બરી માટેનો એક સાક્ષી છે કે જે સર્વશક્તિમાન અલ્લાહ(સુ.વ.ત.) દ્વારા સૌથી વિશ્વાસપાત્ર છે.** કેમકે અલ્લાહ(સુ.વ.ત.)એ તેને સાક્ષી તરીકે નિયુક્ત કરેલ છે અને બીજું પરિણામ એ છે કે **આ સાક્ષીને પવિત્ર કિતાબનું સંપૂર્ણ જ્ઞાન અર્પણ કરવામાં આવેલ છે.**

જે વ્યક્તિને **પવિત્ર કિતાબનું જ્ઞાન આપવામાં આવ્યું છે તે ચોક્કસપણે મૌલા અલી(અ.) છે.**

(સંદર્ભ : તફસીરે સુયુતિ, ભાગ-૪, પેજ-૬૯, એહતિયાજે તબરેસી, તફસીરે અયાશી) આમ મૌલા અલી(અ.) જ રસૂલ(સ.)ની રિસાલતના વિશ્વાસપાત્ર સાક્ષી છે કે જેમને પવિત્ર કિતાબનું સંપૂર્ણ જ્ઞાન અર્પણ કરવામાં આવેલ છે.

સૂરએ કહફની આયત ઉપરથી આપણે શોધી કાઢ્યું કે ખિઝર(અ.)ને **અલ્લાહની રહેમતનો થોડોક ભાગ અને ઈલ્મે લદુન્નીનો પણ ભાગ** અર્પણ કરવામાં આવ્યો હતો અને તે તેમને સાચો નિર્ણય આપવામાં માર્ગદર્શન આપતું હતું અને આ જ્ઞાને તેમને ભવિષ્યમાં જોવાની દૃષ્ટિ આપી હતી.

આપણા પવિત્ર પયગમ્બર(સ.) **<u>આલમીનના માટે રહેમત</u>** છે અને **<u>મૌલા અલી(અ.)ને સંપૂર્ણ જ્ઞાન આપવામાં આવેલું છે.</u>** હવે કલ્પના કરો કે તેમનું વર્તન કેવું હશે ? **<u>તેમનું ભવિષ્યને જોવાનું સ્તર કેવું હતું ?</u>** શું આપણે એવું ન કહી શકીએ કે જે કંઈ થવાનું છે તેને તેઓ જોઈ શકતા હતા અને તે મુજબ કર્યા કરતા હતા ? **<u>તેમણે જે પ્રત્યેક પગલું લીધેલું હતું તે શું સાચી દિશામાં અને સાચા માર્ગ પર ન હતું ?</u>**

ડૉકટર અને વકીલના ઉદાહરણ તરફ પાછા જતાં, ચાલો આપણે ફરીથી ઉપર દર્શાવેલ મુદ્દાને સમજવા માટે પ્રયત્ન કરીએ. એક સારા ડૉક્ટર પાસે **સ્વાસ્થ્ય** સંબંધી જ્ઞાન હોય છે. તેથી **તે એવું પગલું નહીં ભરે કે જે બિનઆરોગ્યપ્રદ હોય.** તેનું પ્રત્યેક હલનચલન તેની તંદુરસ્તીની સુધારણા તરફનું હશે. વકીલને કાયદાકીય બાબતો સંબંધી જ્ઞાન હોય છે અને **<u>તેથી જ તે એવું પગલું નહીં ભરે કે જે બિનકાયદેસર હોય.</u>**

મૌલા અલી(અ.)ની પાસે અલ્લાહની કિતાબનું જ્ઞાન હતું. **<u>આથી એમનું પ્રત્યેક પગલું કિતાબ અને અલ્લાહની મરજી મુજબનું હશે. આ જ્ઞાને તેમને અલ્લાહની ઈચ્છા મુજબ અનુસરવાની દૃષ્ટિ અને હિદાયત આપી. આ પણ સમજાવે છે કે અલ્લાહ સૂરએ અહઝાબ આયત-૩૩માં એહલેબયતની ધર્મનિષ્ઠા વિષે શા માટે વાત કરે છે.</u>**

**તેથી જો આપણે અલ્લાહની મરજીને જાણવાની ઈચ્છા કરીએ તો આપણે <u>એહલેબયતની જીવનતરાહ તરફ નજર કરવાની</u> જરૂર છે. આપણે પોતે જ કુરઆનને સંપૂર્ણપણે સમજવામાં કદાચ નિષ્ફળ જઈએ પરંતુ <u>આપણે હંમેશાં તેને સમજવા માટે તેમના જીવન અને તાલીમને ગ્રહણ કરી શકીએ.</u>**

નીચે દર્શાવેલી આયતમાં કુરઆન શરીફ વધુ સમર્થન આપે છે :

- **પછી <u>અમોએ અમારી કિતાબના વારસ તેમને બનાવ્યા કે જેમને અમોએ અમારા તમામ બંદાઓમાંથી ચૂંટી લીધા હતા;</u> પણ તે(બંદા)ઓમાંથી કેટલાક તો પોતાના ઉપર જુલમ કરનારા છે અને તેમનામાંથી કેટલાક મધ્યમ (માર્ગે) વિચરનારા છે અને તેમનામાંથી કેટલાક અલ્લાહના હુકમથી <u>નેકીઓમાં આગળ વધી જનારા છે; અને એ જ મોટી કૃપા છે.'</u>**

(સૂરએ ફાતિર, આયત-૩૨)

પયગમ્બર(સ.)એ મૌલા અલી(અ.) માટે

આવું ફરમાવ્યું છે :

● કુરઆને મજીદ **બાહ્ય** અને **આંતિરક** ભાવાર્થ ધરાવે છે અને **અલી ઈબ્ને અબીતાલિબ(અ.) પાસે આ બન્નેનું જ્ઞાન છે.** (સંદર્ભ : હિદાયતુલ અવલિયા, અબુ નુ'ઐમ ભાગ-૧, પેજ-૬૫)

અને મૌલા અલી(અ.)એ પણ નહજુલ બલાગહમાં પોતાના ખુત્બામાં ફરમાવ્યું છે કે -

● અલ્લાહની કસમ, **મારી પાસે સંદેશાઓને પહોંચાડવાનું, વચનોને પરિપૂર્ણ કરવાનું અને સમગ્ર અભિવ્યક્તિઓનું જ્ઞાન છે અમે (પયગમ્બરના) એહલેબયત છીએ, હિકમતના દ્વારોની અને સંચાલન પધ્ધતિના નૂરની માલિકી ધરાવીએ છીએ.** સાવધ રહો કે ધર્મના રસ્તાઓ એક છે અને તેના રાજમાર્ગો સીધા છે. **એ કે જે તેમને અનુસરે છે તે (ધ્યેયને) પ્રાપ્ત કરે છે અને (હેતુને) સુરક્ષિત કરે છે** અને જે તેનાથી દૂર જતો રહ્યો તે ગુમરાહ થયો અને તૌબાને પાત્ર ઠર્યો.

(સંદર્ભ : નહજુલ બલાગહ, ખુત્બા નં.૧૧૯)

→ **મૌલા અલી(અ.) અને બાકીના અગિયાર ઈમામો અલ્લાહની કિતાબના વારસદાર છે.** આપણે કિતાબને અનુસરનારા છીએ અને તેથી જ જ્યારે આપણે (આ) કિતાબ પઢીએ છીએ ત્યારે આપણે અમુક આયતો કે જે બહુઅર્થી છે તેમને સમજવામાં નિષ્ફળ જઈએ છીએ. જ્યારે <u>**તેમના હાથમાં રહેલું કુરઆન સંપૂર્ણ જ્ઞાન છે. તે જાતે જ તેમની આગળ પ્રગટ થઈ જાય છે.**</u>

જ્યારે જ્યારે આપણે આપણી આજુબાજુની જમીન જોઈએ છીએ તો આપણને જાણવા મળે છે કે તે કોઈને કોઈ વ્યક્તિની માલિકીની હોય છે. જો તેના ઉપર કોઈ દાવો ધરાવતો ન હોય તો તે જમીન છેવટે તો સરકારની માલિકીની હોય છે. તેનો અર્થ થાય કે જમીનની કાળજી લેનારો કોઈને કોઈ હંમેશાં હોય જ છે. અલ્લાહ(સુ.વ.ત.)એ આ પૃથ્વીને બનાવી છે અને તેણે આ પૃથ્વીની કાળજી લેવા માટે વારસદારો પણ નિયુક્ત કર્યા છે. તો ચાલો આપણે તેમને શોધી કાઢીએ.

નીચેની આયતમાં અલ્લાહ(સુ.વ.ત.) ફરમાવે છે :

● **'અને ખચીત જ અમોએ ઝબૂરમાં નસીહત (કર્યા) બાદ આવું લખી દીધું હતું કે <u>છેવટે તો મારા</u> નેક બંદાઓ જ તે(પૃથ્વી)ના <u>વારસદાર બનશે.'</u>**

(સૂરએ અંબિયા, આયત-૧૦૫)

કુરઆન પહેલાંના પવિત્ર સહીફાઓમાં અલ્લાહે દુનિયાને માહિતી આપી જ હતી કે છેવટે <u>તેના નેક બંદાઓ પૃથ્વીના વારસદાર બનશે.</u> તેનો અર્થ એ થાય છે કે પૃથ્વીનું **શાસન એવા આજ્ઞાકિંત અને અલ્લાહના પસંદ થયેલા બંદાઓ જ ચલાવશે.**

બાઈબલમાં પણ આવો જ સંદર્ભ છે. બાઈબલ કહે છે :

● **'અને ઈસ્માઈલના માટે** મેં તારી વાત પણ સાંભળી છે : હું ચોક્કસ તેના પર રહેમત વરસાવીશ; હું તેને ફળદાયી બનાવીશ અને તેમની સંખ્યામાં પણ ખૂબ વધારો કરીશ. તેઓ <u>**બાર શાસકોના પિતા બનશે**</u> **અને હું તેને એક મહાન સલ્તનત(ઉમ્મત)માં ફેરવી નાખીશ.'**

(સંદર્ભ : જેનિસિસ ૧૭:૨૦, ધ બાઈબલ, ન્યુ ઈન્ટરનેશનલ વર્ઝન NIV)

બાઈબલના પ્રથમ ખંડ જેનિસિસમાં જણાવ્યા અનુસાર, અલ્લાહ(સુ.વ.ત.) ઈબ્રાહીમ(અ.)ને વચન આપે છે કે **ઈસ્માઈલ(અ.)ની નસલમાંથી બાર શાસકો (ઈમામો)** બનશે અને તે તેમને એક મહાન સલ્તનતમાં ફેરવશે.

આ રીતે આજના **બાઈબલ**ની આવૃત્તિમાં પણ <u>ઈસ્માઈલ(અ.)ના વંશમાંથી બાર ઈમામોનો ઉલ્લેખ છે કે જેઓ શાસકો બનશે. તેઓ પૃથ્વીના વારસદારો છે.</u> અને એ કારણને લીધે જ તો

રસૂલ(સ.) મૌલા અલી(અ.)ને **<u>અબુતુરાબ</u>** તરીકેનો સંદર્ભ આપતા હતા.

ફરીથી મૌલા અલી(અ.) 'નહજુલ બલાગહ'માં ફરમાવે છે :

- 'એ લોકો ક્યાં ગયા કે જેઓ ખોટી રીતે અને અન્યાયી રીતે એવો દાવો કરતા હતા કે તેઓ જ્ઞાનની બાબતમાં અમારા મુકાબલામાં પ્રવીણ છે? જો કે **અલ્લાહે અમને હોદ્દામાં ઊંચે ચઢાવ્યા છે** અને તેમને નીચે રાખ્યા છે, અમને **ઈલ્મથી** નવાજ્યા છે પરંતુ તેમને (તેનાથી) વંચિત રાખ્યા છે અને **અમને (ઈલ્મના કિલ્લામાં) દાખલ કર્યા છે** પરંતુ તેમને બહાર રાખ્યા છે **અમારા થકી હિદાયત મેળવવાની છે** અને (ગુમરાહીના) અંધકારને તેજસ્વીતામાં પરિવર્તિત કરવાનો છે. **<u>ચોક્કસપણે ઈમામો (ઈલાહી સરદારો) કુરૈશમાંથી હશે. તેમનું હાશિમ દ્વારા આ નસલમાં રોપણ કર્યું છે.</u>** તે બાબત અન્ય લોકોને અનુકૂળ નહીં આવે અને અન્ય લોકો કામકાજના ઉપરી તરીકે પણ અનુકૂળ નહીં બને.'

(નહજુલ બલાગહ, ખુત્બા નં.૧૪૩)

બની હાશિમમાંથી બાર ઈમામો હિદાયતનાં નૂર છે અને પૃથ્વીના વારસદાર પણ છે. જેવી રીતે કુરઆન પોતે જ સ્વયં પ્રગટ કરશે એવી જ રીતે **આ પૃથ્વી પણ તેનું સર્વશ્રેષ્ઠ સ્વરૂપ બારમા ઈમામના શાસનમાં પ્રગટ કરશે કે જ્યારે તેઓ ગયબતમાંથી બહાર આવશે.**

તેથી જ તો પયગમ્બર(સ.)એ પોતાના જીવનકાળ દરમિયાન વિવિધ પ્રસંગોએ **એહલેબયતની હિદાયત દ્વારા કુરઆનને સમજવાની** અગત્યતા ઉપર ભાર મૂક્યો હતો. આપે હદીસે સકલૈનમાં ફરમાવ્યું છે કે -

- ટૂંક સમયમાં જ મને બોલાવી લેવામાં આવશે અને તમારાથી વિખુટા પડવું પડશે. પરંતુ હું **તમારી વચ્ચે બે વજનદાર વસ્તુઓ મૂકતો જાઉં છું; અલ્લાહ તબારક વ તઆલાની કિતાબ અને મારા વંશજો.** અલ્લાહની કિતાબ **એક રસ્સીના જેવી છે કે જે આકાશોથી માંડીને પૃથ્વી સુધી વિસ્તરેલી છે** અને **મારા વંશજો** મારા ઘરના માણસો **(એહલેબયત)** છે. હિકમતવાળો અને સભાન **<u>(અલ્લાહ મને ફરમાવે છે કે આ બન્ને એકબીજાથી અલગ નહીં થાય જ્યાં સુધી તેઓ મને હૌઝે (કૌસર) પર આવીને ન મળે.</u>** તેથી કાળજી રાખજો કે તમે મારા પછી આ બન્ને સાથે કેવો વ્યવહાર રાખો છો. (સંદર્ભ : મુસ્નદ, એહમદ ઈબ્ને હંબલ, ભાગ-૩, પેજ-૨૬, કન્ઝુલ અમ્માલ, ભાગ-૧, પેજ-૪૭, તિરમિઝી, ૫ઃ૩૨૮, નિસાઈ ૯૬ઃ૭૯, ઈબ્ને અતિય્યા ૧ઃ૩૪, ઈબ્ને હજર પેજ-૬૯)

પયગમ્બરે અકરમ(સ.)એ ફરમાવ્યું છે કે કુરઆન અને એહલેબયત કદી પણ અલગ નહીં થાય અને તેથી **<u>જો આપણી ઈચ્છા કુરઆન દ્વારા હિદાયત પ્રાપ્ત કરવાની હોય તો આપણે એહલેબયતને અનુસરવાની જરૂર છે.</u>**

તેથી જ તો મને બેદમ વાર્સીની ઉર્દૂ શાયરીની આ બે કડીઓથી સમાપન કરવા દો :

***'બેદમ' ! યહી તો પાંચ હૈ મકસૂદે કાઈનાત,***
***ખૈરૂન્નિસા(અ.), હુસૈનો હસન(અ.), મુસ્તફા(અ.), અલી(અ.).***

→ અને અલ્લાહથી દુઆ માગીએ કે 'અય અમારા પાલનહાર ! તારા રસ્તા ઉપર ચાલીને તારા સુધી પહોંચવાનો અમારો આ નમ્ર પ્રયાસ છે. તેનો સ્વીકાર કરજે અને અમને કુરઆન અને તારા પસંદ કરેલા કિતાબના વારસદારો દ્વારા અમને હિદાયત કરજે અને અમને સીધા માર્ગ પર અવિચળ રાખજે. તને સૌથી વધારે અણગમતી હોય તેવી વસ્તુઓથી અમને દૂર રાખજે અને તું જે કંઈ ઈચ્છતો હોય તેને અનુસરવાની શક્તિ પ્રદાન કરજે જેથી અમે બધા આ દુનિયાને વધારે સારું સ્થળ બનાવી શકીએ. અમો આલોક અને પરલોક બન્નેમાં સફળ થઈએ તેવી અમારા ઉપર કૃપા કરજે, આમીન. *

# આરોગ્યની સાચવણી

**'Prevention is better than cure.'**

## બાળ જન્મ

(ગતાંકનું ચાલુ)

આજ કાલ દરેક પ્રસૂતિ વખતે લગભગ પેઈન કિલર દવા આપવાની જરૂરી હોય તેમ તેનો ઉપયોગ થાય છે પરંતુ આ બાબતે નૈતિક નિષ્ણાતો કંઈક અલગ વાત રજૂ કરે છે. જો સ્ત્રી પેઈન કિલર વગર બાળકને જન્મ આપવા માનસિક રીતે તૈયાર હોય અને પ્રસવ પીડાને હળવાશથી સહી શકતી હોય ત્યારે સ્ત્રી શરીરમાંથી એન્ડ્રોફીન નામનું હોર્મોન મુક્ત થાય છે જે ખરેખર કુદરતી પેઈન કિલર જ છે. આ હોર્મોન ફક્ત ભારે કસરત અને પ્રસૂતિની પીડા વખતે જ મુક્ત થાય છે. જો સ્ત્રીને કોઈ શારીરિક ભારે તકલીફ ન હોય અને પ્રસવ પીડામાં દવાઓ ન લેવી હોય અથવા શક્ય તેટલો સમય દવાઓથી મુક્ત રહેવા માગતી હોય તો તેણે કુદરતી બાળ જન્મ માટે પ્રેરિત થવું એ શ્રેષ્ઠ અને આદર્શ બાબત છે કારણ કે પેઈન કિલર દવા સ્ત્રીના શ્વાસોશ્વાસમાં રૂકાવટ લાવતી હોય છે અને શ્વાસનું પ્રમાણ ઘટાડે છે અને લોહીનું દબાણ નીચું લાવે છે અને આવું બાળક સાથે પણ થાય છે. અને આવા સંજોગોમાં બાળક ધીમા વિકાસવાળુ જન્મી શકે અને બાળકને જન્મ પછી તરતના સમયમાં શ્વાસ લેવામાં તકલીફ પડી શકે અને તાજા જન્મેલા બાળકને જો ઓક્સિજન પૂરતો ન મળે તો મગજ ઉપર ગંભીર અસર પણ થઈ શકતી હોય છે અને સદનસીબે બાળક તંદુરસ્ત હોય તો પણ પાછળથી બાળકની મનન અને ગ્રહણશક્તિ ઉપર અસર પડી શકે છે. જો કે અગાઉથી નિદાન થયું હોય અને બાળક નાનુ અથવા કમજોર હોય તો દવા લેવી જરૂરી થઈ પડે છે પરંતુ આજના સંપૂર્ણ વ્યવસાયિક જમાનામાં સામાન્ય સંજોગોમાં પણ પેઈન કિલર છૂટથી ઉપયોગમાં લેવામાં આવે છે કે જે ખૂબ જ ગંભીર બાબત છે.

સામાન્ય રીતે પ્રસવ પીડા વખતે સ્ત્રી તેની લાગણીઓ અથવા પીડા પોતે અન્યની સામે દર્શાવવા માગતી નથી અથવા તો સમાજિક શરમવૃત્તિને કારણે લાગણી દર્શાવવા માગતી નથી. હવે પ્રસૂતિ સમયે પીડા થવી એ એક કુદરતી બાબત છે અને સહી શકાય તેટલા પ્રમાણમાં જ હોય છે કારણ કે આ કોઈ આકસ્મિક ઘટના નથી પરંતુ અલ્લાહે નિર્ધારિત કરેલ અને સ્ત્રીજાતના સંપૂર્ણ લાભ માટેની પ્રક્રિયા છે. એટલે આ કુદરતી બાબતમાં ખરેખર વગર જરૂરે અડચણ ઊભી કરવાની કોઈ જ જરૂર નથી કારણ કે એક સત્ય બાબત છે કે જે કોઈ પણ દવા અથવા પેઈન કિલર લેવામાં આવે છે તેની અસર જન્મનાર બાળકમાં તુરંત પસાર થઈ જાય છે અને વધુ દવાની આડ અસર બાળકના ધાવણ ઉપર પડતી હોય છે. એમાં પણ બાળ જન્મના શરૂઆતના ૫ થી ૬ દિવસમાં. ખાસ આ વિષે આપણે વધુ સ્તનપાન વિષેના લેખમાં વાંચીશું.

હવે દરેક સ્ત્રીએ સમજવું જોઈએ અને ડૉક્ટરને પણ સમજાવવા જોઈએ કે બાળજન્મ આપવાનો અનુભવ તેના શરીરનું સામાન્ય કાર્ય છે કારણ કે દરેક બાબતનું કુદરતે સ્ત્રી શરીરની રચના સાથે જ સુનિયોજિત કરેલ છે અને અલ્લાહ સૌથી મોટો દયાળુ અને દયાવાન છે.

ડૉ. ડિક રેડ, ડૉ. મિચેલ ઓડેન્ટ જેવા સ્ત્રી રોગ નિષ્ણાતો આ બાબતે સ્ત્રીને શ્વાસોશ્વાસ પ્રક્રિયા દ્વારા શાંત અને સલામત પ્રસૂતિ પર ખાસ ભાર મૂકે છે અને આ નિષ્ણાતોના મતાનુસાર આ પધ્ધતિથી પ્રાચીન અવસ્થામાં પાછા ફરી શકાય તેમ છે. શ્વાસોશ્વાસ પ્રક્રિયા એટલે પ્રસૂતિ પીડા વખતે બે ધીમા શ્વાસ લેવા અને છોડવા. આવું થોડી થોડી વારે ત્રણથી ચાર વખત કરવું. અમુક સમય પછી ફરીથી આ ક્રિયા ચાલુ રાખવી. જો આ સમયે સ્ત્રીને ચક્કર આવતા હોય તેવું લાગે તો નાક અને મોઢું હથેળી વડે ઢાંકીને એક વખત શ્વાસ બહાર કાઢવો અને પછી શ્વાસ લેવો. આવું કરવાથી શરીરમાં કાર્બન ડાયોક્સાઈડ અને ઓક્સિજનનું સંતુલન પુનઃ સામાન્ય થશે અને ચક્કર આવવા બંધ થશે. ✻

*(મોમિન મેડીકલ સહાય યોજનાના નિષ્ણાત ડોક્ટરો તેમજ જાહેર આરોગ્ય વિષયક માહિતીના આધારે)*

*સંપર્ક માટે : મો.શબ્બીરભાઈ નેદરીયા મો.૯૮૨૫૪૧૫૩૨૯*

# Superman In Islam

# સુપરમેન ઈન ઈસ્લામ

## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

**અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)**

### ઈમામ જાફર સાદિક(અ.)ની નજરમાં શક અને યકીન

(ગતાંકનું ચાલુ)

કોઈ માનસશાસ્ત્રી જ્યારે કોઈ પાશવી કબીલા માટે માનસશાસ્ત્રના નિયમો ઘડે છે તો તેને યકીન હોય છે કે આ નિયમો કબીલાના બધા સભ્યો માટે છે. પરંતુ શક્ય છે કે તે એક અર્ધપાશવી કબીલાના બધા સભ્યો માટે સામૂહિક નિયમો ઘડી ન શકે.

ગમે તેમ પણ અમે માનસશાસ્ત્રના બધા નિયમોનો ઈન્કાર નથી કરતા એ શરતે કે માનસશાસ્ત્રી એવો દાવો ન કરે કે જે નિયમો તે પ્રસ્તુત કરી રહ્યો છે તે બધા જ સભ્યો માટે છે. એમાં કોઈ શંકા નથી કે માનસશાસ્ત્રના નિયમો લોકોના એક ટોળા ઉપર તો ખરા ઉતરી શકે છે પરંતુ માનસશાસ્ત્રનો કોઈ નિયમ એવો નથી કે જે બધા લોકો ઉપર ખરો ઉતરી શકે. દા.ત. માનસશાસ્ત્રનો એક નિયમ પક્ષપાતના પરિણામ વિશે છે. તે એવી રીતે છે કે જો કોઈ કારખાનામાં મજૂરોનું એક ટોળુ કામ કરતું હોય અને તેમના કામની ગુણવત્તા અને માત્રા એક સરખી હોય પરંતુ તેમાંથી કેટલાક મજૂરોને બીજા મજૂરો કરતાં બમણું વેતન આપવામાં આવે તો આ પક્ષપાતની અસર એ થશે કે બીજા બધા મજૂરોની કામ કરવાની ધગશ ઓછી થઈ જશે કારણ કે તેઓ જોશે કે જે વેતન એ થોડાક મજૂરોને મળે છે તેનો અધિકાર તેમને પોતાને મળેલો નથી.

આપણે વિચારી શકીએ છીએ કે પક્ષપાતના પરિણામ બધા સમાજોમાં એક સરખા છે અને માનસશાસ્ત્રનો આ એવો નિયમ છે કે જે દરેક જગ્યાએ ખરો ઉતરી શકે છે. પરંતુ એવા ય સમાજ થઈ ચૂક્યા છે અને કદાચ આજે પણ છે કે જેમના ઉપર પક્ષપાતનાં કોઈ ખોટાં પરિણામો આવતાં નથી.

અંગ્રેજ લેખક એચ. જી. વેલ્સ (H. G. Wells) કે જે ઈ.સ.૧૯૨૬માં ૭૯ વર્ષની ઉંમરમાં મૃત્યુ પામ્યો હતો અને લોકો તેને **'ધ ટાઈમ મશીન'** અને **'ધ વૉર ઑફ ધ વર્લ્ડઝ'**ના લેખક તરીકે ઓળખે છે અને અત્યાર સુધીમાં તેણે જુદા જુદા વિષયો ઉપર ૧૬૦ જેટલાં પુસ્તકો લખ્યાં છે, તે પોતાની કિતાબ **'ટ્રાવેલ્સ ઑફ રિપબ્લીકન રેડીકલ ઈન સર્ચ ઑફ હોટ વૉટર'**માં લખે છે કે ભારતના શહેર અમૃતસરમાં અંગ્રેજો તરફથી એક કારખાનું ચલાવવામાં આવતું હતું જેમાં કેટલાક મજૂરોને બીજા મજૂરો કરતાં વધારે વેતન મળતું હતું જો કે ન તો તેમના કામ કરવાનો સમય બીજાઓ કરતાં વધારે હતો કે ન તેઓ બીજાઓ કરતાં વધારે જાણકાર હતા.

તેમના કામની માત્રા અને ગુણવત્તા બીજા લોકો જેટલી જ હતી. પરંતુ જે લોકોને વધારે વેતન મળતું ન હતું તે લોકો એ વાતથી તદ્દન રાજી હતા અને તેમની અંદર વધારે વેતન મેળવનારા મજૂરો પ્રત્યે કોઈ ઈર્ષા જોવા મળતી ન હતી અને તેઓ કહેતા હતા કે દરેક માણસને પોતાની કિસ્મતનું મળે

છે અને જો પોતાની કિસ્મતમાં બીજા કરતાં ઓછું લખેલું હોય તો તેના કારણે બીજા લોકોની ઈર્ષા કરવી જોઈએ નહીં.

શક્ય છે કે આવા વિચારોને અણસમજનું નામ આપવામાં આવે. પરંતુ જો બધા લોકોમાં ટેવો, રીતભાત અને વિચારોનો ફેર ન હોય તો પછી અમે એવું કદીય ના કહી શકીએ કે માનસશાસ્ત્રના નિયમો બધા લોકો ઉપર લાગુ પડતા નથી. આ ફેરફારના જ કારણે અમે કહીએ છીએ કે કદીક એવું પણ બને કે એક હજાર લોકોનું ટોળું હોય તેમાંય માનસશાસ્ત્રનો કોઈ પણ નિયમ લાગુ પડતો ન પણ હોય. દા.ત. ઈલ્મુલ જમાલ (સૌંદર્યશાસ્ત્ર) કે જેને અંગ્રેજી ભાષામાં Æsthetics કહેવામાં આવે છે, આ ઈલ્મમાં સૌંદર્યની ઓળખ માટે કેટલાક નિયમો પ્રસ્તુત કરવામાં આવ્યા છે. પરંતુ બધા યુરોપીય દેશો આ નિયમો સાથે સંમત નથી તો પછી દુનિયાના બીજા દેશોના લોકોની તો વાત જ ક્યાં રહી ? યુરોપીય લોકોમાં ઈલ્મુલ જમાલના કેટલાક એવા નિષ્ણાતો છે કે જે દક્ષિણ સુદાનમાં વસતા લાંબા કદના લોકોને દુનિયાના સૌથી સુંદર લોકો માને છે.

એક અમેરિકી યાત્રી એન્થની હિલ ન્યૂગિનીના કબીલાવાસીઓ વિષે પોતાની કિતાબમાં લખે છે કે ત્યાં પાપુઆ (Papua) નામનો એક કબીલો છે કે જ્યાંના પુરૂષો એક પ્રકારનું નૃત્ય કરતા કરતા એક અજગર સાથે રમે છે અને એ અજગર નૃત્ય કરનારાનું માથું પોતાના મોઢામાં નાખીને ગળી જવાની કોશિશ કરે છે અને નૃત્ય કરનારો અજગરનો કોળિયો બની જવાથી પોતાની જાતને બચાવે છે. આ અજગર કે જેનું નામ બોઆ (boa) છે તે દુનિયાનો સૌથી લાંબો અને સૌથી મજબૂત સાપ છે પરંતુ તે ઝેરી નથી. છતાંય જો આ સાપ માણસની કમ્મરની આજુબાજુ લપેટાઈ જાય તો તે કમ્મરના હાડકાઓના ચૂરે ચૂરા કરી નાખે છે. નૃત્ય કરનારો શારીરિક રીતે શક્તિમાન હોવાની સાથે સાથે એક મુદત સુધી આ પ્રકારના સાપ સાથે અભ્યાસ કરે છે કે જેથી નૃત્યના સમયે પોતાની જાતને સાપથી બચાવી શકે. અભ્યાસ દરમિયાન પ્રથમ નાના પ્રકારના સાપ મૂકવામાં આવે છે અને ત્યાર પછી ધીમે ધીમે મોટા સાપ મૂકતા જાય છે કે જેથી નૃત્યના સમયે તે કબીલાવાસીઓની સામે મોટા સાપ સાથે નૃત્ય કરી શકે.

આ કબીલાના પુરૂષો અને સ્ત્રીઓ પોતાની જાતને દુનિયાના સૌથી સુંદર લોકો માને છે અને યુરોપના સુંદર ગોરા લોકોને સારા નથી માનતા. અમેરિકી યાત્રી એન્થની હિલના મત પ્રમાણે પાપુઆના લોકોની એ માન્યતા કે તેઓ દુનિયાના સૌથી સુંદર લોકો છે, તે એટલી હદે યકીન સુધી પહોંચેલી છે કે તેઓ કદીય એવું માની શકતા જ નથી કે દુનિયામાં એવી કોમો અસ્તિત્વ ધરાવે છે કે જે સુંદરતામાં તેમની બરોબરી કરી શકે. તો પછી તેવી વાત તો કહેવી જ રહી કે તેમના કરતાં વધારે સુંદર કોમો દુનિયામાં છે.

જો કોઈ ફ્રેન્ચ માણસને એવું પૂછવામાં આવે કે દુનિયામાં સૌથી સુંદર વસ્તુ કઈ છે ? તો તે એક પણ ક્ષણનો વિચાર કર્યા વગર કહેશે કે એફિલ ટાવર.* આ જ પ્રશ્ન જો કોઈ ઈટાલીના માણસને પૂછવામાં આવે તો તે કહેશે કે ઈટાલીમાં આવેલ નેપલ્સ (Naples)નું બંદર.

---

** પેરિસનું એફિલ ટાવર ફ્રેન્ચ લોકોની દૃષ્ટિએ સૌથી સુંદર વસ્તુ હોવાના સાથે સાથે ફ્રાન્સ માટે આવકનું સાધન પણ છે અને મેં એક અમેરિકન પત્રિકામાં વાંચ્યું છે કે ઈ.સ. ૧૯૭૨માં ત્રણ મિલીયન યાત્રીઓ તેના ઉપર ચઢ્યા હતા અને આવી રીતે પંદર મિલીયન ફ્રેન્કની આવક થઈ હતી. આજે જ્યારે કે આ ટાવરના નિર્માણને ૯૪ વર્ષ પૂરાં થઈ ચૂક્યા છે તો ય તેની સારસંભાળ પાછળ કંઈ ખર્ચ થતું નથી. જો કે સાત વર્ષમાં એક વાર ૪૫ માણસો મળીને તેનું રંગ રોગાન કરે છે.*

જ્યારે માણસની અને બીજા પ્રાણીઓની અને ચીજ વસ્તુઓની સુંદરતા વિષે માણસે માણસે દૃષ્ટિકોણમાં આટલો બધો ફેર પડતો હોય તો ઈલ્મુલ જમાલના સામાન્ય નિયમો કે જે દરેક પરિસ્થિતિમાં ખરા ઉતરે તેવા નિયમો કઈ રીતે પ્રસ્તુત કરી શકાય? આ જ કારણે ગણિતના નિયમો* અને બધા એવા નિયમો કે જે આ શ્રેણીમાં આવે છે તેમના ઉપર જૂના જમાનામાં કોઈ પણ યકીન નહોતું કરતું કે આ બધા નિયમો ઈલ્મુલ યકીન સુધી પહોંચે છે.

ઈમામ જાફર સાદિક(અ.)ની દૃષ્ટિએ જે વસ્તુના ઈલ્મુલ યકીન હોવા વિશે કોઈ શંકા નથી તે દીને ઈસ્લામના ઉસૂલ છે તે સઘળા અલ્લાહ તરફથી છે. આપનો અકીદો છે કે અલ્લાહ એક બીજી દુનિયાનો સર્જક(ખાલિક) અને રક્ષક(મુહાફિઝ) છે અને તે દુનિયાને પોતાના બનાવેલા કાયદાઓ પ્રમાણે ચલાવી રહ્યો છે.

ઈમામ જાફર સાદિક(અ.) ફરમાવે છે કે જે લોકો અલ્લાહના અસ્તિત્વનો ઈન્કાર કરે છે તે લોકો નાદાન છે અને એવા નાદાન છે કે જાણે કે ઘોર અજ્ઞાની(જાહિલે મુત્લક) હોય. ઈમામ જાફર સાદિક(અ.) ફરમાવે છે કે એવા લોકો મૂંગા અને બહેરા છે કે ન તો કોઈ વસ્તુને જોઈ શકે છે કે ન તો કંઈ સાંભળી શકે છે અને એટલા માટે ન તો તેમની અક્કલને પોતાના ખાલિકના વજૂદની માઅરેફત પ્રાપ્ત કરવા માટે વાપરે છે કે ન તો કોઈ બીજાની હિદાયત ઉપર ચાલીને અલ્લાહ તઆલાની માઅરેફત સુધી પહોંચી શકે છે. તેમનું જીવન ખાવા, પીવા, ઊંઘવા અને બીજી પાશવી ઈચ્છાઓ પૂરી કરવામાં જ સીમિત થઈ જાય છે. તેમના જીવનનું લક્ષ્ય પોતાની પાશવી ઈચ્છાઓને સંતોષવા સિવાય બીજું કંઈ જ હોતું નથી. આવી જ રીતે તેમના દિવસ અને રાત પસાર થાય છે. તેમના જીવનમાં તેમને કદીય એવી પ્રેરણા નથી મળતી કે કોઈ વસ્તુને સારી રીતે સમજે.

આ જ લોકો એવા છે કે જેમના વિશે અલ્લાહ તઆલાએ એવું ફરમાવ્યું છે કે તે લોકો પશુ છે અથવા તેના કરતાંય નિમ્નકક્ષાના છે. તેઓ અલ્લાહની સજીવ મખ્લૂક તરફ અને પોતાની માફક નિર્જીવ મખ્લૂક તરફ પણ ધ્યાન આપતા નથી કે જેથી તેમને ખબર પડે કે અલ્લાહ તઆલાએ મખ્લૂકને એવી વિશેષતાઓ સાથે પેદા કરી છે કે જેમનો સંબંધ ફક્ત અલ્લાહ સાથે જ છે. વળી આવી વિશેષતાઓ એટલા માટે પેદા કરવામાં આવી છે કે જેથી તે મખ્લૂક બાકી રહે. જો કોઈ ઝાડ સજીવ હોય તો તે પ્રજનન દ્વારા નસલ પેદા કરીને પોતાની જાતને નાશ પામવાથી બચાવે છે.

અલ્લાહ તઆલાએ પોતાના ઈલ્મ અને કુદરત વડે એવાં પ્રાણીઓ પેદા કર્યાં છે કે જેઓ ઉનાળામાં સૌથી વધારે ગરમ પ્રદેશમાં અને રણમાં ગરમીને સહન કરી લે છે અને તેમને કોઈ તકલીફ પડતી નથી અને ઠંડા પ્રદેશમાં રહેનારાં પ્રાણીઓને પણ પેદા કર્યાં છે કે જે અલ્લાહ તઆલાના ઈલ્મ અને કુદરત વડે શિયાળા દરમિયાન સુષુપ્ત અવસ્થામાં રહે છે અને ભૂખ્યાં તરસ્યાં પણ થતાં નથી અને આ લાંબી મુદતની સુષુપ્ત અવસ્થામાં તેઓ અશક્ત પણ થઈ જતાં નથી. (ક્રમશઃ)

---

** ગણિતની કેડરમાં આવનારા બધા નિયમો કે જે ફિઝીક્સ, કેમેસ્ટ્રી, મિકેનિક્સ અને બીજા વિજ્ઞાનોમાં અસ્તિત્વ ધરાવે છે કે જેમની ફોર્મ્યૂલાઓ ગણિતની મદદથી મેળવવામાં આવે છે.*



અકબરઅબ્બાસ સુલેમાનભાઈ
જગરાલા(દસાવાડા-સુરત)
૮૬.૦૦% ધોરણ-૭



તાહેરાફાતેમા સુલેમાનભાઈ
જગરાલા(દસાવાડા-સુરત)
૯૨.૦૦% Sr. K .G.

# ગ ડ મ થ લ ૨૨૮

::::: સંપાદક:::::
મો.કાસમભાઈ વિજાપુરા
(મહેરપુરા)

## ::::: આડી ચાવીઓ :::::

(૧) માહે રમઝાનને ......ના નામથી પણ ઓળખવામાં આવે છે. (૫)
(૫) દાન-ખેરાત (૪)
(૯) ધ્વજ, નિશાન, અલમ (૪)
(૧૧) જીભ, જિહ્વા (૩)
(૧૨) શબે ....... રમઝાન મહિનામાં આવે છે. (૩)
(૧૪) શરીરની લંબાઈ કે ઊંચાઈ (૨)
(૧૫) પ્રયત્ન, સફા-મર્વા પર્વત વચ્ચેની દોડ (૨)
(૧૬A) અરબીમાં નામના સંબોધન પહેલાં આ અક્ષર વપરાય છે. (૧)
(૧૭) હોઠ, ઓષ્ઠ (૨)
(૧૯) ઈસ્લામમાં સેંકડે અઢી ટકા લેખે આપવામાં આવતું દાન(૩)
(૨૦) દગો કરનાર (૪)
(૨૨) જન્નતનો એક હોજ/નદીનું નામ (૩)
(૨૩) ઈરાનનું એક પ્રખ્યાત શહેર (૨)
(૨૪) ફરિશ્તો (૩)
(૨૬) બે ફરિશ્તાઓ મુન્કીર અને ........... (૩)
(૨૭) સોગંદ, સમ (૨૩)
(૨૯) પૃથ્વી પરના પ્રથમ માનવ (૩)
(૩૦) રિવાજ, રીત રસમ (૨)
(૩૨) એ ઈમામની વિલાદત રમઝાન મહિનામાં આવે છે. (૩)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | ૭ | ૮ |
| | ■ | ૯ | | | ૧૦ | ■ | ૧૧ | | |
| ૧૨ | ૧૩ | | ■ | ૧૪ | | ■ | ૧૫ | | ■ |
| ■ | | ■ | ૧૬A | ■ | | ૧૬ | ■ | ૧૭ | ૧૮ |
| ૧૯ | | | ■ | ૨૦ | | | ૨૧ | ■ | |
| | | ■ | ૨૨ | | | ■ | | ■ | |
| | ■ | ૨૩ | | ■ | ■ | ■ | ૨૪ | ૨૫ | |
| ૨૬ | | | ■ | ૨૭ | | ૨૮ | ■ | | ■ |
| ■ | ■ | | ૨૯ | | ■ | ૩૦ | | ■ | ૩૧ |
| ૩૨ | | | ■ | ૩૩ | | | ■ | ૩૪ | |

(૩૩) માલ કે પૈસા મળ્યાની પહોંચ (૩)
(૩૪) મોત, ઈન્સાફ (૨)

## ::::: ઊભી ચાવીઓ :::::

(૧) સ્વામી, ધણી (૩)
(૨) ઢાલ, રક્ષણ કવચ (૩)
(૩) મિત્ર, દોસ્ત (૨)
(૪) ઝુકવું, નમવું (૩)
(૬) નિર્મળ, નિખાલસ, અલ્લાહને એવી ઈબાદત ગમે છે. (૩)
(૭) વસીલાનું બહુવચન, માધ્યમો (૪)
(૮) શરીર, કાયા, બદન (૨)
(૧૦) મદદ કરનાર, સહાયક (૫)
(૧૩) આવશ્યક, જરૂરી, ગુજરાતી ભાષામાં કાળજી, પરવાના અર્થમાં વપરાય છે. (૪)
(૧૬) વ્યાજ, આકરું વ્યાજ (૨)
(૧૮) સાચું, પ્રમાણિત (૪)
(૧૯) કુરઆનમાં વર્ણન થયેલ એક પ્રખ્યાત વૃક્ષ કે જેના બીજમાંથી તેલ નીકળે છે. (૪)
(૨૦) નવ અને અગિયાર વચ્ચેનો અંક (૨)
(૨૧) ઘા, પ્રહારથી ઉત્પન્ન થયેલ ચીરો (૩)
(૨૨) સમાજ, લોકોનો સમૂહ (૨)
(૨૩) એ કિતાબ રમઝાન મહિનામાં નાઝિલ થઈ હતી.(૪)
(૨૫) ખરાબ ટેવ (૨)
(૨૭) ચંદ્ર, ચાંદ (૩)
(૨૮) પુરૂષ (૩)
(૩૧) મુસલમાનોના રમઝાન મહિનાના ઉપવાસ(૨)

## ગડમથલ નં.૨૨૭નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ શ | ૨ મા | ■ | ૩ હ | ૪ રા | ■ | ૫ સ | ૬ ના | ■ | ૭ સૂ |
| ■ | ૮ વા | ૯ ર | ■ | ૧૦ ખ | ૧૧ લા | ■ | ૧૨ લા | ૧૩ શ | ■ |
| ૧૪ યા | ■ | ૧૫ ઝા | ૧૬ દ | ■ | ૧૭ ત | ૧૮ ય | ■ | ૧૯ ક | ૨૦ મ |
| ૨૧ ર | ૨૨ વા | ■ | ૨૩ વા | ૨૪ હિ | ■ | ૨૫ દ | ૨૬ મ | ■ | સ્ત |
| ■ | ૨૭ દા | ૨૮ ના | ■ | ૨૯ લ | ૩૦ બ | ■ | ૩૧ હ | ૩૨ જ | ■ |
| ૩૩ સૂ | ■ | ૩૪ ફ | ૩૫ ના | ■ | ૩૬ લા | ૩૭ ખ | ■ | ૩૮ ઝા | ૩૯ લ |
| ૪૦ રા | ૪૧ ન | ■ | ૪૨ સ | ૪૩ દા | ■ | ૪૪ મ | ૪૫ ય | ■ | મ્હા |
| ■ | ૪૬ દી | ૪૭ ન | ■ | ૪૮ મ | ૪૯ જા | ■ | ૫૦ ક | ૫૧ બા | ■ |
| ૫૨ ના | ■ | ૫૩ મ | ૫૪ સ | ■ | ૫૫ ન | ૫૬ શા | ■ | ૫૭ બા | ૫૮ ગ |
| ૫૯ ર | શ્ક | ■ | ૬૦ ત | ફ | ■ | ૬૧ ખ | ફા | ■ | લા |

કુરઆને મજીદના

# સૂરાઓનો પરિચય

સૂરા નં.૬૯ સૂરએ હાક્કહ

કુલ પર (બાવન) આયતો ધરાવતો આ સૂરો મદીનામાં નાઝિલ થયેલો હોવાથી મદની સૂરો છે.

**તે ખચીત જ સાબિત (કયામત) થયેલી (૧)**

**તે ખચીત જ સાબિત થયેલી શું છે ? (૨)**

**અને તું શું સમજયો કે તે ખચીત જ સાબિત થયેલી શું છે ! (૩)**

**સમુદ તથા આદ(ની કોમો)એ તો તે બેચેન કરનારી (કયામત)ને જૂઠલાવી હતી. (૪)**

**પછી સમુદ(ની કોમ)નો તો એક ભયંકર ગર્જનાથી નાશ કરવામાં આવ્યો. (૫)**

**અને રહ્યા આદ(ના લોકો) તો તેઓ ઘુઘવાટ કરતા એક જોરાવર વંટોળિયા વડે નાશ પામ્યા.(૬)**

**કે જે વંટોળિયું અલ્લાહે સતત સાત રાત અને આઠ દિવસ (સુધી) તેમના પર ચાલું રાખ્યું, જેથી તું તે લોકોને તેમાં એવી રીતે ઊંધા મોઢે પડેલા જોતો કે જાણે તેઓ ખજૂરીનાં પોકળ થડ હોય. (૭)**

**હવે તને તેમનામાંથી કોઈ બાકી રહેલું નજરે પડે છે?(૮)**

ખુદા ફરમાવે છે **'હાક્કહ'** એટલે હક ઘડી અને તે કયામત છે અને તે વખતે વસ્તુઓને ઓળખવામાં આવશે અને હક બાબતો થશે જેમકે હિસાબ-કિતાબ, સવાબ-અઝાબ વગેરે. હાક્કહ હક ઉપરથી છે. તેના અર્થ સત્ય તથા ખાતરીપૂર્વક થાય છે.

હાક્કહ (કયામત) શું છે ?

હાક્કહ શું છે તેની તને કઈ ચીઝે ખબર આપી? ભાવાર્થ એ કે જેનું થવું હક છે અને જેને તું જાણતો નથી એ કોઈને સમજમાં આવે તે કરતાં વધારે મહાન છે.

અલ્લાહ મક્કાવાળાઓને ડરાવવા અને જૂઠલાવનારાઓના પરિણામ વિષે ફરમાવે છે કે સમુદ અને આદની કોમે ભાંગતોડ થનાર દિવસ (કયામત)ને જૂઠલાવ્યો તે વખતે આસમાન અને જમીન ફાટી જશે, પહાડોને હલાવી નાખશે અને તારાઓને ખેરવી નાખશે.

સમુદની કોમ કે જે જનાબે સાલેહ(અ.)ની ઉમ્મત હતી તે પયગમ્બરને જૂઠલાવવામાં હદથી વધી ગઈ હતી, તેનો એક ભયંકર ગર્જનાથી નાશ કરવામાં આવ્યો. આદની કોમ કે જે જનાબે હુદ(અ.)ની ઉમ્મત હતી તેનો પણ નાશ કરવામાં આવ્યો.

ખુદા ફરમાવે છે કે તે લોકો ઉપર અલ્લાહે વંટોળિયો સતત સાત રાત અને આઠ દિવસ સુધી ચાલું રાખ્યો જેથી તું તે લોકોને તેમાં એવી રીતે ઊંધા મોઢે પડેલા જોતો જાણે કે તેઓ ખજૂરીનાં પોકળ થડ હોય. હવે તું તેમનામાંના કોઈને બાકી રહેલા જુએ છે?

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અને ફિરઓન તથા તેની પહેલાંના લોકો તથા ઊંધી વળી ગયેલી (લુતની) વસ્તીવાળાએ પણ પાપકર્મ કર્યાં હતાં. (૯)**

**અને તેમણે તેમના રબના રસૂલની નાફરમાની કરી તો તેણે પણ તેમની ઘણી જ આકરી ધરપકડ કરી.(૧૦)**

**આ અમે જ હતા કે જ્યારે પાણીએ જોશ માર્યો ત્યારે અમોએ તમને હોડીમાં સવાર કરી દીધા.(૧૧)**

**કે જેથી અમે તે(બનાવ)ને તમારા માટે એક યાદ ગરીબ બનાવીએ અને એક યાદ રાખવાની (યોગ્યતા ધરવનારા) કાન તેને યાદ રાખે. (૧૨)**

**પછી જયારે સૂરમાં એક ફૂંક મારવામાં આવશે.(૧૩)**

**અને જમીન તથા પહાડ ઊંચકી લેવામાં આવશે, પછી એકદમ(પરસ્પર અથડાવી) કટકે કટા કરી દેવામાં આવશે. (૧૪)**

**બસ, એ જ દિવસે તે મહાન બનાવ (કયામત)**

ઉપસ્થિત થશે. (૧૫)

ફિરઓન તથા તેની પૂર્વેના લોકો તથા ઊંધી વળી ગયેલી જનાબે લૂત(અ.)ની વસ્તીઓવાળાઓએ પણ ગુનાહનાં કાર્યો કર્યાં હતાં. તેમણે પોતાના પયગમ્બરોની આજ્ઞા માની નહીં તેથી અલ્લાહે તેમને સખત અઝાબમાં ગિરફતાર કર્યા.

જ્યારે જનાબે નૂહ(અ.)ના જમાનામાં પાણી જોશ મારવા લાગ્યું ત્યારે અમોએ તેમને હોડીમાં સવાર કર્યા.

આ બારમી આયત હઝરત અલી(અ.)ની શાનમાં નાઝિલ થઈ છે. તફસીરે સોઅલ્બીમાં અબ્દુલ્લાહ બિન હસનથી રિવાયત છે કે જ્યારે આ આયત નાઝિલ થઈ ત્યારે હુઝૂર(સ.)એ ફરમાવ્યું કે મેં ખુદાને અરજ કરી કે અય ખુદા ! એ ગુણવાળા કાન હઝરત અલી(અ.)ના કર, ત્યાર પછી હઝરત અલી(અ.)એ જે વાત સાંભળી તે યાદ રાખી અને તેને કદી ભૂલ્યા નહીં. આ ફઝીલત હઝરત અલી(અ.) સિવાય કોઈને પણ મળી નથી.

કયામતના વર્ણનમાં ફરમાવે છે કે જે વખતે સૂરમાં એક સૂર ફૂંકવામાં આવશે અને જમીન તથા પહાડ ઊંચકી દેવામાં આવશે તે જ દિવસે મહા બનાવ એટલે કયામત થઈ જશે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અને આકાશ ફાટી જશે, પછી તે દિવસે તદ્દન કમજોર થઈ જશે. (૧૬)**

**અને ફરિશ્તાઓ તેમના કાંઠાઓ પર હશે, અને તારા પરવરદિગારના અર્શ(સિંહાસન)ને તે દિવસે આઠ (ફરિશ્તાઓ) પોતાના (માથા) ઉપર ઊંચકી રાખશે. (૧૭)**

**તે દિવસે તમે હાજર કરી દેવામાં આવશો અને તમારો કોઈ ભેદ છૂપો રહેશે નહીં. (૧૮)**

**પછી તે શખ્સ કે જેનું લખાણ તેના જમણા હાથમાં આપવામાં આવશે તે તો આવું કહેતો હશે કે આવો, મારા લખાણને વાંચો. (૧૯)**

**હું તો ખાતરી રાખતો હતો કે મારો હિસાબ મને મળશે. (૨૦)**

**પછી તો તે (સ્વર્ગમાં) સુખી જિંદગી ભોગવશે.(૨૧)**

**આલિશાન બાગમાં. (૨૨)**

અને આસમાન ફાટી જશે અને તે દિવસે તદ્દન કમજોર થઈ જશે અને જ્યારે આસમાન ફાટી જશે ત્યારે મલાએકા આસમાનના કિનારા ઉપર હશે અને તે દિવસે આઠ ફરિશ્તાઓએ અર્શને ઊંચકી રાખેલ હશે અને તેઓ પરવરદિગારની તસ્બીહ કરતા હશે હદીસમાં આવ્યું છે કે અર્શથી મુરાદ ઈલ્મ છે.

તે દિવસે તમોને અલ્લાહની સમક્ષ હાજર કરી દેવામાં આવશે અને તમારો કોઈ ભેદ છૂપો રહેશે નહીં.

જે વ્યક્તિને તેનું આમાલનામુ તેના જમણા હાથમાં આપવામાં આવશે તે વ્યક્તિ ખુશ થઈને લોકોને કહેશે કે મારું આમાલનામું વાંચો, મારો કોઈ એવો અમલ નથી કે મારે શરમાવું પડે.

તે આશ્ચર્ય પામીને કયામતમાં લોકોને કહેશે કે દુનિયામાં મને ખાતરી હતી કે જરૂર મારો હિસાબ થશે અને હું હિસાબ આપવાથી ડરતો હતો.

હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું કે દરેક સમૂહનો હિસાબ તેના જમાનાનો ઈમામ લેશે અને ઈમામ પોતાના દોસ્ત તથા દુશ્મનને ઓળખી જશે. તે દોસ્તનું આમાલનામું તેના જમણા હાથમાં હશે અને દુશ્મનનું આમાલનામું ડાબા હાથમાં હશે. પછી તે જન્નતમાં સુખી જીવન ભોગવશે. તે શખ્સનું રહેઠાણ આલીશાન જન્નતમાં હશે. (ક્રમશઃ)

**G. K. Corner Solution 119**

(૧) ગંગરી (૨) અબ્દુલ ગફારખાન (૩) પરીક્ષા ગુરૂ (૪) લંબાઈનું (૫) ૩૫૨ (૬) જયપુર (૭) મગજ (૮) ૧૯૬૯



મૌલા અલી(અ.)નાં પ્રવચનો, આજ્ઞાપત્રો અને બોધવચનોનો સંગ્રહ

# નહજુલ બલાગહ

## ભાગ-૩

## બોધ વચનો અને ઉપદેશો

*હઝરત અલી(અ.)નાં બોધ વચનો (હદીસો)*

**(૩૮૮) સૌથી મોટી નેઅમત :**

યાદ રાખો કે ભૂખ અને ગરીબી પણ એક આફત છે અને તેનાથી વધુ કઠીન સંકટ શરીરની બીમારી છે અને તેનાથી વધારે મુશ્કેલી દિલની બીમારી છે. માલદારી ચોક્કસ એક નેઅમત છે પણ તેનાથી મોટી નેઅમત નિરોગી શરીર છે અને તેનાથી મોટી નેઅમત દિલની પરહેઝગારી છે.

**(૩૮૯) વંશ અને કૂળ :**

જેને અમલ પાછળ ધકેલી દે તેને ખાનદાની આગળ નથી વધારી શકતી અથવા (બીજી રિવાયતમાં) જેના હાથમાંથી પોતાનું ચારિત્ર્ય નીકળી જાય તેને બાપદાદાઓનાં કારનામાં કામ નથી આવતાં.

**(૩૯૦) મોમિનોના સમયો :**

મોમિનોના જીવનનાં ત્રણ કામ છે : એક સમયમાં તે પોતાના પાલનહારથી અંતરની વાતો કહે છે. બીજા સમયમાં પોતાની રોજીની વ્યવસ્થા કરે છે અને ત્રીજા સમયમાં પોતાના દિલને આઝાદ છોડી દે છે એ મોજ મજા માટે કે જે હલાલ અને પાક છે. કોઈ બુધ્ધિવાન માટે એ શોભતું નથી કે પોતાના ઘરથી દૂર થઈ જાય પણ ત્રણમાંથી કોઈ એક કામ માટે, પોતાની રોજીની વ્યવસ્થા કરે, આખેરત તરફ કદમ આગળ વધારે, હલાલ અને પાક આનંદ માણે.

**(૩૯૧) દુનિયાથી વિરક્તિ :**

દુનિયામાં ઝોહદ અપનાવો કે જેથી અલ્લાહ તમને તેની બૂરાઈઓથી સચેત કરી દે અને ખબરદાર થઈ જાઓ કેમકે તમારા તરફથી ગફલત નહીં વર્તવામાં આવે.

**(૩૯૨) ન બોલ્યામાં નવ ગુણ :**

બોલો કે (તરત જ) ઓળખાઈ જાઓ, એટલા માટે ઈન્સાનનું વ્યક્તિત્વ તેની જીભની નીચે છૂપાઈને રહે છે.

**(૩૯૩) દુનિયાની પ્રાપ્તિ :**

જે દુનિયામાં મળી જાય એ લઈ લો અને જે ચીજ તમારી વિમુખ થઈ જાય તેનાથી તમે પણ મોં ફેરવી લો અને જો એમ નથી કરી શકતા તો તીવ્ર ઈચ્છામાં મધ્યમમાર્ગી બનો.

**(૩૯૪) વાતની અસર :**

ઘણા શબ્દો આક્રમણથી વધારે અસરકારક હોય છે.

**(૩૯૫) સંતોષ :**

જેના પર સંતોષ કરી લેવામાં આવે એ જ પૂરતું થઈ જાય છે.

**(૩૯૬) સમય બે દિવસનું નામ છે :**

મોત હોય પરંતુ ખબરદાર અપમાન ન હોય.

અલ્પ હોય પરંતુ કોઈના ઓશિયાળા ન બનવું પડે.

- જેને બેઠાં બેઠાં નથી મળી શકતું તેને ઊભા થઈને પણ નથી મળી શકતું.

- જમાનો બે દિવસનું નામ છે. એક દિવસ તમારા લાભમાં હોય છે, બીજો તમારા વિરૂધ્ધ. એટલે જો લાભમાં હોય તો અભિમાની ન બની જજો અને તમારી ખિલાફ થઈ જાય તો સબ્રથી કામ લેજો.

**(૩૯૭) શ્રેષ્ઠ સૌરભ :**

શ્રેષ્ઠ સુગંધનું નામ કસ્તૂરી છે કે જેનું વજન ઘણું ઓછું હોય છે અને ખુશ્બૂ અત્યંત ભભકાદાર હોય છે.

**(૩૯૮) ગૌરવ અને ઉન્નત મસ્તક :**

ગર્વ અને ઊંચા હોવાને છોડી દો અને ઘમંડ તથા અભિમાનનો નાશ કરો અને પછી પોતાની કબરને યાદ કરો.

**(૩૯૯) પિતા-પુત્રના હક્કો :**

પુત્રનો બાપ પર એક હક છે અને બાપનો પુત્ર પર એક હોય છે - બાપનો હક એ છે કે પુત્ર, ખુદાના ગુનાહની વાત સિવાય, દરેક બાબતમાં તેની આજ્ઞા પાળે - અને પુત્રનો હક એ છે કે તેનું સુંદર નામ પાડે અને તેને શ્રેષ્ઠ સંસ્કાર શિખવાડે અને કુરઆને મજીદની તાલીમ આપે.

**(૪૦૦) અસરકારક અને અસરહીન :**

ખરાબ નજર પડવી, જાદૂમંતર અને નેક ફાલમાં તથ્ય છે, પરંતુ અપશુકનની કોઈ હકીકત નથી અને બીમારનો વળગાડ પણ પાયા વગરની વાત છે.

ખુશ્બૂ, સવારી, મધ અને હરિયાળી જોવાથી આનંદ મળે છે.

**(૪૦૧) સંસ્કારમાં એકતા :**

લોકોની સાથે નેક વર્તણુંકથી નિકટતા રાખવી તેઓની દુષ્ટતાથી બચવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

**(૪૦૨) પોતાની ઓકાતમાં રહો :**

એક શખ્સે આપની પાસે પોતાના ગજાથી ઊંચી વાત કહી દીધી તો ફરમાવ્યું, તમે તો પાંખો આવવા પહેલાં જ ઉડવું શરૂ કરી દીધું અને જવાની આવવાના પહેલાં જ નાચવા લાગ્યા.

**(૪૦૩) સર્વની માગ સર્વનો નાશ :**

જે બે વિરોધી વસ્તુઓ પર નજર રાખે છે તેની યુક્તિઓ તેનો સાથ છોડી દે છે.

**(૪૦૪) 'લા હૌલ વલા કુવ્વત'નો અર્થ :**

આપને પૂછવામાં આવ્યું કે **'લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ'**નો અર્થ શું છે ? તો ફરમાવ્યું કે આપણે અલ્લાહની સાથે કોઈ વસ્તુનો અખત્યાર નથી રાખતા અને જે કંઈ મિલ્કત છે તે તેની આપેલી છે. તો જ્યારે તે કોઈ એવી ચીઝનો અધિકાર આપે છે કે જેનો અધિકાર આપણા કરતાં તેની પાસે વધારે છે તો આપણને જવાબદારીઓ પણ આપે છે અને જ્યારે પાછી લઈ લે છે તો જવાબદારીઓ ઉપાડી લે છે.

**(૪૦૫) મુગૈરા ઈબ્ને શોઅબા :**

આપે જોયું કે અમ્મારે યાસિર મુગૈરા બિન શોઅબાથી વાદ વિવાદ કરી રહ્યા છે તો આપે ફરમાવ્યું, અમ્માર ! તેને તેના હાલ પર છોડી દો, તેણે દીનમાંથી એટલો જ અંશ લીધો છે કે જે તેને દુનિયાની નિકટ બનાવી દે અને જાણી જોઈને પોતાના માટે વાતોને શંકાશીલ બનાવી લીધી છે. જેથી આ જ આશંકાઓને પોતાની ક્ષતિઓનું બહાનું બનાવે.

**ખાસ નોંધ** ***શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દ્વારા દર વર્ષે શૈક્ષણિક ક્ષેત્રે જ્વલંત સિધ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને આપવામાં આવતાં પારિતોષિકોની વિતરણ વ્યવસ્થામાં ફેરફાર કરેલો હોઈ આ પારિતોષિકોના દાતા તરીકે સ્વૈચ્છિક યોગદાન આપવા માગતા મોમિન ભાઈ-બહેનોએ નીચેના સરનામે સંપર્ક કરવા નમ્ર વિનંતી છે.***

***ઝહીર હોસ્ટેલ, ઝહીરાબાદ, હિંમતનગર. ફોન : (૦૨૭૭૨) ૨૨૨૩૧૮, મો.૯૪૨૭૬ ૯૬૯૬૦***

***શૈક્ષણિક પારિતોષિકોના દાતા તરીકે મળેલ સ્વૈચ્છિક યોગદાનની યાદી***

***રૂા.૫૦૦/- મો.મર્હૂમ નશીરભાઈ નુરભાઈ પરબડીયા(સુરપુર)ના પરિવારજનો તરફથી***

**(૪૦૬) વિનય અને સ્વમાન :**

કેટલી સરસ વાત છે કે પૈસાદાર લોકો ખુદાના અજરના ખાતર ફકીરો સાથે નમ્રતાથી વર્તે પણ તેનાથી વધારે સારી વાત એ છે કે ફકીરો ખુદા પર વિશ્વાસ રાખી પૈસાદારો સાથે સ્વમાનપૂર્વક વર્તે.

**(૪૦૭) બુધ્ધિ :**

પરવરદિગાર કોઈ શખ્સને અકલ નથી અર્પણ કરતો પણ એ કે એક દિવસ તેના વડે તેને વિનાશથી બચાવી લે છે.

**(૪૦૮) હકથી ટકરાવ :**

જે હકથી ટકરાશે હક હર હાલમાં તેને પછાડી દેશે.

**(૪૦૯) દિલ :**

દિલ આંખોની પુસ્તિકા છે.

**(૪૧૦) તક્વા :**

તક્વા બધા સદગુણોનું સર અને સરદાર છે.

**(૪૧૧) ઉસ્તાદનું બહુમાન :**

પોતાની જીભથી તેજ ધાર એ લોકો વિરૂધ્ધ ન વાપરો કે જેમણે તમને બોલતાં શીખવ્યું છે અને પોતાના વકતૃત્વની છટાનું પ્રદર્શન તેમની સામે ન કરો કે જેમણે માર્ગ બતાવ્યો છે.

**(૪૧૨) આત્માની કેળવણી :**

પોતાના આત્માની કેળવણી માટે આટલું જ પૂરતું છે કે એ વસ્તુઓથી બચો કે જેને બીજાઓ માટે ખરાબ ગણો છો.

**(૪૧૩) પરાણે સબ્ર :**

ઈન્સાન બહાદુરોની જેમ સહન કરશે નહિતર ભોળા લોકોની જેમ ચૂપ થઈ જશે.

**(૪૧૪) શોક પ્રદર્શન :**

બીજી રિવાયતમાં છે કે આપે અશઅસ બિન કૈસને તેના બેટાનો પુરસો આપતાં ફરમાવ્યું કે વડીલોની જેમ સબ્ર કરો, નહિતર જાનવરોની જેમ એક દિન જરૂર ભૂલી જશો. ✻


Sirajali V. Palsaniya 9408973429
Abbasali R. Nodoliya 9429741525

- Computer Sales & Services,
- Toner Refiling,
- Printer Repering,
- C.C.T.V Camera,
- Laptop Services,
- Networking Solution

YAM infotech

COMPUTER SALES & SERVICE

yam_info@yahoo.com

G/46, HIRAPANNA COMPLEX, opp. GUNJ MARKET, SIDHPUR

એડમીશન માટે

• MBBS • DENTAL • MBA
• ENGINEERING • DEPLOMA
• MCA • NURSING • MD
• B.TECH • M.TECH • ETC.

➡ GUJARAT
➡ MAHARASHTRA
➡ KARNATAK(BANGLORE)
➡ RAJASHTAN

SHABBIRALI
Mob. : 9429755894

At. Maherpura, Po. Dedhrota, Ta. Himatnagar, Dist. Sabarkantha,

# ઈલ્મોત્સવ-૨૦૧૧

અસ્સલામો અલયકુમ,

શીઆહ જાફરી મશાયખી મોમીન જમાઅતના ભાઈ-બહેનોને જણાવતા આનંદ થાય છે કે આ વર્ષે પણ TFVEC (True Faith Village Education Committee - www.tfvec.org) એ ઈલ્મોત્સવનું આયોજન કરવાનું નક્કી કરેલ છે. 'ઈલ્મોત્સવ-૨૦૧૧' નું આયોજન તા. ૨૨-૧૦-૧૧ અને ૨૩-૧૦-૧૧ ના રોજ ગામઃ સેવાલણી - કરબલા મુકામે ઉજવાશે. TFVEC જે છેલ્લા ૯ વર્ષથી સમાજમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવાના પ્રયત્નો કરી રહી છે. જેનો હેતું સમાજના બાળકોમાં રહેલી ટેલેન્ટને બહાર લાવવી તેમજ દીની - દુન્યવી જ્ઞાનમાં વધારો કરવાની પ્રવૃત્તિઓ કરવી.

તા. ૨૫-૦૯-૧૧ ને રવિવારના રોજ બપોરે ૩:૦૦ થી સાંજે ૫:૦૦ (દરેક કેન્દ્રમાં એક સાથે) નીચેના ૧૦ કેન્દ્રોમાં ક્વીઝ કોમ્પિટીશનનો લેખિત રાઉન્ડ લેવામાં આવશે. જેમાં ૩ વ્યક્તિઓની એક ટીમ રહેશે.

| કેન્દ્ર | સ્થળ | કેન્દ્ર | સ્થળ | કેન્દ્ર | સ્થળ |
|---|---|---|---|---|---|
| મુંબઈ | ઈમામવાડા, જોગેશ્વરી | મેતા | ઈમામવાડા | બાદરગઢ | ઈમામવાડા |
| સુરત | ઈમામવાડા | કાકોશી | ઈલ્મ-ઓ-અમલ સ્કૂલ | ઈલોલ ત. | નવયુગ શાળા |
| અમદાવાદ | મશાયખી દરગાહ | હૈદરપુરા | ઈમામવાડા | | |
| બાદરપુર | મહેર હાઈસ્કૂલ | સેવાલણી | ઈમામવાડા | | |

કોમ્પિટીશનમાં ૫૦ થી ૭૦% પ્રશ્નો સીલેબસમાંથી પુછાશે. સીલેબસ મેળવવા - રજીસ્ટ્રેશન માટે સંપર્ક

હસનભાઈ પરબડિયા (૯૯૨૫૬૩૮૨૫૦) મોહસીનઅલી કોજર (૯૬૬૨૦૨૧૪૨૯)
અકબરઅલી મસી (૯૮૨૫૪૯૭૧૭૮) હૈદર અઘારીયા (મુંબઈ) (૯૭૬૯૩૦૫૪૪૦)

**તા. ૨૨-૧૦-૨૦૧૧ શનિવારનો કાર્યક્રમ (ફક્ત સેવાલણી જમાઅત પૂરતો મર્યાદિત રહેશે.)**

| | | | |
|---|---|---|---|
| બપોરે | ૧:૦૦ થી ૨:૦૦ | ચિત્ર સ્પર્ધા | દરેક ઉંમરના લોકો ભાગ લઈ શકશે. |
| બપોરે | ૧:૦૦ થી ૨:૦૦ | મહેંદી સ્પર્ધા | દરેક ઉંમરના લોકો (૨ ની ટીમમાં) ભાગ લઈ શકશે. |
| બપોરે | ૨:૩૦ થી ૫:૩૦ | રમત-ગમત | નાના બાળકો થી લઈને મોટી ઉંમરના લોકોની રમતો રહેશે. |
| રાત્રે | ૮:૩૦ થી ૧૦:૩૦ | નાટકો | સમાજને બોધપાઠ આપતા નાટકો રજૂ કરવામાં આવશે. |

**તા. ૨૩-૧૦-૨૦૧૧ રવિવાર નો કાર્યક્રમ (સમસ્ત શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતનો રહેશે)**

| | | | |
|---|---|---|---|
| સવારે | ૯:૦૦ થી ૧૧:૦૦ | કીડ્ઝ કોમ્પ. | વિવિધ ગામોના બોસ્તાન-એ-તિફલાનના બાળકો કાર્યક્રમો રજુ કરશે. આ માટે રજીસ્ટ્રેશન કરવા નજર કડીવાલા (૯૮૭૯૦૯૭૫૩૦) નો સંપર્ક કરવો. |
| સવારે | ૧૧:૦૦ થી ૧૧:૩૦ | ફુરાત હોમસ્કૂલીંગની એક પ્રવૃત્તિ કરવામાં આવશે. | |
| સવારે | ૧૧:૩૦ થી ૧:૦૦ | જમણવાર | |
| બપોરે | ૧:૩૦ થી ૪:૩૦ | ક્વીઝ કોમ્પ.ની ફાઈનલ | લેખિત પરીક્ષામાંથી ટોચની પાંચ ટીમો ભાગ લેશે. |
| સાંજે | ૪:૩૦ થી ૫:૦૦ | ઈનામ વિતરણ અને આભાર વિધિ તેમજ રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમનું સમાપન | |

**સ્ટોલ પ્રદર્શન :** તા. ૨૨-૧૦-૧૧ અને ૨૩-૧૦-૧૧ દરમિયાન વિજ્ઞાન પ્રદર્શન, ચિત્ર પ્રદર્શન, જસ્ટ ફોર ફન, વિગેરે જેવા જ્ઞાન, ટેલેન્ટ અને ગમ્મત પિરસતા વિવિધ સ્ટોલનું આયોજન કરવામાં આવશે.

પ્રદર્શનનો સમય : તા. ૨૨-૧૦-૧૧ શનિવાર બપોરે ૧૨:૦૦ થી ૩:૦૦ સુધી
તા. ૨૩-૧૦-૧૧ રવિવાર સવારે ૯:૦૦ થી બપોરે ૧:૩૦ - સાંજે ૫:૦૦ થી ૬:૦૦ સુધી

ઉપરોક્ત ઈલ્મોત્સવ-૨૦૧૧ ને લગતી કોઈપણ માહિતી મેળવવા માટે કે સલાહ સુચન આપવા માટે ૯૯૦૯૯૦૬૧૮૯ અને ૯૬૬૨૦૨૧૪૨૯ પર સંપર્ક કરવો.

લી.

સેવાલણી શીઆહ જાફરી મશાયખી મોમીન જમાઅતના સહકારથી **TFVEC**

શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅત

# પારિતોષિક વિજેતા ચમકતા સિતારા

દાતા : શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા

## એસ.એસ.સી. પરીક્ષા : માર્ચ - ૨૦૧૧

### (સાબરકાંઠા સહિત) બાવીસીમાં બહેનોમાં પ્રથમ



પારિતોષિક : જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબા મેમોરીયલ સિલ્વર મેડલ

વિજેતા : મો.સુગરાઝેહરા ગુલામહુસૈન ઢેખાળીયા (બાદરપુર-સુરત)

ટકા : ૯૦.૨૦% ◆ Percentile Rank-98.97 ◆ Grade - A1

### (સાબરકાંઠા સહિત) બાવીસીમાં ભાઈઓમાં પ્રથમ



પારિતોષિક : પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન જાફરી મેમોરીયલ સિલ્વર મેડલ

વિજેતા : મો.મહેરબાનહુસૈન ઝાકિરહુસૈન સેલીયા (મેતા-અમદાવાદ)

ટકા : ૯૦.૦૦% ◆ Percentile Rank-98.89 ◆ Grade - A2

### (બાવીસી સિવાય) સાબરકાંઠામાં ભાઈઓમાં પ્રથમ



પારિતોષિક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી સિલ્વર મેડલ

વિજેતા : મો.મહેંદીહસન મોહંમદયૂસુફ સાવદી (ઈલોલ તલાવ-અમદાવાદ)

ટકા : ૮૮.૪૦% ◆ Percentile Rank-98.13 ◆ Grade - A2

### (બાવીસી સિવાય) સાબરકાંઠામાં બહેનોમાં પ્રથમ



પારિતોષિક : જનાબા સૈયદા ખેરૂન્નિસા બેગમ સાહેબા મેમોરીયલ સિલ્વર મેડલ

વિજેતા : મો.મેઅરાજફાતેમા શબ્બીરઅલી ભોવણીયા (ઈલોલ પહાડીયા)

ટકા : ૮૮.૨૦% ◆ Percentile Rank-98.02 ◆ Grade - A2

## ચમકતા સિતારા

**ગ્રેડ-A2**

## એસ.એસ.સી. પરીક્ષા : માર્ચ - ૨૦૧૧



મોહંમદહસન ઈબ્રાહીમભાઈ
જાવદી (બાદરપુર)
૮૯.૮૦% P-૯૮.૮૧



ઝહીરઅબ્બાસ સલમાનઅલી
મુખી (હૈદરપુરા-મુંબઈ)
૮૮.૭૩%



અઝમતફાતેમા શબ્બીરભાઈ
ઉમતીયા (બેંગલોર)
૮૮.૪૮%



કામિયાબઅલી શબ્બીરઅલી
સુણસરા (મેતા)
૮૮.૪૦% P-૯૮.૧૩



એહમદઅબ્બાસ મોહંમદભાઈ
પલસાણીયા (મેતા)
૮૮.૨૦% P-૯૮.૦૨



અકબરહુસૈન ઝાકિરહુસૈન
દાતરડી (બાદરપુર)
૮૮.૦૦% P-૯૭.૯૧



મોહંમદહુસૈન ઈસ્માઈલ
સેલીયા (કાકોશી-મુંબઈ)
૮૭.૮૨%



જાફરઅલી ઈસ્માઈલભાઈ
પરબડીયા (સેજલપુરા)
૮૭.૮૦% P-૯૭.૭૯



આબેદાબેન અબ્બાસઅલી
સુણસરા (મેતા)
૮૭.૦૦% P-૯૭.૩૧



એહમદઅબ્બાસ સુલેમાનભાઈ
ચૌધરી (ભાંગરોડીયા-અમદા.)
૮૬.૪૦% P-૯૬.૯૨



ફાતેમાસુગરા ગુલામઅલી
કોવડીયા (કનાઈ)
૮૬.૪૦% P-૯૬.૯૨



મકબુલફાતેમા બાકરઅલી
નુરભાણેજ (હરીપુરા)
૮૬.૦૦% P-૯૬.૬૪



કામિયાબઅલી મતલુબઅલી
શેલીયા (વાઘરોલ)
૮૬.૦૦% P-૯૬.૬૪



મેઅરાજફાતમા ઈબ્રાહીમભાઈ
જાવદી (બાદરપુર)
૮૫.૮૦% P-૯૬.૪૯



મેઅરાજફાતેમા ઈસ્માઈલભાઈ
અઘારીયા (શેરપુરા-અંકલેશ્વર)
૮૫.૬૦% P-૯૬.૩૫



સકીનાફાતમા શબ્બીરઅલી
ચૌધરી (મેતા)
૮૫.૪૦% P-૯૬.૨૦



નુઝહતબાનુ આબિદઅલી
મોમિન ( - )
૮૫.૨૦% P-૯૬.૦૩



સાકેરાબેન અકબરઅલી
બક્ષી (બાદરપુર)
૮૫.૦૦% P-૯૫.૮૭



રૂકસાનાબાનુ મહંમદભાઈ
શેરસીયા (કેસીમ્પા-ખેડબ્રહ્મા)
૮૪.૪૦% P-૯૫.૪૦



કુલસુમફાતમા બાકરઅલી
કડીવાલા (વાઘરોલ)
૮૪.૨૦% P-૯૫.૨૨



ઝયનબફાતેમા મંજુરઅલી
મોમિન (નડીયાદ)
૮૪.૦૦% P-૯૫.૦૫



રિઝવાનાફાતેમા ઈમ્તિયાઝઅલી
મોમિન (વસો)
૮૪.૦૦% P-૯૫.૦૫



એહમદઅબ્બાસ મોહંમદહુસૈન
ખટાસીયા (બાદરપુર)
૮૩.૬૦% P-૯૪.૭૦



આબિદહુસૈન ગુલામહુસૈન
ઢેખાલીયા (બાદરપુર-સુરત)
૮૩.૪૦% P-૯૪.૫૧



મેઅરાજફાતેમા મહંમદભાઈ
દાદાવાલા (બાદરપુર)
૮૩.૨૦% P-૯૪.૩૩

## ચમકતા સિતારા

## એસ.એસ.સી. પરીક્ષા : માર્ચ - ૨૦૧૧


આબેદાબેન મુસ્તાકઅલી
મોમિન (નડીયાદ)
૮૩.૦૦% P-૯૪.૧૫


હસનઅલી રસુલભાઈ
સેલીયા (વાઘરોલ)
૮૨.૬૦% P-૯૩.૭૫


કામિયાબઅલી અબ્બાસભાઈ
આંબલીયાસણા (વાઘરોલ)
૮૨.૨૦% P-૯૩.૩૫


અનવરઅલી રોશનભાઈ
શેરસીયા (ખૈરપુરા-દેશોત્તર)
૮૧.૮૦% P-૯૨.૯૬


સાકેરાબાનુ અબ્બાસઅલી
આગલોડીયા(પીંપોદર)
૮૧.૮૦% P-૯૨.૯૬


વારિસઅલી ઐયુબભાઈ
મરેડીયા (ઈસ્લામપુરા)
૮૧.૮૦% P-૯૨.૯૬


આરેફાબાનુ સુલેમાન
ચૌધરી (મેતા)
૮૧.૮૦% P-૯૨.૯૬


કુરબાનહુસૈન શબ્બીરઅલી
સુણસરા (ભાંગરોડીયા)
૮૧.૬૦% P-૯૨.૭૬


સાકેરાબાનુ અઝીમઅલી
આંબલીયાસણા (વાઘરોલ)
૮૦.૬૦% P-૯૧.૬૭


મંજુરફાતેમા મહંમદહનીફ
મોમિન (વસો)
૮૦.૬૦% P-૯૧.૬૭


મોહસિનઅલી ગુલામઅબ્બાસ
ભંડારી (બાદરપુર)
૮૦.૬૦% P-૯૧.૬૭


શબાનાબાનુ હનીફભાઈ
હુકા (વાઘરોલ-અમદાવાદ)
૮૦.૨૦% P-૯૧.૨૨

ગ્રેડ-B1


જાફરઅલી ઈમદાદઅલી
નાગલપુરા (બારોડીયા કંપા)
૭૯.૬૦% P-૯૦.૫૪


મુખ્તારઅલી મહંમદઅલી
મસી (બાદરપુર)
૭૯.૬૦% P-૯૦.૫૪


કુલસુમફાતેમા અકબરઅલી
શેરસીયા (કાકોશી)
૭૯.૨૦% P-૯૦.૦૭


સલમાનઅલી કમ્મરઅલી
ધાંધારીયા (બાદરપુર)
૭૯.૨૦% P-૯૦.૦૭


અહેસાનઅલી મહંમદઅલી
સુખડ (બાદરપુર)
૭૯.૦૦% P-૮૯.૮૩


સૈફમોહંમદ શબ્બીરઅલી
મોમિન (વસો)
૭૮.૬૦% P-૮૯.૩૩


મહંમદઅલી નાસિરહુસૈન
લોઢા (કિશોરગઢ)
૭૮.૪૦% P-૮૯.૦૯


આબેદાબેન રોશનઅલી
સેલીયા (વાઘરોલ)
૭૮.૪૦% P-૮૯.૦૯


સાજેદાબેન વારિસઅલી
પલસાણીયા (મેતા)
૭૮.૨૦% P-૮૮.૮૨


રહેમાનઅલી દીનમોહંમદ
સુણસરા (કમાલપુર)
૭૭.૮૦% P-૮૮.૩૧


સકીનાફાતેમા ગુલામમોહંમદ
સેલીયા (કાકોશી-અમદાવાદ)
૭૭.૬૦% P-૮૮.૦૫


મહંમદઅલી અલીરઝા
ગોદડ (કિશોરગઢ)
૭૭.૬૦% P-૮૮.૦૫


હસનઅલી ગુલામહૈદર
ભોવણીયા (ઈલોલ પહાડીયા)
૭૭.૦૦% P-૮૭.૨૫

## ચમકતા સિતારા

## એસ.એસ.સી. પરીક્ષા : માર્ચ - ૨૦૧૧


મહેરબાનઅલી રોશનઅલી થરાદરા (ખડીયાસણા)
૭૫.૮૦% P-૮૫.૬૦


સાજેદાબેન અફઝલઅલી ભગત (બાદરપુર)
૭૪.૮૦% P-૮૪.૧૫


કુરબાનહુસૈન ગુલામમોહંમદ કડીવાલ (વાધણા)
૭૪.૦૦% P-૮૨.૯૬


કાસિમઅલી કમરઅલી મુખી (હૈદરપુરા-મુંબઈ)
૭૪.૦૦%


મેઅરાજફાતેમા હૈદરઅલી આંબલીયાસણા (વાઘરોલ)
૭૩.૮૦% P-૮૨.૬૫


રહેમાનઅલી ખાદિમગુલામહુસૈન મોમિન (કઠોર)
૭૩.૨૦% P-૮૧.૭૩


કામિયાબહુસૈન મહંમદઅલી વિજાપુરા ( - )
૭૨.૨૦% P-૮૦.૧૭


મકબુલફાતમા મહેંદીહસન સુણસરા (મેતા)
૭૦.૪૦% P-૭૭.૧૯


મેઅરાજફાતેમા હસનઅલી શેરસીયા (ખેરપુરા-દેશોત્તર)
૭૦.૨૦% P-૭૬.૮૫

ગ્રેડ-B2


મેઅરાજફાતેમા ગુલામઅબ્બાસ મસુ (ઈલોલ પહાડીયા)
૬૯.૪૦% P-૭૫.૪૬

ઈજનેરી શાખા


ઈમરાનહૈદર ગુલામહૈદર બાલસાણીયા (જાફરીપુરા-મુંબઈ) M.Sc.(Electrical Engi.)


મંજુરમોહંમદ ગુલામમોહંમદ આંબલીયાસણા (મુંબઈ) ૬૨.૧૩% B.E. (Comp.)


ફતેહઅલી હબીબભાઈ સુણસરા (મેતા-પાલનપુર) ૬૭.૯૭% M.C.A.

સ્નાતક બહેનો


મંજુરફાતેમા નૂરઅલી ભટ્ટ (ઈલોલ તલાવ)
૬૩.૨૫% B.Library Sci.


તાહેરાબેન ગુલામઅબ્બાસ સુથાર (બાદરપુર)
૬૯.૫૮% B.C.A.


સુગરાબેન શબ્બીરહસન ખણુશીયા (સુરપુર)
૬૯.૦૮% B.C.A.


કનીઝફાતમા મતલુબઅલી સેલીયા (વાઘરોલ)
૬૨.૬૭% B.Sc. Biotech


સાકેરાબાનુ ઈસ્માઈલભાઈ મોમિન (કાકોશી)
૭૩.૯૦% B.Sc.


રહમતફાતમા હનીફભાઈ હુકા(વાઘરોલ-અમદાવાદ)
૬૮.૯૫% B.Sc.


કનીઝફાતમા ઈમ્તિયાઝઅલી લોઢા(હરીપુરા-ગાંધીનગર)
૬૮.૨૨% B.Com.


આબેદાબાનુ હૈદરઅલી ખરોડીયા (પીંપોદર)
૬૯.૭૭% B.A.

**તમામ પારિતોષિક વિજેતા તથા ચમકતા સિતારાઓને જાફરી આવાઝ(માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.**

શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅત

# પારિતોષિક વિજેતા ચમકતા સિતારા

**દાતા : શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા**

## એચ.એસ.સી. પરીક્ષા : માર્ચ - ૨૦૧૧

## વિજ્ઞાન પ્રવાહ

### સમગ્ર બાવીસીમાં ભાઈઓમાં પ્રથમ



પારિતોષિક : પીર સૈયદ એહમદહુસૈન જાફરી મેમોરીયલ સિલ્વર મેડલ

વિજેતા : મો.આબિદહુસૈન ઈસ્માઈલભાઈ બટ્ટી (બાદરપુર)

ટકા : ૮૮.૯૨% ◆ Percentile Rank-99.05 ◆ Grade - A2

### (બાવીસી સિવાય) સાબરકાંઠામાં ભાઈઓમાં પ્રથમ



પારિતોષિક : પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી સિલ્વર મેડલ

વિજેતા : મો.સાકિરઅલી મોહંમદઅલી ભોવણીયા (સુરપુર)

ટકા : ૭૬.૧૬% ◆ Percentile Rank-85.25 ◆ Grade - B1

### સમગ્ર બાવીસીમાં બહેનોમાં પ્રથમ



પારિતોષિક : સૈયદા ઈતરતફાતેમા જાફરી સિલ્વર મેડલ

વિજેતા : મો.સાકેરાબાનુ મોહંમદઅલી પરબડીયા (સુરપુર)

ટકા : ૬૯.૮૩%

## સ્નાતક કક્ષા

### સ્નાતક કક્ષાએ બાવીસીમાં મેરીટના ધોરણે બહેનોમાં પ્રથમ



પારિતોષિક : જનાબા સૈયદા તેહસીનફાતેમા બેગમ સાહેબા સિલ્વર મેડલ

વિજેતા : મો.મોસ્મીનબેન મોહંમદભાઈ મોરીયા (ચડોતર)

ટકા : ૭૯.૦૮% (બી.સી.એ.)

શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅત

# પારિતોષિક વિજેતા ચમકતા સિતારા

દાતા : શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા

## એચ.એસ.સી. પરીક્ષા : માર્ચ - ૨૦૧૧ — સામાન્ય પ્રવાહ

### સમગ્ર બાવીસીમાં બહેનોમાં પ્રથમ



પારિતોષિક : સૈયદા તેહસીનફાતેમા જાફરી સિલ્વર મેડલ

વિજેતા : મો.સાકેરાબેન મહંમદભાઈ છાપીયા (હૈદરપુરા)

ટકા : ૮૮.૨૯% ◆ Percentile Rank-99.82 ◆ Grade - A2

### સમગ્ર બાવીસીમાં ભાઈઓમાં પ્રથમ



પારિતોષિક : વલીઅહદ પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી સિલ્વર મેડલ

વિજેતા : મો.મહેંદીઅલી શબ્બીરભાઈ સુણસરા (ભાંગરોડીયા)

ટકા : ૮૦.૫૭% ◆ Percentile Rank-97.11 ◆ Grade - A2

## અનુસ્નાતક કક્ષા

### અનુસ્નાતક કક્ષાએ બાવીસીમાં બહેનોમાં પ્રથમ



પારિતોષિક : ઝહીના-એ-ઝેહરા

વિજેતા : મો.રાશેદાબાનુ મતલુબઅલી સેલીયા (વાઘરોલ)

ટકા : ૭૩.૫૦% M.Sc. (CA & IT)

## ઈજનેરી શાખા

### સમગ્ર બાવીસીમાં ભાઈઓ-બહેનોમાં પ્રથમ



પારિતોષિક : પીર સૈયદ હસનઅલી(રહે.) મેમોરીયલ સિલ્વર મેડલ

વિજેતા : મો.મકબુલઅલી મતલુબઅલી સુરપુરા (સુરપુર)

ટકા : ૮૩.૪૮% B.E.(Automobile)

## બી.ફાર્મ/એમ.ફાર્મ.

### બી.ફાર્મ./એમ.ફાર્મ.માં સાબરકાંઠામાં ભાઈઓ-બહેનોમાં પ્રથમ



પારિતોષિક : પીર સૈયદ ગુલામઅલી ઉર્ફે હાજરપીર બાવા(રહે.) મેમોરીયલ સિલ્વર મેડલ

વિજેતા : મો.એહમદઅબ્બાસ ગુલામહૈદર બલોસપુરા (ઈલોલ પહાડીયા)

ટકા : ૬૧.૧૨% B. Pharm.

## તબીબી વિભાગ

### બાવીસીમાં તબીબી ક્ષેત્રે એમ.એસ.ની પદવી



પારિતોષિક : પીર સૈયદ મશાયખ(રહે.) મેમોરીયલ ગોલ્ડ મેડલ

વિજેતા : મો.ડો.આબિદઅલી મહંમદઅલી ખણુસીયા (કાટવાડ)

ટકા : ૫૭.૩૦% (એમ.એસ.)

## પી.એચ.ડી.

### બાવીસીમાં પી.એચ.ડી.ની પદવી



પારિતોષિક : પીર સૈયદ મશાયખ(રહે.) મેમોરીયલ ગોલ્ડ મેડલ

વિજેતા : મો.ડો.ગુલામનબી અલીભાઈ મસુ (મહેરપુરા)

વિષય : ગુજરાત રાજ્યના વિશ્વ વિદ્યાલયોમાં સામાયિકોની સર્જાતી સમસ્યા અને સુજાવો : એક અધ્યયન

## ચમકતા સિતારા — વિજ્ઞાન પ્રવાહ — એચ.એસ.સી. પરીક્ષા : માર્ચ - ૨૦૧૧

ગ્રેડ-A2



અબ્બાસઅલી કમરઅલી
નાથામેઠા (બાદરપુર)
૮૧.૮૪% P-૯૫.૮૪

ગ્રેડ-B1



મુખ્તારઅલી કમરઅલી
મસી (કનાઈ)
૭૫.૮૪% P-૯૧.૬૬



આબિદઅલી મુસ્તાકઅલી
દાવડા (કાટવાડ)
૭૫.૩૩% P-૮૯.૨૫



મોહંમદહુસૈન કમરઅલી
ભોવણીયા (સુરપુર)
૭૫.૩૩% P-૮૫.૯૪



શબ્બીરઅલી ગુલામઅલી
મલેકપુરા (બાદરપુર)
૭૩.૩૩% P-૮૭.૮૦



મખદુમઅલી મતલુબઅલી
સુરપુરા (સુરપુર)
૭૧.૦૦% P-૭૩.૧૧



આબિદઅલી અકબરઅલી
ભોવણીયા (ઈલોલ પહાડીયા)
૬૯.૦૦% P-૭૯.૨૧

ગ્રેડ-C1



ઈમદાદઅલી અબ્બાસઅલી
મોરીયા (ચડોતર)
૬૦.૧૫% P-૫૫.૬૮

**ગ્રેડ-A2**



મકબુલફાતેમા ઈમદાદઅલી
મસી (બાદરપુર-અમદા.)
૮૭.૮૭% P-૯૯.૬૬



આરેફાબાનુ આબિદઅલી
વિજાપુરા (કાટવાડ)
૮૩.૫૭% P-૯૮.૭૪



કુલસુમબેન મહંમદભાઈ
શેરસીયા (ખૈરપુરા-દેશોત્તર)
૮૨.૮૫% P-૯૮.૪૨



કુલસુમફાતેમા ગુલામમોહંમદ
કોવડીયા (કનાઈ)
૮૨.૧૩% P-૯૭.૪૯



ઈમદાદએહમદ ગુલામમોહંમદ
ખણુસીયા (કાટવાડ)
૮૦.૧૪% P-૯૬.૭૯

**ગ્રેડ-B1**



ઈમદાદહુસૈન ઈસ્માઈલભાઈ
ધાંધારીયા (બાદરપુર)
૭૯.૩૩% P-૯૬.૦૮



અબ્બાસઅલી મહંમદઅલી
મુખી (મોલીપુર)
૭૮.૮૦% P-૯૫.૧૫



શબ્બીરઅલી ગુલામભાઈ
ચંપા (મોલીપુર)
૭૮.૬૬% P-૯૫.૫૬



ઝાકિરહુસૈન તાલિબભાઈ
ખટાસીયા (બાદરપુર)
૭૮.૧૪% P-૯૫.૦૧



સુગરાફાતમા ઈસ્માઈલભાઈ
મલપરા (વેળાવાપુરા-સુરત)
૭૮.૦૦% P-૯૬.૫૬



ઝયનબફાતેમા દીનમોહંમદ
સુણસરા (કમાલપુર)
૭૮.૦૦% P-૯૪.૦૪



આબિદઅલી અબ્બાસઅલી
ભટ્ટી (મોલીપુર)
૭૭.૪૬% P-૯૩.૫૪



એહમદઅબ્બાસ યુસુફઅલી
કરડીયા ( - )
૭૬.૫૭% P-૯૩.૧૭



કનીઝઝેહરા ઝુલ્ફિકારઅલી
અઘારીયા (શેરપુરા)
૭૬.૫૩% P-૯૨.૪૧



આબિદહુસૈન હસનભાઈ
અલાદવાળા (બાદરપુર)
૭૫.૭૩% P-૯૧.૬૦



સાકેરાબેન મહેંદીઅલી
ગોદડ (ઈલોલ પહાડીયા)
૭૩.૮૫% P-૮૯.૧૪



શબ્બીરહસન અલીરઝા
આંબલીયાસણા (બાદરપુર)
૭૨.૫૩% P-૮૫.૩૮



કનીઝફાતેમા મૈસુરઅલી
ગોરા (બાદરપુર)
૭૨.૧૩% P-૮૫.૦૮



ઈરફાનહૈદર અકબરઅલી
ખણુસીયા ( - )
૭૧.૪૩% P-૮૪.૪૮



આબિદઅલી આસિફઅલી
કરમુલા (બાદરપુર)
૭૧.૨૦% P-૮૪.૭૯



એહસાનઅલી તાલિબઅલી
વિજાપુરા (કાટવાડ)
૭૦.૫૭% P-૮૨.૬૦



સકીનાફાતમા શબ્બીરઅલી
ભગત (બાદરપુર)
૭૦.૨૬% P-૮૨.૨૯

**ગ્રેડ-B2**



સાજેદાબાનુ ગુલામમોહંમદ
ખણુસીયા (કાટવાડ)
૬૭.૭૧% P-૭૫.૫૭



રહમતફાતમા મીકદાદહૈદર
મોમિન (કઠોર)
૬૨.૫૩% P-૫૪.૮૦



# હાજરજવાબી

ઈમામ જાફર સાદિક(અ.)ના સહાબી.

હઝરત બહલૂલ દાના.

બહલૂલ નામ. દાના ઉપનામ.

દાના એટલે બુધ્ધિશાળી.

બહલૂલ દાનાને કોઈ માણસ પ્રશ્ન પૂછતો તો તેઓ તરત જ તેને વિદ્વતાપૂર્ણ જવાબ આપી દેતા. કદાચ એ જ કારણે આપના નામની પાછળ 'દાના' શબ્દ જોડાઈ ગયો લાગે છે.

એક વાર બહલૂલ એક કબ્રસ્તાનમાં કબરોની વચ્ચે લાંબા સમય સુધી બેસી રહ્યા અને વિચારો કરતા રહ્યા. લોકોએ આ દૃશ્ય જોયું તો કેટલાક લોકોએ આપની મજાક કરવાના હેતુથી આપને પૂછ્યું,

'અય બહલૂલ ! તમે તો હજી જીવતા છો તો પછી આ મરેલાઓની વચ્ચે કેમ બેઠા છો ?'

બહલૂલે તરત જ ફરમાવ્યું,

'હું એવા લોકોની વચ્ચે બેસવાનું પસંદ કરું છું કે જેઓ મને અભિમાન કરવાથી દૂર રાખે અને મારી ફરજો બજાવવામાં બેદરકારીથી દૂર રાખે અને મને જેમની પાસેથી હંમેશાં સારી શિખામણ મળે અને મને અહીં એ બધું જ મળી રહે છે.'

બીજા એક પ્રસંગે જ્યારે તેઓ કબ્રસ્તાનની મુલાકાત લઈને પાછા ફરી રહ્યા હતા ત્યારે લોકોમાંથી કોઈએ પૂછ્યું,

'અય બહલૂલ ! કોને મળવા ગયા હતા ?'

બહલૂલે ફટાક દઈને જવાબ આપ્યો,

'હું એવા લોકોને મળીને આવી રહ્યો છું કે જેઓ જમીનની અંદર ઉતરી ચૂક્યા છે. (એટલે કે દફન થઈ ચૂક્યા છે.)'

પેલાએ મશ્કરી કરવાના હેતુથી પૂછ્યું,

'શું તેમણે તમારી સાથે કોઈ વાત બાત કરી કે નહીં ?'


બહલૂલે કહ્યું,

'કેમ નહીં ? મેં તેમને પૂછ્યું કે હવે તમે બધા અહીં શું કરો છો ? તો તેમણે જવાબ આપ્યો કે અમે બધા તમારી વાટ જોઈ રહ્યા છીએ.'

દોસ્તો ! બહલૂલે કેવો સુંદર જવાબ આપ્યો ! તેમણે નસીહતથી ભરેલો જવાબ આપ્યો. મોત હકીકત છે. દરેકે એક દિવસ મરવાનું તો છે જ. ઈસ્લામ ધર્મે તો એવી પણ તાલીમ આપી છે કે જ્યારે પણ તમે કબ્રસ્તાનમાં જાઓ તો કબરવાસીઓને આ રીતે સલામ કરો : અસ્સલામો અલયક યા એહલલ કુબૂર. (અય કબરવાસીઓ ! તમારા ઉપર મારા સલામ થાય.) ✻


અન્ય લાયકાત


આબિદહુસૈન ગુલામઅબ્બાસ ભટ્ટ (જેઠીપુરા) ૮૬.૦૦% B.Ed.


કરામતઅલી ગુલામઅલી મોમિન (ઈમાનપુરા) ૮૨.૮૫% B.Ed.



અમીના કમરઅલી મોલપીયા (દસાવાડા-પાલનપુર) ૮૧.૦૭% B.Ed.


અનીસાબાનુ અકબરઅલી મસુ (મહેરપુરા-અમદા.) ૭૭.૪૬% B.Ed.



મોહસિનઅલી મંજુરઅલી મોમિન (બાદરપુર) ૫૨.૧૨% M.A.


સાદિકઅલી શબ્બીરઅલી સાઠીયા (કેસીમ્પા) ૬૩.૧૫% Diploma Auto


અલીરઝા મુસ્તાકઅલી મોમિન (કઠોર) ૬૬.૮૦% B.Sc.


કનીઝફાતેમા હૈદરઅલી મોમિન (સુરત) ૭૮.૯૫% S.Y.B.Sc.


હબીબાબાનુ ગુલામઅબ્બાસ સુથાર (બાદરપુર) ૭૩.૬૦% F.Y.B.Sc.


આબેદાબેન મોહંમદઅલી પલસાણીયા (મેતા) ૮૯.૭૦% ધોરણ-૮

# અકલ વ દિલ

# عقل و دل

ડૉ. અલ્લામા ઈકબાલ

ڈاکٹر علامہ اقبال

| | |
|---|---|
| અકલને એક દિન યે દિલસે કહા, | عقل نے ایک دن یہ دل سے کہا |
| ભૂલે ભટકેકી રહેનુમા હૂં મૈં. | بھولے بھٹکے کی رہنما ہوں میں |

(બુધ્ધિએ એક દિવસ દિલને આવું કહ્યું, હું ભૂલેલા, ભટકેલા ગુમરાહ માણસની માર્ગદર્શિકા છું.)

| | |
|---|---|
| હૂં ઝમીં પર, ગુઝર ફલક પે મેરા, | ہوں زمیں پر، گزر فلک پہ میرا |
| દેખ તૂ કિસ કદર રસા હૂં મૈં. | دیکھ تو کس قدر رسا ہوں میں |

(ભલેને હું જમીન ઉપર છું છતાં મારી પહોંચ તો છેક આકાશ સુધીની છે. તું જો તો ખરું કે હું કેટલે ઊંચે સુધી પહોંચેલી છું.)

| | |
|---|---|
| કામ દુન્યામેં રહેબરી હૈ મેરા, | کام دنیا میں رہبری ہے مرا |
| મિસ્લે ખિઝરે ખુજિસ્તા પા હૂં મૈં. | مثلِ خضرِ خُجَستہ پا ہوں میں |

(દુનિયામાં મારું કાર્ય લોકોને માર્ગદર્શન આપવાનું છે. હું હઝરત ખિઝર પયગમ્બર(અ.)ની માફક મુબારક પગ ધરાવનારી છું.)

| | |
|---|---|
| હૂં મુફસ્સિરે કિતાબ હસ્તી કી, | ہوں مفسِّرِ کتاب ہستی کی |
| મઝહરે શાને કિબ્રિયા હૂં મૈં. | مظہرِ شانِ کبریا ہوں میں |

(હું જીવનરૂપી કિતાબની તફસીર કરનાર વિદ્વાન પણ છું અને અલ્લાહની શાન પ્રગટ કરવાનું સ્થાન પણ છું.)

| | |
|---|---|
| બુંદ એક ખૂનકી હૈ તૂ લેકીન, | بوند اک خون کی ہے تو لیکن |
| ગૈરતે લા'લે બેબહા હૂં મૈં. | غیرتِ لعلِ بے بہا ہوں میں |

(તું તો માત્ર લોહીનું એક ટીપું જ છે પરંતુ હું તો સ્વાભિમાન(ખુદી)નું બહુમૂલ્ય રત્ન છું.)

| | |
|---|---|
| દિલને સુન કર કહા, યે સચ હૈ, | دل نے سُن کر کہا یہ سب سچ ہے |
| પર મુઝે ભી તો દેખ કહાં હૂં મૈં. | پر مجھے بھی تو دیکھ کہاں ہوں میں! |

(દિલે આ સાંભળીને કહ્યું, (અય બુધ્ધિ !) તારી વાત સાચી છે પરંતુ તું મને જો તો ખરી કે હું ક્યાં છું ?)

રાઝે હસ્તીકો તૂ સમઝતી હૈ, | رازِ ہستی کو تو سمجھتی ہے
ઔર આંખોંસે દેખતા હૂં મૈં. | اور آنکھوں سے دیکھتا ہوں میں!

(જીવનનાં રહસ્યોને તો તું માત્ર સમજી જ જાણે છે જ્યારે હું તો તેને મારી સગી આંખે જોઉં છું.)

હૈ તુઝે વાસ્તા મુઝ્હિર સે, | ہے تجھے واسطہ مُظاہر سے
ઔર બાતિનસે આશ્ના હૂં મૈં. | اور باطن سے آشنا ہوں میں

(તારે તો બસ જાહેરી બાબતો સાથે જ સંબંધ છે જ્યારે હું તો અંદરના ભેદની (બાતિની) બાબતોથી પણ પરિચિત છું.)

ઈલ્મ તુઝસે, તો માઅરેફત મુઝસે, | علم تجھ سے، تو معرفت مجھ سے
તૂ ખુદાજૂ, ખુદાનુમા હૂં મૈં. | تو خدا جُو، خدانما ہوں میں

(તારા દ્વારા ઈલ્મ (પ્રાપ્ત થાય) છે તો મારા દ્વારા માઅરેફત (પ્રાપ્ત થાય) છે. તું તો માત્ર ખુદાને પસંદ કરનારી જ છે (જ્યારે) હું તો લોકોને ખુદાની માઅરેફત કરાવનાર છું.)

ઈલ્મકી ઈન્તેહા હૈ બેતાબી, | علم کی انتہا ہے بے تابی
ઈસ મર્ઝકી મગર દવા હૂં મૈં. | اس مرض کی مگر دوا ہوں میں

(ઈલ્મની પરાકાષ્ઠા તો બેચેની છે પરંતુ તે (બેચેની)ના દર્દની દવા તો હું પોતે જ છું.)

શમ્અ તૂ મહેફિલે સદાકતકી, | شمع تو محفلِ صداقت کی
હુસ્નકી બઝ્મકા દિયા હૂં મૈં. | حسن کی بزم کا دِیا ہوں میں

(તું સચ્ચાઈની મહેફિલની શમા ભલે હોય (પરંતુ) હું તો સુંદરતાની મહેફિલનો દીપક છું.)

તૂ ઝમાન વ મકાનસે રિશ્તાબપા, | تو زمان و مکاں سے رشتہ بپا
તાઈરે સિદરા આશ્ના હૂં મૈં. | طائرِ سِدرہ آشنا ہوں میں

(તું તો માત્ર સ્થળ અને સમય સાથે જ જોડાયેલી છે જ્યારે હું તો સિદ્રતુલ મુન્તહા સુધી વિહરનાર (આઝાદ) પક્ષી છું.)

કિસ બુલંદી પે હૈ મકામ તેરા, | کس بلندی پہ ہے مقام ترا
અર્શ, રબ્બે જલીલકા હૂં મૈં. | عرش ربِّ جلیل کا ہوں میں

((હવે તું જ મને બતાવ કે) તારું સ્થાન કેટલી બુલંદી પર છે, હું તો મહાન અલ્લાહ તઆલાનું અર્શ(સિંહાસન) છું.)

*

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ
અમૃતસરી દ્વારા સંપાદિત
'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### જનાબે રસૂલે મકબૂલ(સ.)ની નિકટતાનો ફઝલ

(૧) ઈબ્ને અબ્બાસ(રઝી.) કહે છે કે જનાબે સફીયા બિન્તે અબ્દુલ મુત્તલિબ એટલે કે આપ(સ.)નાં ફોઈનો એક પુત્ર ગુઝરી ગયો અને તેઓ રડવા લાગ્યાં. આપે તેમને કહ્યું, ફુફીજાન ! તમે રડો છો પરંતુ જે વ્યક્તિનો બેટો ઈસ્લામ ઉપર (સાબિત કદમ રહીને) મૃત્યુ પામે, તેને જન્નતમાં એક ઘર રહેવા માટે મળશે. જ્યારે જનાબે સફીયા ઘરમાંથી બહાર નીકળ્યાં તો તેમને એક માણસ કહેવા લાગ્યો, જનાબ મોહંમદ(સ.) સાથેની નિકટતાને કારણે આપને કંઈ લાભ નહીં મળે. તેઓ ફરીથી રડવા લાગ્યાં.

આં હઝરત(સ.)એ તેમનો રડવાનો અવાજ સાંભળ્યો. હઝરત ગભરાઈ ઉઠ્યા. આપ તેમના ઉપર ખૂબ જ મહેરબાન હતા. આપે તેમને કહ્યું, ફુફીજાન ! મેં તમને જે કંઈ કહેવાનો હક હતો તે કહ્યું છે અને વળી પાછાં આપ રડો છો ? જનાબે સફીયાએ અરજ કરી, 'હું પુત્રના મરી જવાથી રડતી નથી અને આપને બધી વાત કરી કે જે પેલા માણસે કહી હતી. જનાબ ખૂબ જ ગુસ્સે થયા અને બિલાલને ફરમાવ્યું, અય બિલાલ ! લોકોને નમાઝ માટે પોકારો ! બિલાલે લોકોને નમાઝ માટે પોકાર્યા. ત્યાર પછી જનાબ ખુત્બા માટે ઊભા થયા અને બારી તઆલાની હમ્દો સના પછી ફરમાવ્યું, 'કેવી હાલત છે એવા લોકોની કે તેઓ એવો વિચાર કરે છે કે મારી સાથેની નિકટતા કયામતના દિવસે નફો નહીં પહોંચાડે ! સાચે જ દરેક સબબ અને નસબ કયામતના દિવસે મારા કારણે અને નસબના સિવાય કપાઈ જશે. મારી નિકટતા દુનિયા અને આખેરતમાં મળવાવાળી છે.

(૨) અબ્દુલ મુત્તલિબ બિન રબીઆથી રિવાયત છે કે જનાબે રસૂલિલ્લાહ(સ.)એ ફરમાવ્યું છે કે અલ્લાહ કસમ, કોઈ પણ માણસના દિલમાં ઈમાન દાખલ નહીં થાય જ્યાં સુધી કે તે અલ્લાહ અને મારી નિકટતાને કારણે મોહબ્બત ન કરે.

જો કે સરવરે આલમ(સ.)ની શરાફત (સજ્જનતા) કરાબત (નિકટતા)માં હઝરત અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ પણ સહભાગી છે તેમ છતાં જનાબે અલી હઝરત(સ.) સાથે વધારે નજીક છે કેમકે સરવરે દોઆલમ(સ.)ના પિતા જનાબે અબ્દુલ્લાહ અને હઝરત અલી(અ.)ના પિતા અબુતાલિબ સગા ભાઈઓ હતા. એ બન્ને બુઝુર્ગવારોનાં માતા ફાતેમા બિન્તે અસદ ઉમરૂ બિનુલ આઈઝ અલ ખરજુમિયા હતાં. આ નિકટતા હઝરત અબ્બાસને પ્રાપ્ત નહોતી થઈ. આથી આનું વર્ણન હઝરત અબુબકર સિદ્દીક(રઝી.)એ પણ કર્યું છે.

(૩) શઈ કહે છે કે એક વખત જનાબે અબુ બકર(રઝી.) બેઠેલા હતા તેવામાં જનાબે અલી(અ.) તશરીફ લાવ્યા. જ્યારે તેમણે જનાબે અલીને જોયા તો કહેવા લાગ્યા, જે માણસ એવા માણસને જોઈને ખુશ થતો હોય કે જે જનાબે રસૂલિલ્લાહ(સ.)ની નજીક બધા જ લોકોમાં વધારે નિકટતા ધરાવનાર અને સૌથી વધારે મરતબાવાળો અને સૌથી અફઝલ પરિસ્થિતિવાળો અને બધા લોકો કરતાં વધારે રૂત્બાવાળાને જોવા ઈચ્છતો હોય તો આવી રહેલા માણસને જુએ અને પછી અલી બિન અબીતાલિબની તરફ ઈશારો કર્યો.

(૪) અબુબકર ઐયાશ કહે છે કે જો મારી પાસે અબુ બકર અને ઉમર અને અલી તશરીફ લાવે તો હું એ બન્ને સાહેબોની જરૂરત પર હઝરત અલીની જરૂરતને પહેલી પૂરી કરીશ કેમકે હઝરત(સ.)ની કરાબતના આસમાનથી જમીન પર પડવું મારા માટે બેહતર છે. એનાથી કે હું એ બન્ને સાહેબોની જરૂરિયાતને જનાબે અમીરની જરૂરિયાત ઉપર વધારે ઉચ્ચ સમજું.

(૫) દાર કત્ની રિવાયત કરે છે કે મશ્વેરો કરવાના દિવસે મશ્વેરો કરવા ભેગા થયેલા લોકોને જનાબે અમીરે પોતાની હુજ્જત રજૂ કરી કે હું તમને કસમ દઈને પૂછું છું કે તમારામાંથી રિશ્તેદારીની બાબતમાં મારાથી વધારે આં હઝરત(સ.)નો કરીબી (નજીક) છે ખરો ? મારા સિવાય બીજા કોઈના નફસને આં હઝરત(સ.)એ પોતાનો નફસ કહ્યો છે ખરો ? અને કોઈના બેટાઓને (મારા સિવાય) પોતાનો બેટો કહ્યો છે ખરો ? બધાએ કહ્યું, ખુદાની કસમ એવો કોઈ નથી.

(૬) અને કરાબતવાળા કેટલાક તેમનાથી વધારે નજીક છે કેટલાકથી અલ્લાહની કિતાબમાં ઈમાનવાળાઓમાંથી અને હિજરત કરવાવાળા-ઓમાંથી ઈબ્ને અબ્બાસ(રઝી.) કહે છે કે આનાથી જનાબે અમીર(અ.) મુરાદ છે કેમકે આપ મામિન અને મુહાજિર અને કરાબતવાળા હતા.

**દામાદીનો શરીફ**

(૧) મોહંમદ બિન સીરીન(રહે.)થી રિવાયત છે કે આ આયતની શાને નુઝૂલમાં કે જેનો અનુવાદ આ મુજબ છે કે 'એ ઝાત કે જેણે પાણીથી માણસને પેદા કર્યો અને પછી નસબ અને સસુરાલવાળો બનાવ્યો, વર્ણન કરે છે કે આ આયત જનાબે રસૂલે પાક(સ.) અને જનાબે અલી બિન અબીતાલિબના હકમાં નાઝિલ થઈ છે કે તેઓ જનાબે રસૂલે પાકના પિત્રાઈ ભાઈ અને જનાબે સૈયદાના પતિ છે. આમ તેમનાં બે સગપણ નસબની રૂએ અને એક સસુરાલવાળા તરીકે થયા.

(૨) જનાબે ઉમર(રઝી.)એ એક વખત એવું વર્ણન કર્યું કે એ એટલે કે જનાબે અલી આં હઝરત(સ.)ના દામાદ છે જિબ્રઈલે શર્ફ નાઝિલ ફરમાવીને કહ્યું કે હુકમ ફરમાવે છે અલ્લાહ કે યા રસૂલિલ્લાહ(સ.) ! આપ પોતાની દીકરીની શાદી અલી(અ.)ની સાથે કરી દો.

(૩) અબી હમરાઅથી મરવી છે કે જનાબે રસૂલિલ્લાહ(સ.)એ અલી(અ.)થી ઈરશાદ ફરમાવ્યો કે અય અલી ! તને ત્રણ એવી બાબતો અર્પણ થઈ છે કે જેવી બીજા કોઈને પણ પ્રાપ્ત થઈ નથી અને મને પણ એવું સન્માન મળ્યું નથી. તને મારા જેવું સસુરાલ મળ્યું છે એવું મને મળ્યું નથી અને તને સિદ્દીકા, મારી દીકરી જેવી મળી છે એવી મને મળી નથી. તારી સુલ્બથી હસન અને હુસૈન મળ્યા છે અને મને મારી સુલ્બથી એમના જેવા નથી મળ્યા. નિઃશંકપણે તમે મારાથી છો અને હું તમારાથી છું.

(૪) ઈબ્ને અબ્બાસથી રિવાયત છે કે જનાબે રિસાલત મઆબ(સ.)એ ફરમાવ્યું છે કે અય પરવરદિગાર ! તું સાક્ષી રહેજે કે મેં લોકોને આ વાત પહોંચાડી દીધી છે કે એ અર્થાત અલી બિન અબીતાલિબ મારા ભાઈ છે અને પિત્રાઈ છે અને મારા દામાદ છે અને મારા બાળકોના બાપ છે. અય પરવરદિગાર ! માણસ કે જે તેમની સાથે દુશ્મની રાખે તેને આગમાં ઊંધો નાખજે.

આ શરફ જનાબે મુર્તઝા(અ.)ની ઝાતે બાબરકતના સિવાય બીજા કોઈ સહાબીને મળ્યો નથી જો કે હઝરત ઉસ્માન(રઝી.) પણ જનાબે સરવર(સ.)ના દામાદ હતા પરંતુ જનાબે નબી(સ.)ની અશરફ ઓલાદ હઝરત સૈયદા જ હતાં અને આં હઝરત(સ.)ની આલે અત્હરના ઝુહૂર હઝરત સૈયદાથી જ થયેલ છે અને હઝરત સૈયદા સિવાય હઝરતની નસલ કપાઈ ગયેલી છે તેથી એ જ યોગ્ય છે કે જનાબે સૈયદા(અ.)ના મકામનું અને ફઝાઈલનો કેટલી હદે આ સ્થાન માટે ઝિકર કરી શકાય. *

# તૌહીદ

લેખન
**મોલ્વી અકબરઅલી મીયાંજી સુણસરા (ભાંગરોડીયા)**

(ગતાંકનું ચાલુ)

પછી હઝરત રસૂલે ખુદા(સ.)એ નસારાઓને ફરમાવ્યું કે તમે કહ્યું છે કે ખુદા કે જે હંમેશાંથી છે તે પોતાના દીકરા મસીહમાં સમાયેલો છે. બતાવો આ વાત કહેવા પાછળ તમારો શું હેતુ છે? શું તમે તેનો એ અર્થ કાઢો છો કે ખુદા ઈસા(અ.)ના અસ્તિત્વના કારણે અસ્તિત્વમાં આવ્યો ? અથવા એ કે ઈસા(અ.) કે જે પાછળથી થયા છે, અને ખુદા કે જે હંમેશાંથી છે તેના કારણે ઈસા(અ.) પણ પહેલાંથી જ છે? અથવા તમારા કહેવા પ્રમાણે **ઈત્તહદા બેહી** (એટલે કે તેની સાથે ભળી ગયો છે)નો અર્થ એ છે કે ખુદાએ તેને એવી કરામત આપી છે કે તેના જેવી બીજા કોઈને આપી નથી? અને જો તમે એમ કહો છો કે કદીમ(જૂના)નુંહાદિસ(નવા) બની જવું અશક્ય છે. અને જો તમે એમ કહો કે હાદિસ(નવું) કદીમ(જૂનું) બની ગયું છે એ પણ અસંભવિત છે કારણ કે હાદિસ(નવું)નું કદીમ(જૂનું) બની જવું અશક્ય છે. અને જો **ઈત્તેહદા બેહી**ના કહેવાથી તમારો મતલબ એ છે કે એણે તેને ખાસ કર્યો છે અને પોતાના બધા બંદાઓમાંથી તેને પસંદ કરી લીધો છે તો તમે ઈસા(અ.)ને હાદિસ (નવા) હોવાનું માનવા લાગ્યા અને એ વાતનો ઈન્કાર કર્યો કે જે અર્થમાં તે ખુદાની સાથે મળી ગયા છે તેનો અર્થ હાદિસ છે. જ્યારે ઈસા(અ.) હાદિસ થયો અને તે ખુદા સાથે એ અર્થમાં ભળી ગયો કે તેનાથી એ પ્રકારનાં કામો થયાં, જેના કારણે તે ખુદાની નજીક બધી વસ્તુઓથી મહાન થયો, તો ઈસા(અ.) અને આ અર્થ બન્ને હાદિસ થયા અને આ વાત તમારા પહેલા કોલના વિરૂધ્ધ છે.

નસારાએ જવાબ આપ્યો કે હે મોહંમદ(સ.)! કારણ કે અલ્લાહ તઆલાએ ઈસા(અ.)થી રહસ્ય ભરેલી વાતો જાહેર કરેલી છે તેથી તેને કરામત માટે પોતાનો દીકરો બનાવી લીધો છે. હઝરતે ફરમાવ્યું, હે નસારા ! આ વાતનો જવાબ આપ્યો છે તે તમે સાંભળી લીધો છે. એમ કહીને હઝરતે એ જ વાતો ફરી કરી.

આ સાંભળીને બીજા બધા ચૂપ થઈ ગયા પરંતુ એક માણસે ઊભા થઈને અરજ કરી, હે મોહંમદ ! તમે કહો છો કે ઈબ્રાહીમ(અ.) ખુદાના ખલીલ છે જ્યારે તમે આ વાતને સાચી ગણો છો તો પછી અમને શા માટે ઈસા(અ.)ને ખુદાનો દીકરો કહેવાથી રોકો છો? હઝરતે ફરમાવ્યું, આ બન્ને વાતો સરખી નથી. અમે કહીએ છીએ કે ઈબ્રાહીમ ખલીલુલ્લાહ છે અને ખલીલ **ખલ્લત** અથવા **ખુલ્લત**થી નીકળેલો શબ્દ છે. જો ખલ્લતથી નીકળતો હોય; જેનો અર્થ ગરીબાઈનો છે તો ખલીલુલ્લાહનો અર્થ એ થશે કે પોતાના પરવરદિગારનો મોહતાજ અને સૌથી જુદો થઈને તેની તરફ રજૂ કરવાવાળો છે અને પોતાના સિવાયના બીજાથી બચવાવાળો છે અને તેના પર આ બનાવ સાક્ષી છે કે જ્યારે તેને આગમાં નાખવાના વિચારથી ગોફણમાં મૂકવામાં આવ્યા તો અલ્લાહ તઆલાએ જિબ્રઈલને મોકલ્યા અને તેમને ફરમાવ્યું કે જઈને મારા બંદાની ખબર લો. જિબ્રઈલ હાજર થઈને હવામાં તેમને મળ્યા અને અરજ કરી, હે ખલીલુલ્લાહ ! જો કાંઈ જરૂર હોય તો મને કહો કારણ કે અલ્લાહ તઆલાએ મને તમારી મદદ માટે મોકલ્યો છે. ખલીલુલ્લાહે જવાબ આપ્યો કે અલ્લાહ મારા માટે પૂરતો છે, તે ઘણો જ સારો મદદગાર છે. હું તેના સિવાય બીજા કોઈનાથી કાંઈ ઈચ્છતો નથી અને મારે તો ફક્ત તેની જ જરૂર છે. તેથી અલ્લાહ તઆલાએ તેને **ખલીલ**નો ખિતાબ આપ્યો એટલે કે તેનો મોહતાજ અને બીજાને છોડીને તેનું ધ્યાન ધરનાર અને જો **ખુલ્લત**થી શબ્દ નીકળેલો હોય કે જેનો અર્થ એ છે કે તે ખુદાનાં રહસ્યોને જાણ્યાં અને એવા ભેદોથી જાણકાર થઈ ગયો કે જેનાથી તેના સિવાય બીજો કોઈ જાણકાર નથી. તો ખલીલુલ્લાહનો અર્થ થશે કે તે તેના અને તેના ભેદોનો આલિમ છે. આ કારણથી ખુદાનું તેની પેદા કરેલી વસ્તુ જેવા હોવું જરૂરી નથી.

જુઓ, જ્યારે તે બધાને મૂકીને તેની તરફ મગ્ન

ન થાત તો ખલીલ ન કહેવામાં આવત. જ્યાં સુધી કે તેના ભેદોથી જાણકાર ન હોત, ખલીલ ન થાત. છેવટે નસારાઓ ચૂપ થઈ ગયા અને કહેવા લાગ્યા કે અમે એવો વાદવિવાદ કરવાવાળો આજ પહેલાં કદી જોયો ન હતો. હવે અમે પોતાની વાતો ઉપર વિચાર કરીશું.

પછી હઝરતે નાસ્તિકોને ફરમાવ્યું, તમે શા કારણથી કહો છો કે વસ્તુઓની કોઈ શરૂઆત નથી અને તેઓ હંમેશાંથી છે અને હંમેશાં રહેશે ? એમણે જવાબ આપ્યો કે અમે અવલોકનથી જ સમજીએ છીએ અને અમે વસ્તુઓને નાશવંત જોઈ નથી. તેથી એમ કહ્યું કે આ હંમેશાંથી જ આવી રીતે ચાલ્યું આવ્યું છે અને અમે એમાં અંત કે નાશ જોયો નથી. તેથી અમારો સિધ્ધાંત છે કે હંમેશાં એ જ પ્રમાણે રહેશે.

હઝરતે ફરમાવ્યું કે શું તમે જાણ્યું છે કે એ આદિથી અંત સુધી રહેશે ? હવે જો તમે એમ કહો કે અમે એમ જ જોયું છે તો તમે પોતાના માટે સાબિત કરી દીધું કે તમારી બુધ્ધિ અને ચહેરો આદિથી એવો જ છે અને અંત સુધી એવો જ રહેશે. જો તમે આ વાતને માનો છો તો તમે જાહેર અને ચોખ્ખી વાતનો ઈન્કાર કર્યો અને એ બધા જ જાણવાવાળાઓને જૂઠલાવ્યા કે જે તમને જોઈ રહ્યા છે.

નાસ્તિકોએ જવાબ આપ્યો કે અમે તો તેમને આદિથી અંત સુધી જોયા નથી. હઝરતે ફરમાવ્યું તો પછી તમે કેવી રીતે આ વાત માનો છો ? ફક્ત એક એ કારણથી કે તમે તેમને ઉત્પન્ન થતો અને વિનાશ થતો જોયો નથી ? શું તે માણસ કરતાં વધારે સારા થઈ ગયા કે જે એમાં તમારી જેમ માને નહીં અને તેમના માટે વિનાશ થવાને માને. એ કારણથી કે ન તો તેણે એમનું આદિથી હોવું જોયું છે, ન તો અંત સુધી બાકી રહેવું, શું તમે રાત અને દિવસને જોયાં નથી કે એક બીજાની પછી થાય છે ? એમણે અરજ કરી કે જોયાં છે. હઝરતે ફરમાવ્યું શું તમારી નજીક રાત અને દિવસનું ભેગું થવું યોગ્ય છે? તેઓ બોલ્યા કે ના. હઝરતે ફરમાવ્યું, હવે તમે ખુદાની કુદરતનો ઈન્કાર ન કરો. છેવટે નાસ્તિકો ચૂપ થઈ ગયા અને અરજ કરી, અમે આ બાબતમાં વિચારીશું. (ક્રમશઃ)


**મંજુરઅહેમદ આઈ. ભાગળીયા** (કાકોશીવાળા)



**ફોન : ૦૨૭૬૬ - ૨૨૦૪૨૯**
**મો. : ૯૪૨૯૩ ૮૪૧૨૪**

# ગેલેક્સી ઈન્ફોટેક

- કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.
- લેપટોપ વેચાણ અને રીપેરીંગ.
- જુના તથા નવા કોમ્પ્યુટર અને લેપટોપ મળશે.
- કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે.
- દરેક કંપનીના કોમ્પ્યુટર એસેમ્બલીંગ અને લેપટોપ મળશે.
- **Hotels & office & college CCTV Camera installation**

ડેસ્ટોપ, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર, સોફ્ટવેર એસેસરીઝ

(અમારા ત્યાં દરેક રીપેરીંગ કામકાજ સંતોષકારક કરી આપવામાં આવશે)

**૧૦૬, પહેલો માળ, પાલિકા બજાર, રાજમહેલ રોડ, પાટણ**

**પ્રો. જી. કે. સુણસરા**
**(સેવાણીવાળા)**

# બેસ્ટ રેડીમેડ ક્લોથ એન્ડ ટેલર્સ

**● રેડીમેડ ●**
* જીન્સ * ટી.શર્ટ * શોર્ટ શર્ટ * સ્લીમ શર્ટ * કારગો * ઝભ્ભા-લેંઘા * ટ્રાઉઝર્સ * નાઈટ ડ્રેસ વિગેરે.

**● ક્લોથ ●**
શુટીંગ તથા શર્ટીંગ

**● ટેલર્સ ●**
પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.

**૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.**
**ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦**

સંકલન : મુલ્લા ફૈઝ અલ કાશાની

# મેઅરાજ : સ્વર્ગ આરોહણની રાત

### મેઅરાજથી પુનરાગમન

શેખ અસ્સદુક દ્વારા લખાયેલી કિતાબ ‘અમાલી’માં રિવાયત કરવામાં આવી છે કે ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું છે,

‘જ્યારે જિબ્રઈલની સાથે પયગમ્બર(સ.) જન્નતના ઘોડાઓમાંથી એક બુરાક ઉપર સવાર થઈને મેઅરાજ માટે ગયા હતા તો તેઓ પ્રથમ બયતુલ મુકદ્દસ ગયા હતા. રસૂલે પાક(સ.)ને અગાઉના પયગમ્બરોની મહેરાબો બતાવવામાં આવી હતી અને તેમણે પણ ત્યાં નમાઝો અદા કરી હતી.

મેઅરાજ પછી, રસૂલિલ્લાહ(સ.) ફરી એક વાર બયતુલ મુકદ્દસ પાછા આવ્યા અને ત્યાં તેમને કુરૈશના કબીલામાંથી એક કાફલાનો ભેટો થયો. આ ટુકડીના ઊંટોમાંનું એક ઊંટ ખોવાઈ ગયું હતું અને તેઓ તેને શોધવામાં વ્યસ્ત હતા.

રસૂલિલ્લાહ(સ.)એ તેમની પાસે પાણીના એક પ્યાલાની માગણી કરી, તેમાંથી થોડુંક પીધું અને બાકીનું પાણી જમીન પર ઢોળી દીધું. છેવટે આપ મક્કામાં પરત આવ્યા.

જ્યારે સવાર થયું તો તેમણે કુરૈશને કહ્યું,

‘રાત્રે અલ્લાહ મને બયતુલ મુકદ્દસ અને એ પ્રદેશમાં લઈ ગયો હતો. તેણે મને પહેલાંના પયગમ્બરોની પ્રતિક્રિયાઓ અને મકાનો બતાવ્યાં. પાછા વળતાં કુરૈશના એક કાફલા સાથે મારો ભેટો થયો કે જેમણે પોતાનું ઊંટ ખોઈ નાખ્યું હતું. મેં તેમની પાસે પાણીનો એક પ્યાલો આપવા વિનંતી કરી જેમાંથી થોડુંક મેં પીધું અને બાકીનું જમીન પર રેડી દીધું.’

અબુજહલ કે જે પયગમ્બરે અકરમ(સ.)ના કટ્ટર દુશમનોમાંથી એક હતો તેણે કહ્યું, તેને (રસૂલિલ્લાહને) પૂછો કે બયતુલ મુકદ્દસમાં કેટલા થાંભલા, કેટલા ચિરાગો અને કેટલા મહેરાબ આવેલા છે ?

એ વખતે જિબ્રઈલ રસૂલિલ્લાહ(સ.)ની પાસે આવ્યા અને તેમની સામે બયતુલ મુકદ્દસનું એક ચિત્ર મૂકી દીધું જેના લીધે આપ પૂછવામાં આવેલા બધા જ પ્રશ્નોના ઉત્તરો આપવા શક્તિમાન હતા. જ્યારે કુરૈશના લોકોએ આ સાંભળ્યું તો તેમણે કહ્યું,

‘કાફલો પાછો ન આવે ત્યાં સુધી ચાલો આપણે રાહ જોઈએ અને પછી આપણે તેમને પૂછી લઈશું.’

રસૂલિલ્લાહ(સ.)એ તેમને જવાબ આપ્યો,

‘કાફલો સવાર પડતાં સુધીમાં મક્કા પાછો આવી જશે અને તે કાફલાના આગળના ભાગમાં અતિ સુંદર દેખાતો ઊંટ હશે.’

જેવું સવાર થયું તો દરેક જણ કાફલાના આગમન પહેલાં જ ત્યાં આવી ગયેલો હતો. તેમણે કહ્યું,

‘સૂર્ય ઉગી રહ્યો છે તેમ છતાં કાફલો હજુ સુધી આવ્યો નથી.’

જેવું આ મુજબ કહેવામાં આવ્યું અને સૂર્ય ક્ષિતિજ ઉપર ઉપર ચઢવા લાગ્યો કે તરત જ કાફલો નજરે પડ્યો. કાફલાના આગળના ભાગમાં, રસૂલિલ્લાહ(સ.)એ જેવો ઉલ્લેખ કર્યો હતો બરાબર એવો જ સુંદર ઊંટ દેખાયો.*

### મેઅરાજ દરમિયાન અલી(અ.)નો અવાજ

‘કશ્ફુલ ગુમ્માહ’ નામની કિતાબમાં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી રિવાયત કરવામાં આવી છે કે :

મેં કોઈકને પયગમ્બરે ખુદા(સ.)ને પ્રશ્ન

*અમાલી સદૂક, પેજ-૩૬૩, વિભાગ-૬૯, હદીસ-૧

પૂછતો સાંભળ્યો છે, 'મેઅરાજની રાત્રે અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાએ કોના અવાજ(સ્વર)માં તમારી સાથે વાતો કરી હતી?'

રસૂલિલ્લાહ(સ.)એ જવાબ આપ્યો,

'મારા પરવરદિગારે મારી સાથે અલી ઈબ્ને અબીતાલિબ(અ.)ના સ્વરમાં વાતો કરી હતી અને ફરમાવ્યું હતું, અય અહમદ ! હું એવી હસ્તી છું કે જે કોઈ પણના જેવી નથી. કોઈ પણની સાથે મારી સરખામણી થઈ શકતી નથી અને હું તમારા હૃદયના બધાં જ રહસ્યો જાણું છું. અલી બિન અબીતાલિબ (અ.)ના અપવાદ સિવાય તમારો કોઈ નિકટનો મિત્ર નથી. તેથી હું તારી સાથે અલી બિન અબીતાલિબ(અ.)ના સ્વરમાં વાત કરું છું જેથી તારું હૃદય રાહત અનુભવે.' (બિહારૂલ અન્વાર, ભાગ-૧, પેજ-૧૦૬, બાબ-૩, ઈત્બાતુલ મેઅરાજ વ મ'અનાહુ વ કૈફિયાતહુ વ સિફાતુહુ વમા જરાફીહી વ વસ્ફુલ બુરાક, હદીસ-૩૪માંથી) *


ફોન : ૨૫૬૨૦૧૮૦
મો. ૯૪૨૬૩૨૮૫૭૦
મો. ૯૮૯૮૬૬૭૭૪૧

**સરહિંદ**

**રેફ્રીજરેશન સર્વિસ**

ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

**મળો જૂના અને જાણીતા**

**☞ બશીરભાઈ**

**દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ,**
**આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.**


## General Knowledge Corner

**119**

**(૧) કાશ્મીરમાં ઠંડીમાં ગળામાં રાખવાની એક સગડી કયા નામે ઓળખાય છે ?**

(A) ગંગરી (B) સંગરી
(C) મંગરી (D) વંગરી

**(૨) સરહદના 'ગાંધી' તરીકે જાણીતા થનાર કોણ હતા ?**

(A) મહાદેવ દેસાઈ (B) મોહનદાસ ગાંધી
(C) અબ્દુલ ગફારખાન (D) ધોંડો કેશવ કર્વે

**(૩) હિન્દીમાં લખાયેલી પહેલ વહેલી નવલકથા કઈ હતી ?**

(A) જૂઠાસચ (B) ગોદાન
(C) શેખર (D) પરીક્ષા ગુરૂ

**(૪) પ્રકાશવર્ષ શેનું માપ છે ?**

(A) પહોળાઈનું (B) સમયનું
(C) દળનું (D) લંબાઈનું

**(૫) બંધારણની કઈ કલમ અંતર્ગત રાષ્ટ્રીય કટોકટી જાહેર કરવામાં આવે છે ?**

(A) ૩૪૮ (B) ૩૫૨
(C) ૩૫૬ (D) ૩૬૨

**(૬) 'પિંક સીટી' તરીકે જાણીતું શહેર કયું છે ?**

(A) જબલપુર (B) ઈન્દોર
(C) જયપુર (D) મુંબઈ

**(૭) એન્સિફેલાઈટિસ રોગ શરીરના કયા અંગમાં થાય છે ?**

(A) હૃદયમાં (B) મગજમાં
(C) મૂત્રાશયમાં (D) પગમાં

**(૮) તમે જાણો છો ઈન્ટરનેટની શરૂઆત કયા વર્ષમાં થઈ હતી ?**

(A) ૧૯૬૯ (B) ૧૯૭૯
(C) ૧૯૮૯ (D) ૧૯૯૯



હઝરત પીર મશાયખ બાવા(રહે.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

**બયાન નં.૯૦**

**પંથી ઉસા પંથકા એસા હે ભાવા,**
**કે તન ગમાય કર નેહ લગાવા.**

(હઝરત પીર મશાયખ(રહેમતુલ્લાહ અલયહા) બાવા તરીકતના પંથીને સંબોધીને ફરમાવે છે કે અય પંથી ! તરીકતના આ પંથનો એવો ભાવ છે, એવી પ્રીત છે કે પોતાના શરીરને ગુમાવી દઈને પણ તેની સાથે સ્નેહ લગાવવો જોઈએ.)

**પહેલા દેખ લીજે જીવ કેરા ઠાંમા,**
**પીછે મન ધરના અલ્લાહ કેરા નાંમા.**

(અય પંથી ! સર્વ પ્રથમ તો તારે એ બાબત જોઈ લેવાની છે કે જીવની જગ્યા, જીવનું ઠામ કઈ જગ્યાએ આવેલું છે અને ત્યાર પછી તારે અલ્લાહના ઝિક્રને તારા મનમાં લાવવો જોઈએ.)

**તખત જીયાકા તુજ તન માંહાં,**
**દેખ વે રહા જાં બસે જીવ તાંહાં.**

(અય પંથી ! તારા શરીરમાં જીયાનું અર્થાત જીવનું તખત -જીવનું આસન - ક્યાં આવેલું છે તે શોધી કાઢ. જોઈ લેજે કે જ્યાં જીવ રહેતો હોય એ જ જગ્યાએ પીયુ પણ રહે છે.)

**ડાબો રે પાસો તખત જીયાકા,**
**દિલ ઉસો કહીએ નેહ પીયાકા.**

(તારા શરીરના ડાબા ભાગમાં જીવનું તખત આવેલું છે. તેને દિલ કહેવાય છે, હૃદય કહેવાય છે અને એમાં પીયુનો સ્નેહ સમાયેલો હોય છે.)

**જેસા રે બીજોરા, વેસા દિલ કહીએ,**
**વે પસલી કે પાસે, સો તનસું રે લહીએ.**

(જેવું બિજોરું હોય છે એવું દિલ હોય છે એટલે કે જેવો આકાર બિજોરાના ફળનો હોય છે એવો જ આકાર દિલનો હોય છે. આ દિલ શરીરની અંદરના ભાગમાં (છાતીની) પાંસળીને અડીને આવેલું હોય છે.)

**જબ જીવ તખતો બેઠે ઉસ માંહાં,**
**તબ સબ તન જાગે આપ આપ ઠાંહાં.**

(જ્યારે તે દિલની અંદર એટલે કે તખત ઉપર જીવ બેઠેલો હોય ત્યારે આખા શરીરના બધા જ અવયવો પોત પોતાની જગ્યાએ જાગતા (જીવંત) રહે છે.)

**તબ તખતમાં આખે જીવ મુખ અલ્લા',**
**કે જીવ જીસથી હુવડા, થા નુર તજલ્લા.**

(ત્યારે તખતમાં બેઠાં બેઠાં જીવ પોતાના મુખથી અલ્લાહ તઆલાનું રટણ કરે છે કેમકે જીવન પણ નૂરે તજલ્લાથી -અલ્લાહના ચમકદાર નૂરમાંથી પેદા કરવામાં આવેલ છે.)

**હર દમ જીવ એ ઝિકર રે કે'વે,**
**જબ તાંએ તખત માંહે રે રે'વે.**

(જીવ જ્યાં સુધી તખતમાં અર્થાત દિલમાં રહે છે ત્યાં સુધી તે હરદમ અલ્લાહ તઆલાનો ઝિકર કર્યે જ જાય છે.)

**છોડ તખત જાવે જાં મકાંન કરારા,**
**તો જીવ સુખ પાવે બોત અપારા.**

(જો જીવ તખતને છોડીને શાંતિના સ્થળે, રાહતના સ્થળે જાય તો જીવ ખૂબ જ સુખનો અનુભવ કરે છે.)

**તબ સુખમાં ઝિકર બિસારે પીયાકી,**
**સુખમાં બિસારે એ અકલ જીયાકી.**

(ત્યારે સુખની અવસ્થામાં તે પોતાના પીયુનો

ઝિકર કરવાનું ભૂલી જાય છે અને સુખની અવસ્થામાં જીવની અક્કલને પણ ભૂલી જાય છે.)

**ઉસકું રે સુણા સબ કોઈ જાંનો,**
**પણ કરાર જીયાકા કોઈ નાં પિછાંને.**

(તેની સાંભળેલી વાતો તો સૌ કોઈ જાણતું હોય છે પરંતુ જીવની શાંતિની વાત તો કોઈ જાણતું નથી.)

**કરારમાં જાય કર ગફલત કીતી,**
**કે ઝિકર પીયાકી જીભે નાં લીતી.**

(કરારની અવસ્થામાં, શાંતિની અવસ્થામાં જઈને તેણે એવી ગફલત કરી કે પીયુનો ઝિકર પોતાની જીભેથી કરવાનું વિસારી દીધું.)

**નીંદ ઉસે વાસતે નાંમ ધરાયા,**
**કે કરારમાં પીયાજી યાદ નાં આયા.**

(એટલા માટે તો ગફલતનું બીજું નામ ઊંઘ રાખવામાં આવ્યું. ગફલત એવી ઊંઘ છે કે એ શાંતિની પરિસ્થિતિમાં તેને પોતાનો પીયુ યાદ ન આવ્યો.)

**એ મકાંન કરારકા હે શીશ માંહાં,**
**તાખત જીવકા જાં દિલ તાંહાં.**

(હઝરત પીર મશાયખ(રહે.અ.) બાવા ફરમાવે છે કે કરારનું મકાંન અર્થાત એ શાંતિની જગ્યા, રાહતની જગ્યા માણસના માથામાં હોય છે, જ્યારે જીવનું તખત, માણસનું દિલ જ્યાં હોય છે ત્યાં આવેલું હોય છે.)

**એ દિલકું દેખણે પંથી જો જાવે,**
**તો પવન લે ચાબુક તો કદી પાવે**
**-: રે તુંહી :-**

(જો પંથી દિલને જોવાની ઈચ્છા ધરાવતો હોય તો તેણે પોતાના હાથમાં પવનરૂપી-શ્વાસરૂપી ચાબુક રાખવો જોઈએ તો જ તે તેને પામી શકે.)

**કરાર મકાંન શીશમાં, તખત દિલ તું જાંન રે,**
**તખત દિલ તું જાંન;**
**પંથી ચલ ઉસ પંથમાં, ચાબુક લે પવાંન રે,**
**ચાબુક લે પવાંન.**

(હઝરત પીર મશાયખ(રહે.અ.) બાવા ફરમાવે છે કે રાહતની જગ્યા, શાંતિનું સ્થાન માણસના મસ્તકમાં હોય છે જ્યારે જીવનું તખત તેના દિલમાં હોય છે. માટે હે પંથી ! જો તારે આ પંથમાં ચાલવું હોય તો ચાબુક રૂપી પવનને સાથે લઈને જા.)

## બયાન નં.૯૧

**આસાન વાલનો શબદ જગાવે,**
**નાંમ અલ્લાહકા જીભે રે લાવે.**

(હઝરત પીર મશાયખ(રહેમતુલ્લાહ અલયહા) બાવા અલ્લાહની બંદગી કેવી રીતે કરવી તેની રીત બતાવતાં ફરમાવે છે કે બંદગી કરવા બેસવાની વિધિપૂર્વકની રીતે આસન વાળીને બેસીને ઝિકર કરવો અને અલ્લાહનું નામ પોતાની જીભ ઉપર લાવવું.)

**કરાર રાખે એસા મકાંના,**
**કાંમ સબ છોડ ને હોવે રે દિવાંના.**

(કરારનું સ્થાન એવું રાખવું જોઈએ, શાંત ચિત્ત અને એકાગ્રતા એવી રાખવી જોઈએ કે બીજાં બધાં કામ છોડી દઈને તે અલ્લાહનો ઝિક્ર કરવા પાછળ પાગલ બની જાય.)

**પવનકું ખેંચનો ગગન સું લાવે,**
**ખબાર પીયાકી તબ જા ને પાવે.**

(પોતાના શ્વાસને ખેંચીને છેક પોતાના મસ્તક સુધી જો પંથી લાવે ત્યારે જ તેને પોતાના પીયુની માહિતી પ્રાપ્ત થાય.)

**ડાબો રે પાસો હે દિલ તોરા,**
**ખેંચે પવાંના તાંથી બોતોરા.**

(હે પંથી ! તારી ડાબી બાજુએ તારું દિલ આવેલું છે ત્યાંથી શ્વાસને ખૂબ જ ખેંચીને ઉપર તરફ એટલે કે મસ્તક તરફ લઈ જવો જોઈએ.)

**પવનકી રાહા એસી કરની,**
**જાં શીશ ને દિલ યું દિલ ધરની.**

(શ્વાસને એવી રીતે ખેંચવો જોઈએ કે જે જગ્યાએ માથુ અને દિલ આવેલાં હોય ત્યાં દિલને

રાખવું જોઈએ.)

**જું ધમણ લુવારે કોડકું ધમના,**
**પવનકા જોરા એસા મન ધરના.**

(જેવી રીતે લુહાર પોતાની ધમણની મદદથી તેની કોઢને આગ સળગાવવા માટે ખૂબ ધમધમાવે છે એવું જોર પોતાના શ્વાસનું -શ્વાસની ધમણનું - રાખવું જોઈએ.)

**તો ઝટકનો નાંખે દુરિજન તેરા,**
**જો દમ રે ફિરાવે ચાબુક બોતેરા.**

(જો તારા શ્વાસોશ્વાસનો ચાબુક ખૂબ ફેરવવામાં આવશે તો તે ચાબુક તારા દુરિજન - શયતાનને ઝાટકી નાખશે અર્થાત કાઢી મૂકશે.)

**તબ ચોર તેરા કહ્યા રે માંનો,**
**ચાકર હોકર હુકમ પિછાંનો.**

(જો એવું થશે તો ચોર તારું કહ્યું માનશે અને તારો નોકર બનીને તારા હુકમનું પાલન કરશે.)

**તબ તું રે જાંનો જીવ કેરા ઠાંમા,**
**જે જીવ લેતા હે પીયા કેરા નાંમા.**

(ત્યારે જ તું જીવનું સ્થાન શું છે તે જાણી શકીશ એ જીવ કે જે પીયુના નામનો ઝિકર કર્યે જતો હોય છે.)

**શીશકે ભીતર હે કરાર મકાંના,**
**જીવ વાં જાં કર કરે હે ગમાંના.**

(કરારનું મકાન - રાહતનું સ્થાન મસ્તકની અંદર આવેલું છે. તે જગ્યાએ જઈને જીવ ખૂબ ગુમાન કરતો હોય છે.)

**જો પવન રે પંથી વાં રે ચડાવે,**
**તો નાંમ બિના જીવડા વાં સુખ નાં પાવે.**

(જો તરીકતનો પંથી એ જગ્યાએ પવન રૂપી ચાબુકને - પોતાના શ્વાસને - ચઢાવે તો અલ્લાહનું નામ લીધા વગર જીવ સુખનો અનુભવ નહીં કરે.)

**તો વાં ભી લેવે નાંમ પીયાકા,**
**તો સમજ રે પંથી એ ભેદ જીયાકા.**

(તો ત્યાં ગયા પછી પણ જો પંથી પોતાના પીયાનું નામ લે - પીયુના નામનો ઝિકર કરે - તો અય પંથી ! તું જીવનો ભેદ સમજી શકીશ.)

**તો ચાબુક એસા સાધ પવાંના,**
**કે રાત ને દિન વે ફરે આપ માંના.**

(તો પવનરૂપી ચાબુક એવું સાધન છે કે જે રાત અને દિવસ સતત પોતાની રીતે ક્રિયા કર્યે જ જાય છે.)

**તો વે કનો તુજમાં પરદા નાં રે'વે,**
**તો રાત ને દિન જીવ પીયુ પીયુ કે'વે.**

(તો તેના દ્વારા તારામાં કોઈ પડદો બાકી નહીં રહે અને તારો જીવ રાત અને દિવસ 'પીયુ પીયુ' એવું રટણ કર્યે જશે.)

**તબ તુજ તન રૂઆં જિતની રે જાંને,**
**એ સબ પીયુકા નાંમ પિછાંનો.**

(જો તારો જીવ પીયુનો ઝિકર કર્યે જશે તો તારા શરીરમાં આવેલાં જેટલાં પણ રૂંવાટાં છે તે બધાંય આ ઝિકરને જાણશે અને એ બધાં પણ પીયુને ઓળખતાં થઈ જશે.)

**ઉંગલીયાં ને ચામડી સબ તન કહીએ,**
**તબ કરાર બિના ઘડીએ ન લહીએ.**

(ત્યાર પછી તો આંગળીઓ અને ચામડી કે જે તારા શરીરમાં આવેલ છે તે બધાં એક ઘડી માટે પણ કરાર વગર નહીં રહે.)

**પવન કા ચાબુક તન જગાવે,**
**પીયુજી રે મેરા સબ તન આવે.**

**-: રે તુંહી :-**

(ત્યાર પછી તો પવન રૂપી ચાબુક આખા શરીરને જાગૃત કરી દેશે અને મારો પીયુ આખા ય શરીરમાં વ્યાપી જશે.)

**દમ ચઢા કર અપના, બેઠ તન સુખ ખોય રે,**
**બેઠ તન સુખ ખોય;**
**તબ સુખ પાવે પીયુકા, કે સબ તન પીયુ પીયુ હોય રે,**
**કે સબ તન પીયુ પીયુ હોય.**

(આખા શરીરમાં પોતાનો શ્વાસ ચઢાવીને શરીર પોતાનું સુખચેન ખોઈ બેસશે. જ્યારે આખા ય શરીરમાં પીયુ પીયુનો ઝિકર થઈ જશે ત્યારે તું પીયુનું સુખ પામી શકીશ.) ✻

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

## 'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ

(ગતાંકનું ચાલુ)

### Love (મહોબ્બત/ઈશ્ક)

دانـــی چــه گفت مــرا آن بـلـبــل ســحـری
تو خود چــه آدمـیــی کــز عشق بــی خبری؟
اشتر به شعر عرب در حالت است و طــرب
گــر ذوق نیست تــرا، کژ طبع جــانـوری

**દાની ચે ગુફ્‌ત મરા આન બુલબુલ સહરી**
**તૂ ખુદ ચે આદમી કઝ ઈશ્ક બી ખબરી ?**
**ઉશ્તર બ શઅર અબ દર હાલત અસ્ત વ તરબ**
**ગર ઝોક નીસ્ત તરા, કઝ તબ્અ જાનવરી**

(તમને ખબર છે ખરી કે કોયલે સુબ્હના સમયે મને શું કહ્યું હતું ? તમે કેવા પ્રકારના માણસ છો કે જે ઈશ્કની બાબતમાં અજ્ઞાત છો ? અરબી કાવ્યો સાંભળીને ઊંટ પણ આનંદના અતિરેકમાં અને હર્ષાવિશમાં આવી જાય છે. જો (તે સાંભળીને) તમને તીવ્ર અનુરાગ પેદા ન થતો હોય તો તમે સ્વભાવે માત્ર પશુ જેવા છો.)

### Lust (વિષય લાલસા)

پــدر چــون دور عـمـرش منقضی گـشــت
مــرا ایــن یک نصیحت کرد و بــگـذشــت
کــه شــهــوت آتــش اســت، از وی بپرهیز
بــه خــود بـــر آتــش دوزخ مـکــن تـــیــز
درآن آتـــش نـــداری طـاقـــت ســـوز
بــه صبـر آبی بــر ایــن آتــش زن امــروز

**પિદર ચૂન્ દૂર ઉમરશ મનકઝી ગશ્ત**
**મરા ઈન યક નસીહત કર્દ વ બઝુઝીશ્ત**
**કે શહવત આતિશ અસ્ત અઝ વી બપરહેઝ**
**બો ખુદ બર આતિશે દોઝખ મકન તેઝ**
**દરઆન આતિશ ન દારી તાકત સોઝ**
**બે સબ્ર આબી બર ઐન આતિશ ઝન ઈમરોઝ**

(જ્યારે મારા પિતાના જીવનની ઉંમર ખલાસ થવાની અણી પર હતી ત્યારે તેમણે મને આ એક સલાહ આપી અને ગુઝરી ગયા : 'વિષય લાલસા આગ છે. તેની અવગણના કરજે. તારી જાતને જહન્નમની આગમાં ઝંપલાવતો નહીં કેમકે તું તેની યાતનાને સહન કરવા શક્તિમાન નહીં હોય. સબ્રના પાણીથી આજે જ આ આગને હોલવી નાખ.)

### Magnanimity (અતિશય ઉદારતા)

مــتــاب ای پــارســا روی از گــنــهـــکار
بــه بـخشـایـنـدگـی در وی نــظــر کـــن
اگــر مــن نــاجـــوانــمردم بــه کــــردار
تــو بــر مــن چــون جوانمردان گذر کن

**મતાબ અય પારસા રવી અઝ ગુન્હગાર**
**બો બક્ષાયંદગી દર વી નઝર કુન**
**અગર મન નાજવાન મર્દમ બો કિરદાર**
**તૂ બર મન ચૂન જવાન મર્દાન ગુઝર કુન**

(અય પવિત્ર માણસ ! ગુનેગાર તરફથી તમારા મુખને ફેરવી ન લેતા અને તેના તરફ હમદર્દી બતાવજો. જો મારું વર્તન અસભ્ય હોય તો પણ અત્યંત ઉદાર માણસની માફક મને માફ કરી દજો.)

### Malevolence (અદેખાઈ/હદસ)

شـــور بـــخـــتـــان بـــه آرزو خـــواهـــنـــد
مـــقـــبـــلان را زوال نـــعـــمـــت وجـــاه
گرنـبـیـنـد بـــه روز شـــپّـــره چـــشـــم
چـــشـــمـــۀ آفـــتـــاب را چـــه گـــنـــاه ؟
راســت خــواهـی، هـــزار چـــشـــم چنان
کـــور بـــهـــتـــر کـــه آفـــتـــاب ســیـــاه

**શૂર બા ખતાન બો આરઝૂ ખ્વાહનદ**
**મકબાલાન રા ઝવાલ નોઅમત વજાહ**

**ગર નબીનદ બો રોઝ શપ્પરા ચશ્મ**
**ચશ્મએ આફતાબ રા ચા ગુનાહ ?**
**રાસ્ત ખ્વાહી હઝાર ચશ્મ ચુનાન**
**કૂર બહેતર કે આફતાબ સિયાહ**

(કમનસીબ માણસો એવી ઈચ્છા કરે છે કે જે લોકો ધનવાન હોય છે તેમણે પોતાનું ધન અને ઠાઠમાઠ ગુમાવી દેવો જોઈએ. જો દિવસ દરમિયાન ચામાચીડિયાની આંખો સૂર્યના તેજને જોઈ શકતી ન હોય તો સૂર્યનો દોષ કેવી રીતે કાઢી શકાય ? નિઃશંકપણે સૂર્ય અંધકારમય થઈ જાય એના કરતાં તો હજારો આંખો આંધળી થઈ જાય તે વધારે સારી બાબત છે.)

## Malice (દ્વેષભાવ)

**توان شناخت به یک روز در شمایل مرد**
**که تا کُجاش رسیده است پایگاه علوم**
**ولی ز باطنش ایمن مباش و غرّه مشو**
**که خُبثِ نفس نگردد به سالها معلوم**

**તવાન શનાખત બે યક રોઝ દર શમાઈલ મર્દ**
**કે તા કુજાશ રસીદા અસ્ત પાયગાહ ઉલૂમ**
**વલી ઝ બાતનશ ઐમન મબાશ વ ગર્રા મશૂ**
**કે ખુબશે નફસ નગર્દદ બે સાલહા મા'લૂમ**

(એક દિવસમાં જ કોઈ માણસ જાણી શકે છે કે કોઈ માણસ પોતાના સ્વભાવ દ્વારા કેટલો બધો વિદ્વાન છે. પરંતુ યોજનાઓ ઘડતા તેના મગજની સામે તમારી જાતને સલામત ન માની લેતા અને ગર્વ ન અનુભવતા કેમકે કોઈનો દ્વેષપૂર્ણ સ્વભાવ વર્ષોનાં વર્ષો સુધી જાણી શકાતો નથી.)

## Materialism (ભૌતિકવાદ)

**اگر دنیا نباشد، دردمندیم**
**وگر باشد، به مهرش پای بندیم**
**بلایی زین جهان آشوب تر نیست**
**که رنجِ خاطر است، ار هست و گر نیست**

**અગર દુન્યા ન બાશદ હર દમનદીમ**
**વગર બાશદ બો મહરશપાઈ બ નદીમ**
**બલાચી ઝૈન જહાન આશૂબ તર નીસ્ત**
**કે રંજે ખાતિર અસ્ત, અર હસ્ત વ ગર નીસ્ત**

(જો દુનિયા આપણી ઈચ્છાઓ મુજબની ન હોય તો આપણે દુઃખ સહન કરીએ છીએ અને જો તે આપણા પક્ષે હોય તો આપણે તેના મોહથી તેના તાબે થઈએ છીએ. દુનિયા સાથેના લગાવ કરતાં વધારે મોટી બીજી કોઈ આફત નથી કેમકે માણસનું મગજ જાહોજલાલી તેમજ પ્રતિકૂળતા બન્નેમાં યાતના ભોગવે છે.

**هرکه هست از فقیه و پیر و مُرید**
**وز زبان آورانِ پاک نفس**
**چون به دنیای دون فرود آید**
**به عسل در بماند پای مگس**

**હર કે હસત અઝ ફકીહ વ પીર વ મુરીદ**
**વઝ ઝબાન આવરાનો પાક નફસ**
**ચૂન બો દુન્યાચી દૂન ફરૂદ આયદ**
**બો અસલ દર બમાનદ પાચી મગસ**

(જ્યારે જ્યારે ફકીહ (ધર્મશાસ્ત્રનો વિદ્વાન) પીર અને મુરીદ અને ખતીબે મિમ્બર, આ બધા લોકો હલકા પ્રકારની ભૌતિક બાબતોમાં સંડોવાય છે ત્યારે તેઓ જેવી રીતે મધની અંદર માખીના પગ ફસાઈ જાય છે એ રીતે ફસાઈ જાય છે.

## Maturity (પાકટતા/પ્રૌઢતા)

**دریای فراوان نشود تیره به سنگ**
**عارف که برنجد، تُنُک آب است هنوز**

**દર બાચી ફરાવાન નશૂદ તીરા બો સંગ**
**આરિફ કે બરનજદ તોનોક આબ અસ્ત હનુઝ**

(સમુદ્રમાં એક પથ્થર નાખવામાં આવે તો તેનું પાણી ડહોળું થઈ જતું નથી. કોઈ આરિફ કે જે ખૂબ જલ્દી છંછેડાઈ જાય તે હજુ છીંછરો છે, પાકટ થયો નથી.) ✻

# જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

## ઈસ્લામી શિષ્ટાચાર

### તકબ્બુર, રિયા, ઉજ્બ

(ગતાંકનું ચાલું)

***અભિમાનમાં ખોટું શું છે ?***

- અભિમાનમાં ખોટું શું છે ? તો ખોટું એ છે કે આપણા મનમાં કદાચ આવો પ્રશ્ન ઉત્પન્ન થાય કે અભિમાન કરવામાં અન્ય લોકોથી આપણી જાતને અલગ પાડીને આપણે આપણી જાતને ચઢિયાતી ગણીએ છીએ. અભિમાન આપણા માટે બૌધ્ધિક કક્ષાએ પણ ખરાબ બાબત છે.
- જો આપણે જે કંઈ જાણીએ છીએ તેના માટે અથવા જે કંઈ કર્યું છે તેના માટે અભિમાન કરીએ તો આપણી જાતને સૌના કરતાં મોટી ગણીશું તેથી આપણે સુધરવાનો પ્રયત્ન જ નહીં કરીએ. આપણે ભલેને એવું વિચારીએ કે આપણી પાસે સુધરવાનો ઘણો અવકાશ છે તેમ છતાંય સારાં પરિણામો પ્રાપ્ત કરવા તો આપણે સખતમાં સખત પ્રયત્ન જ કરવો પડશે.
- હઝરત મૂસા(અ.)ના જમાનામાં એક એવો પ્રસંગ બન્યો હતો કે તેમણે તેમના મનમાં એવો વિચાર કર્યો હતો કે 'અય મૂસા ! તેં ખરેખર માનવજાતનું શિખર સર કરી દીધું છે અને આખી પૃથ્વી ઉપર કોઈ એવો જીવતો માણસ નહીં હોય કે જે તારા જેટલું જાણતો હોય.'
- ઉપરોક્ત શબ્દો હઝરત મૂસા(અ.)એ પોતાના મોઢેથી ઉચ્ચાર્યા ન હતા. માત્ર તેમના મગજમાં આવો વિચાર ઉદ્ભવ્યો હતો.
- અલ્લાહે તરત જ જિબ્રઈલ ફરિશ્તાને ફરમાવ્યું, જાઓ અને મૂસાને પોતાની જાતથી બચાવી લો.
- આવું ત્યારે બનેલું કે જ્યારે મૂસા પયગમ્બર (અ.)ને એવો કરવામાં આવ્યો કે જાઓ અને ખિઝર(અ.)ની શોધ કરો કે જેઓ પૃથ્વી ઉપર જીવતા હતા અને મૂસા(અ.) કરતાં વધારે જ્ઞાન ધરાવતા હતા. મૂસા(અ.)ને તેમની પાસે જઈને શીખવાનું કહેવામાં આવ્યું. આવું કર્યું ત્યારે જ મૂસા(અ.) સમજ્યા કે કોઈક એવો પણ છે કે જે મારા કરતાં વધારે જાણે છે અને આ રીતે અલ્લાહે તેમને અભિમાની બનતા બચાવી લીધા.
- શયતાનને અલ્લાહની બારગાહમાંથી કાઢી મૂકવામાં આવ્યો તેનું કારણ પણ અભિમાન જ છે ને ? અભિમાની માણસ માટે શયતાનનો પ્રસંગ એક બોધપાઠ છે, એક સબક લેવા જેવો છે.
- જ્યારે અલ્લાહે આદમ(અ.)નું સર્જન કર્યું તો તેણે સઘળા જીવોને તેમની આગળ સિજદો કરવાનો હુકમ કર્યો. શયતાન સિવાય બધા ઝુકી ગયા. તેણે કહ્યું, હું આગમાંથી બનેલો છું અને આદમ(અ.) માટીમાંથી, તેથી હું તેમનાથી અફઝલ છું. અલ્લાહે તરત જ ઈબ્લીસને પોતાની દયાના વર્તુળમાંથી બહાર કાઢી મૂક્યો અને કહ્યું કે અહીંથી ચાલ્યો જા. તો જોયું ને ? આ છે અભિમાન કરવાનું પરિણામ !
- ઈસ્લામ ધર્મમાં આપણને કહેવામાં આવ્યું છે કે માણસ બીજા માણસથી અફઝલ નથી.
- ઈસ્લામમાં, સફળ થવું કે લોકોના સરદાર બનવું એ કંઈ ખોટી બાબત નથી. યાદ રાખવા જેવો મુદ્દો માત્ર એ છે કે મહાનતા એ એક પ્રકારની અજમાયશ (કસોટી) છે એ જોવા માટેની કે આપણે કેટલા સમર્થ છીએ એ જાણતા હોવા છતાં કે આપણે અલ્લાહની મદદથી જ મહાન બન્યા

છીએ અને આપણને એ વાતનું ભાન થાય કે આપણે અન્ય લોકો કરતાં ચઢિયાતા નથી, ત્યારે જ આપણે આ કસોટીમાં સફળ થઈશું.

- આપણા ચોથા ઈમામ ઝયનુલ આબેદીન(અ.) 'સહીફએ કામેલા'માં ફરમાવે છે :

**'અય પરવરદિગાર ! તું મારા લોકોમાં એક માત્રા જેટલું પણ સન્માન મને આપતો નહીં સિવાય ત્યાં સુધી કે તું મને મારા પોતાના નફ્સમાં એટલી જ માત્રામાં નીચો ઉતારી ન દે.'**

વળી આપ ફરમાવે છે :

**'મારામાં બાહ્ય આડંબર ત્યાં સુધી પેદા કરતો નહીં સિવાય ત્યાં સુધી કે તેં મારી રૂહમાં એટલા જ પ્રમાણમાં મારા માટે શરમીંદગી પેદા ન કરી દીધી હોય.'**

અભિમાન અને આડંબરનો વિરોધી શબ્દ છે નમ્રતા. આપણે નમ્ર કેવી રીતે બની શકીએ ? શું તેનો અર્થ એવો થાય કે આપણે બધો જ સમય ઝિક્ર કરવા માટે નમાઝ પઢવાના મુસલ્લા પર બેસી જ રહીએ ?

ના, ના. એવું નથી. આ બાબતમાં ઈમામ અલી મુર્તઝા(અ.) ફરમાવે છે :

**'મજલિસ-મેળાવડામાં જ્યાં જગ્યા મળે ત્યાં બેસી જઈને સંતોષ માનવો, કોઈને મળીએ તો સલામ કરવી; જો તમે (આપણે) પોતે સાચા હો તેમ છતાંય કોઈની સાથે ઝઘડો કે વાદવિવાદ કરવાનો ત્યાગ કરવો, અને અલ્લાહ પ્રત્યેના તમારા ડરને લીધે (તમારા) વખાણનો સ્વીકાર ન કરવો આ બધી નમ્રતાની નિશાનીઓ છે.'**

***આપણે અભિમાનને શા માટે છોડી દેવું અને નમ્ર બનવાનો પ્રયત્ન શા માટે કરવો જોઈએ ?***

નમ્ર બનીને આપણે દુનિયાને બતાવી રહ્યા છીએ કે અલ્લાહે બધા માણસોને એક સરખા પેદા કર્યા છે ભલેને પછી તે કાળા હોય કે ઘઉંવર્ણા હોય, ગોરા રંગના હોય કે પીળા રંગના હોય.

આપણે એવું બતાવી રહ્યા છીએ કે અલ્લાહની નજરોમાં માત્ર એ જ માણસ વધારે મહાન છે કે જે તક્વા ધારણ કરે છે. (અર્થાત્ અલ્લાહને નારાજ કરવાથી શરમ અનુભવે છે.)

હઝરત રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું છે :

**'ખરેખર નમ્રતા માણસના દરજ્જાને અલ્લાહની નજરમાં વધારી દે છે તેથી નમ્ર બનો અને અલ્લાહ તમારા ઉપર રહેમત નાઝિલ કરશે.'**

અભિમાનનો છેલ્લો તબક્કો ઉજબ છે, ઘમંડ છે. જ્યારે આપણે સાચા અર્થમાં એવું વિચારવાનું અને એવું માનવાનું શરૂ કરીએ કે આપણે જ બાકીના લોકોથી ચઢિયાતા છીએ, જ્યારે આપણામાં આપણી શક્તિઓ અંગેનો, આપણી સુંદરતા અંગેનો, વગેરેનો ઊંચો મત પેદા થાય તો તેને ઘમંડ કહેવાય. આ તબક્કે આપણે પોતાનાં

***સઈ શુક્રે નેઅમત કુદ્રત બૂદ***
***જબ્રે તૂ ઈન્કારે આં નેઅમત બૂદ***
***શુક્રે નેઅમત, નેઅમતે અફઝાં કુંદ***
***કુફ્રે નેઅમત અઝ ફકત બીરાં કુદ***
**-મૌલાના રૂમ**

(કોશિશ કરવી તે કુદરતની નેઅમતનો શુક્ર છે. જબરદસ્તી કરવી તે નેઅમતનો ઈન્કાર(કુફ્ર છે). નેઅમતનો શુક્ર કરવાથી નેઅમતોમાં વધારો થાય છે. નેઅમતનો ઈન્કાર નેઅમતથી વંચિત કરી દે છે.)

જ વખાણ કરવામાં ઘણો બધો સમય ખર્ચી નાખતા હોઈએ છીએ.

જ્યારે માણસ એવા તબક્કે પહોંચી જાય છે કે તે એવું વિચારતો થઈ જાય છે કે તેના પોતાના જેવો બીજો કોઈ છે જ નહીં, ત્યારે તે હલાકતમાં પડી જાય છે. તેણે પોતાના ફરતાં એક દીવાલ ચણી દીધી હોય છે અને બહારની દુનિયાથી તેનો સંબંધ સંપૂર્ણપણે કપાઈ જાય છે. તે માણસ પોતાની જ સ્વપ્નસૃષ્ટિમાં રાચતો થઈ જાય છે.✻

## નુસ્ખા

**સરોળી :**

✻ રાઈ અને મરીનું ચૂર્ણ ઘીમાં મેળવી લેપ કરવાથી સરોળી મટે છે.

**બરોળ :**

✻ ખજૂરની ચાર પાંચ પેશી રાત્રે પાણીમાં પલાળી રાખી, સવારે મસળી તેમાં મધ નાખી, સાત દિવસ સુધી પીવાથી બરોળ મટે છે.

**તોતળાપણું :**

✻ સૂકા આમળાંના ચૂર્ણને ગાયના ઘી સાથે મેળવીને ચાટવાથી તોતળાપણું મટે છે.

**બરો :**

✻ તાવ ઉતર્યા પછી હોઠ પર બરો સૂતરી ગયો હોય તો પાણીમાં જીરૂ વાટી ચોપડવાથી બરો મટે છે.

**વાઈ :**

✻ ૧૦ ગ્રામ લસણ અને ૩૦ ગ્રામ તલ વાટીને ખાવાથી થોડા દિવસમાં વાઈનો રોગ મટે છે.

**વા :**

✻ બે ચમચી આદુનો રસ, એક ચમચી લસણનો રસ, બે ચમચી મેથીની ભાજીના પાનનો રસ મેળવી પીવાથી સાંધનો વા મટે છે.

**ભોરણીયા સાદિકઅલી આર.**
મો.૯૯૨૪૪૧૮૨૪૩

**બાલીસણા ઝાકિરહુસૈન જી.**
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭

**ન્યુ ચિરાગ ઈલેક્ટ્રીક**
**(સેલ્સ & સર્વિસ)**

અમારે ત્યાં LED મુવીંગ ડીસપ્લે, LED ક્લોક, હોટલ-દુકાનને લગતાં એક્રેલીક & LED બોર્ડ તેમજ હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે LED સીરીઝ, LED પટ્ટા, LED બોર્ડ તેમજ LEDને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.

**LED સ્પેશ્યાલિસ્ટ**

**બસ સ્ટેન્ડની બાજુમાં, રીંગલ શોપીંગ સેન્ટર, વડનગર.**

**રહેમત સેલ્સ**

અમદાવાદ સીટી, રીંગ રોડ, સાણંદ, રાજસ્થાન એરીયા તેમજ સમી, હારીજ, શંખેશ્વર, મહેસાણા જિલ્લાના ગામોમાં જમીન લે-વેચ માટે મળો.

**નોંધ :** હોટલ માટે જમીન તથા ચાલુ હાલતમાં હોટલ આપવા-લેવા માટે મળો.

**અબ્બાસઅલી એન. હીરા(બાદરપુરવાળા)**
મોબાઈલ : ૯૯૦૪૧૫૧૧૪૭

# આપણા ઘરની વાતો

- **સાબરકાંઠા જિલ્લામાં મકતબા જાફરીયા સંલગ્ન બોસ્તાને તિફ્લાન(KG)ની શરૂઆત :**

સાબરકાંઠા જિલ્લામાં શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા અને તન્ઝીમે ઝયનબીયા, સાબરકાંઠા સંકલિત બોસ્તાને તિફ્લાન(KG)ની શરૂઆત કરવામાં આવી. આપણા સમાજની તાલીમ પામેલ બહેનો દ્વારા નાના બાળકોને ઈસ્લામી માહોલમાં જરૂરી પૂર્વ પ્રાથમિક શિક્ષણ મળી રહે અને સુંદર કેળવણી પ્રાપ્ત કરે તે હેતુથી બોસ્તાને તિફ્લાનનો શુભારંભ કરવામાં આવ્યો જે અંતર્ગત કાટવાડ, પીંપોદર, બારોડીયા કંપા, કનાઈ, જેઠીપુરા, ઝહીરાબાદ, કેસરપુરા, ગણેશપુરા, કિશોરગઢ, મહેરપુરા તેમજ હરીપુરા વગેરે ગામોમાં LKGની શરૂઆત કરવામાં આવી. સદર બોસ્તાને તિફ્લાનના સુંદર સંચાલન માટે બાસ્તાને તિફ્લાન મક્તબા જાફરીયાના પ્રિન્સિપાલશ્રી તથા તેમના સ્ટાફે સાબરકાંઠાના દરેક ગામોની મુલાકાત લીધી હતી અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે સાબરકાંઠા જિલ્લાના કેટલાક ગામોમાં શ્રી ભરતસિંહ ચૌહાણ તથા મો.ગુલામમહંમદ વિજાપુરા(માસ્ટર) દ્વારા જન જાગૃત્તિ અભિયાન હેઠળ બોસ્તાને તિફ્લાન અંગે લોકોને જાગૃત કર્યા હતા. સાબરકાંઠા જિલ્લાના ગામોમાં KGની શરૂઆત કર્યા બાદ કિશોરગઢ મુકામે સંચાલક બહેનો માટે બોસ્તાને તિફ્લાન મેનેજમેન્ટ કમિટી (BMC)ના સભ્યોની હાજરીમાં બેઝીક ટ્રેનીંગનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઉપરોક્ત બન્ને વક્તાઓએ હાજર રહી તાલીમ પૂરી પાડી હતી અને તાલીમમાં ઉપસ્થિત મહેમાનો માટે કિશોરગઢ ગામ જમાઅત દ્વારા જમવાની તેમજ ચા-પાણીની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. વધુમાં ઝહીરાબાદ, હિંમતનગર ખાતે ૧૦, રજબના મુબારક દિવસે દુઆખ્વાની સાથે વૈકલ્પિક વ્યવસ્થા રૂપે ફાતેમા ગર્લ્સ હોસ્ટેલમાં બોસ્તાને તિફ્લાનની શરૂઆત કરવામાં આવી જેમાં આપણા સમાજ ઉપરાંત અન્ય મુસ્લિમ સમાજના બાળકોએ મોટી સંખ્યામાં પ્રવેશ મેળવેલ છે અને ૨૨, રજબના દિવસે કાટવાડ ખાતે જાફરી કિડ્ઝ કેર તથા પીંપોદર ખાતે ગુલિસ્તાન કિડ્ઝ કેરની શરૂઆત કરવામાં આવી. બન્ને KGના ઉદ્ઘાટન પ્રસંગે મજલિસ તેમજ દુઆખ્વાનીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો અને વ્યક્તિગત દાતાઓ તરફથી રોકડ રકમ, સ્કૂલ બેગ તેમજ જરૂરી ચાર્ટસ, રમકડાં (TLM) વગેરે પૂરું પાડવામાં આવ્યું હતું.

તદુપરાંત જેઠીપુરા મુકામે ૧૩, રજબ અને કનાઈ મુકામે ૩, શાબાનના મુબારક દિવસે બોસ્તાને તિફ્લાનની શરૂઆત કરવામાં આવી. બન્ને ગામોમાં સુંદર પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું અને મોટી સંખ્યામાં દાતાઓ દ્વારા સ્કૂલ બેગ, યુનિફોર્મ અને જરૂરી સાહિત્ય કે રોકડ રકમ રૂપે યોગદાન આપવામાં આવ્યું હતું. સાથે સાથે બારોડીયા કંપા, કેસરપુરા, ગણેશપુરા, કિશોરગઢ, હરીપુરા અને મહેરપુરા વગેરે ગામોમાં ઉત્સાહભેર બોસ્તાને તિફ્લાનની શરૂઆત કરવામાં આવી હતી. આપણા સમાજના ગામોમાં મકતબા જાફરીયા સંલગ્ન બોસ્તાને તિફ્લાનની શરૂઆત કરવા અંગે ખૂબ જ સુંદર પ્રતિસાદ સાંપડ્યો છે તે જ સમાજની શૈક્ષણિક જાગૃતિના દર્શન કરાવે છે.

- **ઈન્નાલિલ્લાહે :**




ઈલોલ તલાવ નિવાસી **મર્હૂમ મો.નુરભાઈ દાઉદભાઈ વેપારી** મુ.તા.૨૧, રજબ-૧૪૩૨, તા.૨૪-૬-૨૦૧૧ને શુક્રવારના રોજ આશરે ૭૧ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ ઓછા બોલા અને આશિકે એહલેબયત(અ.) હતા. ---➜



←---- બાદરપુર નિવાસી **મર્હૂમા મો.અમીનાબેન હબીબભાઈ દાસદીયા(ગની)** મુ.તા.૨૩, રજબ-૧૪૩૨, તા.૨૬-૬-૨૦૧૧ને રવિવારના રોજ ૭૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા અમીનાબેન ખૂબ જ માયાળુ સ્વભાવનાં હતાં. તેઓ માઅસૂમીન(અ.) તેમજ પીરો મુરશિદનાં ચાહક હતાં અને તસ્બીહ અને ઝિક્ર કરવાવાળાં હતાં.



બાદરપુર નિવાસી **મર્હૂમા મો.ઝહેરાબેન ઈમદાદઅલી બટ્ટી** મુ.તા.૪, શાબન-૧૪૩૨, તા.૭-૭-૨૦૧૧ને ગુરૂવારના રોજ ૪૨ વર્ષની વયે એક વર્ષની બીમારી બાદ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે ભોળાં, નેક દિલ અને આશિકે આલે મોહંમદ(સ.) હતાં. ---→



←---- મેતા નિવાસી **મર્હૂમ મો.સુલેમાનભાઈ શરીફભાઈ સુણસરા** મુ.તા.૫, શાબાન-૧૪૩૨, તા.૮-૭-૨૦૧૧ને શુક્રવારના રોજ ૭૩ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે ઈમાનદાર અને પીરો મુરશિદના ચાહક હતા.

હૈદરપુરા નિવાસી **મર્હૂમ મો.રસુલભાઈ હબીબભાઈ પટાવટ** મુ.તા.૧૫, જમા.અવ્વલ-૧૪૩૨, તા.૨૦-૪-૨૦૧૧ને બુધવારના રોજ ૭૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે નેક, મિલનસાર, ઈમાનદાર, સખી દિલ, દયાળુ, નરમ, સહનશીલ તથા પીરો મુરશિદના ચાહક અને આશિકે હુસૈન હતા.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

## મહેસાણા સેતુ પરિવાર દ્વારા ઈનામી જલસાનું આયોજન

સેતુ પરિવાર મહેસાણાના ઉપક્રમે અને દિલેર ફાઉન્ડેશન મુંબઈના સહયોગથી ગુજરાતના મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, દાહોદ, આણંદ, ખેડા, ભરૂચ, નર્મદા, તાપી, નવસારી, વલસાડ, ડાંગ, ભાવનગર, અમરેલી, પોરબંદર અને જુનાગઢ એમ કુલ ૧૮ જિલ્લાની મુસ્લિમ તેજસ્વી વિદ્યાર્થીની બહેનોને પ્રોત્સાહિત કરવા માટે ઈનામી જલસાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમનો લાભ લેવા એચ.એસ.સી.(સા.પ્ર.)માં ૮૦%, એચ.એસ.સી.(વિ.પ્ર.)માં ૭૫%, બી.એ.માં ૫૫%, બી.કોમ., બી.એસ.સી., બી.બી.એ., બી.સી.એ.માં ૫૫%, બી.ફાર્મ.માં ૬૦%, બી.એડ.માં ૭૦%, એલ.એલ.બી.માં ૬૦% તેમજ એમ.એ., એમ.કોમ., એમ.એસ.સી., એમ.બી.એ., એમ.સી.એ, એમ.એડ., એલ.એલ.એમ. અને એમ.ફાર્મ.માં ૫૦% તેમજ એમ.ફિલ., પી.જી.ડી.સી.એ., બી.ઈ. અને મેડિકલની કોઈ પણ ફેકલ્ટીમાં ઉત્તીર્ણ થનાર ઉપર દર્શાવેલ ૧૮ જિલ્લાની મુસ્લિમ વિદ્યાર્થીની બહેનો ઉપરાંત સમગ્ર ગુજરાતમાંથી કોઈ પણ મુસ્લિમ ભાઈ-બહેનો આઈ.એ.એસ., આઈ.પી.એસ., આઈ.એફ.એસ., સી.એ. અને પી.એચ.ડી. થનારનું વિશિષ્ટ બહુમાન કરવામાં આવશે. વર્ષ-૨૦૧૧માં ઉત્તીર્ણ થનાર આ યોજનાનો લાભ મેળવી શકશે.

પ્રત્યેક લાભાર્થીએ પોતાની માર્કશીટ વેરીફાઈ કરાવી પાછળ પોતાનું પૂરું સરનામું, ફોન-મોબાઈલ નંબર દર્શાવીને ૨૦, ઓગસ્ટ-૨૦૧૧ સુધીમાં **પ્રમુખ-સેતુ ટ્રસ્ટ, ૧૯/એ, હરિનગર સોસાયટી, હાઈવે, મહેસાણા-૩૮૪ ૦૦૨** સરનામે મોકલી આપવી. સરનામા વિનાની અને સમયથી મોડી આવેલ માર્કશીટ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. આ ઈનામી યોજના છે - સ્કોલરશીપ યોજના નથી. એવું સેતુ પરિવાર મહેસાણાની અખબારી યાદીમાં દર્શાવવામાં આવ્યું છે.